
પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥ ૨૩ ॥

ઓંકાર - નવકાર નમસ્કાર





એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો ।

મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં ॥

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પાટણનું ગૃહમંદિર તથા
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# ૐકાર મહામંત્ર



ૐ = અ + અ + આ + ઉ + મ

= આ + આ + ઉ + મ

= આ + ઉ + મ

= ઓમ્

= ૐ

ૐ = અ(અરિહંત) + અ(અશરીરી) + આ(આચાર્ય) + ઉ(ઉપાધ્યાય) + મ(મુનિ-સાધુ) = પંચ પરમેષ્ઠિ.

- ૐકારને મોક્ષરૂપી ફળ પણ કહ્યો છે.
- ૐકારના જાપથી પરમગતિ પ્રાપ્ત થાય છે.
- ૐકારના ધ્યાન-સ્મરણથી આત્મશક્તિ પ્રગટાવે છે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨૩ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

ॐ नमः


- **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

- **VOLUME - 23**

September 2019
300 Copies / 224 Pages
For Private Circulation only.

- **PUBLISHER**



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

- **SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

- **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

- **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


- **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.

ॐ नमः



# અપૂર્વ-અદ્‌ભૂત ચિંતનરહસ્યોનો રસથાળ...



પૂજ્યપાદ્ સાહેબજીના છેલ્લાં વર્ષોની એક ઘટના સ્મરણમાં આવે છે. વર્તમાનના ભક્તિયોગાચાર્ય ભગવંતશ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજા પૂજ્ય સાહેબજીને વંદન કરવા પાટણ આવ્યા, તે વખતે સાહેબની ઑરામાં જે ૪ પ્રકારની વાણીના ભાવો સહજ પ્રસર્યા હતા, તે જ ભાવો આ ડાયરીના એક પાનામાં આજે વાંચવા મળ્યાઃ (૧) પરાવાણીમાં શબ્દ વાચક અને અર્થ વાચ્ય સંયુક્ત દશામાં હોય છે. વાચક અને વાચ્યઅંશ સંયુક્ત રહે છે. આપણા ઘણા જ્ઞેયો પરાવાણીમાં જ ગુપ્ત રહે છે. (૨) જીવ જ્યારે વાચક શબ્દ અને વાચ્ય અર્થને બુદ્ધિમાં સમજી શકે, ત્યારે તે પશ્યંતીવાણી ગણાય છે. (૩) મધ્યમાવાણી આગળ વધીને પ્રાણના વેગથી વાણીના સ્થાનને અંદરથી ક્ષોભ આપે છે અને અર્થમય વિચારને જીવ અંદરથી ઉચ્ચરિત શબ્દના રૂપથી સમજે છે. (૪) મધ્યમાવાણી અંતઃસંજલ્પનું રૂપ બદલીને બહારનાં માણસ સમજી શકે તેવી વર્ણ-પદ અને વાક્યના રૂપમાં કંઠાદિ સ્થાનો સાથે અથડાઈ વૈખરીવાણી રૂપે બહાર આવે છે, જેમાં ઘોષ (નાદ) વેરાય છે કે પછી તે ખરે છે. આટલું કહી સ્નેહપૂર્વક ઉમેર્યું કેઃ 'આ ૪ ભાષાઓ ઉપર ઊંડુ અનુપ્રેક્ષણ કરજો.' જેનો ગૂઢાર્થ હતોઃ વૈખરીની ભૂમિકાને તમે પરાવાણી સુધી લઈ જવા પ્રયત્ન કરજો.

સાહેબજીએ પોતાની આગવી અનુપ્રેક્ષા દ્વારા અગ્રપૂજાના જે અપૂર્વ-અદ્‌ભૂત-અનુપમ ચિંતનરહસ્યો પ્રકટ કર્યા છે, તે સૌના આત્માને આંતરિક-શારીરિક પુષ્ટિ કરનાર બની રહેશે, જેમ કેઃ ગન્ધપૂજા આપણા પાર્થિવભાગની જડતાને, પુષ્પપૂજા આકાશભાગની જડતાને, ધૂપપૂજા વાયુભાગની જડતાને, દીપપૂજા તેજસભાગની જડતાને તથા સ્તોત્રપૂજા આપણા નાદભાગની જડતાને દૂર કરવા માટે છે.

ॐ नमः

સાહેબે પ્રતિષ્ઠા રહસ્યને જે પ્રગટ કર્યા છે, તે વાંચતા રોમાંચ થયા વિના ન રહે: 'સર્વ ગુણો વડે તે જ હું છું' એવા ભાવ પ્રત્યેક ભાવાત્મામાં જાગે, એ જ પ્રતિષ્ઠાનું પ્રયોજન છે. આ ભાવને યોગવિત્ પુરૂષો 'સમરસાપત્તિ' કહે છે. સમરસીભાવ સમતા -સમાપત્તિ-અભેદાદિ અનેક નામોથી ઓળખાય છે. એમાં સર્વ પ્રયોજનસિદ્ધિ છે. તે સર્વઅપાયોરહિતાત્મામાં સર્વમંત્રમહારાજા, સર્વસંગરહિત, પરમાનંદસ્વરૂપ થઈ રહે છે.

માયાને જીતવા એવી વિચારધારા ઉપયોગી નિવડે છે કે: આત્મદ્રષ્ટિથી સર્વને સરખા-સત્તાગત જોવા, વ્યવહારદ્રષ્ટિથી પોતાને નાનો જોવો. સર્વ જીવોને સત્તાએ શુદ્ધ સ્વરૂપી જોવાની ટેવ પાડવાથી ઉચ્ચકોટિની ચંદનગંધતુલ્ય ક્ષમા કેળવી શકાય છે. વળી એક વિશેષ ચિંતન નજરે ચડે છે: જે કર્મથી ચિત્તશુદ્ધિ થાય, તે ધાર્મિક તથા જે કર્મથી ચિત્તની અધોગતિ થાય, તે અધાર્મિક છે. સકામ બુદ્ધિથી કરેલા સર્વ કર્મો અધાર્મિક અને નિષ્કામ બુદ્ધિથી કરેલા દરેક કર્મો ધાર્મિક ગણાય છે. આનો આધાર કર્મના પ્રકાર ઉપર નથી પણ તે કયા હેતુથી કરાય છે, તેની ઉપર છે.

આવા તો અદ્‌ભૂત ભાવોથી ભરેલા, પૂર્વે કદાપિ ન સાંભળેલા અને વિવિધ પદાર્થો ઉપરની અનુપ્રેક્ષાઓથી ભાવિત એવા ચિંતનોનો ખજાનો 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ભાગો દ્વારા આપણા સુધી આવી રહ્યો છે, તે આપણો પુણ્યોદય છે.

સુઘડ રીતે અને સમયસર આવા ઉત્તમ સાહિત્યને આપણા સુધી પહોંચતું કરવામાં આર્થિક રીતે મહાનિમિત્ત બની રહ્યા છે મુંબઈના પરમ ગુરૂભકત **સી. કે. મહેતા**. જૈફ વયે અને સ્વાસ્થ્યની થોડી પ્રતિકૂળતા વચ્ચે ય આ અક્ષયપાત્રોનું નિત્ય વાંચન કરીને તેઓ પોતાનો આત્મિક પ્રાણવાયુ મેળવી રહ્યા છે. વળી રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધુ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**નો પરિશ્રમ પણ દાદ માંગી લે એવો છે કે જેમના ૨૪ કલાકની દરેક ક્ષણ સદ્‌ગુરૂના શબ્દદેહ સમક્ષ ભાવુકતા દ્વારા સુલીનતાને પામે છે અને તેથી જ દર મહિને આ નજરાણું યથાર્થ રીતે પ્રકટ થઈ શકે છે. આ ગુરુકૃપા નહીં તો બીજું શું છે?

સપ્ટેમ્બર, ૨૦૧૯
હાલાર તીર્થ, આરાધનાધામ.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

ॐ नमः

# મોક્ષના રાજમાર્ગ તરફ અંગૂલિનિર્દેશ...



પૂજ્ય ગુરુમહારાજ સાથેના અપાર સંભારણા છે. જેમ-જેમ તેઓ સમીપે હું રાજસ્થાનના ગ્રામ્યપ્રદેશોમાં રહેવા માંડ્યો, ઉત્તરોત્તર વધતો આદરભાવ અહોભાવમાં પરિણમ્યો. શાસ્ત્રસાપેક્ષ પદાર્થોનું પ્રતિપાદન કરવાની તેઓની વિશિષ્ટ શૈલી મને આકર્ષવા લાગી. રાણકપુરમાં તેઓએ વ્યાખ્યાનમાં જે રીતે ૪ માતાઓનું વર્ણન કર્યું, તે અવિસ્મરણીય રહ્યું છેઃ (૧) બાવન અક્ષરોની વર્ણમાતૃકા (૨) પૂણ્યમાતા નવકાર મહામંત્ર (૩) ધર્મમાતા અષ્ટપ્રવચનમાતા તથા (૪) ત્રિપદી ધ્યાનમાતા.

પ્રથમવાર મને થયું કે મારા જન્મદાતા સમરથમા તો દૈહિક માતા થયા, પણ આ ગુરુમાતાએ આત્માને પામવા ચતુર્માતાનું જે રીતિએ જ્ઞાન કરાવ્યું, તે અદ્ભૂત છે! હું જોતો કે આત્મોન્નતિ કાજે પોતે સખત પુરુષાર્થ કરતા પણ અન્ય જીવો પ્રત્યે તેઓ અત્યંત કોમળતા ધારણ કરતા. બિમારીમાં તેઓ નિર્ભયપણે કર્મ ખપાવતા. નિંદા સ્વની જ કરવી એવો વિવેક. નકારને નકારતા. દરેક આત્માને પોતાની સમાન જોતા. કોઈ પ્રત્યે ક્યારેય દ્વેષ ન કરતા. 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' દ્વારા જૂઓ, વીસમી સદીના આ મહાપુરુષ આપણને એકવીસમી સદીમાંયે અજન્મા થવા માટે મોક્ષના રાજમાર્ગ તરફ અંગૂલિનિર્દેશ કરી રહ્યા છે, તે આપણું પરમ સૌભાગ્ય છે.

એ સૌભાગ્યને હવે સાર્થક કરી શકીએ, એટલે ઘણું!

સપ્ટેમ્બર, ૨૦૧૯
મુંબઈ

સી. કે. મહેતા









સરસ્વતી સરસિજ કેસરપ્રભા
તપસ્વિની સિતકમલાસનપ્રિયા ।
શ્રુતજનની કમલવિલોલલોચના
મનસ્વિની ભવતુ વરપ્રસાદિની ॥

ॐ नमः

M.M. Imp.

જીવનમાં ૬ ઉપસર્ગોની પરંપરા આવી શકે:
(૧) આર્થિક કષ્ટ (૨) કૌટુંબિક કષ્ટ (૩) લોકનિંદાનું કષ્ટ
(૪) સુખ વખતે તૃષ્ણા - ગર્વ અને સ્વચ્છંદતાનો ઉપસર્ગ.
(૫) તપ - ક્રિયાનું અભિમાન (૬) અકાલૌત્સુક્ય.

(૧) સૌથી પહેલાં આર્થિક મુશ્કેલીઓના રૂપમાં ઉપસર્ગોની શરૂઆત થાય છે. દુનિયાના કહેવાતાં બધાં સુખો આર્થિક સત્તાથી જ મળતાં હોવાથી દ્રવ્યહીન મનુષ્ય બહુ ગભરાય છે. નીતિથી ન મળે તો તે અનીતિના માર્ગે પણ ખેંચાય છે કે આર્તધ્યાનમાં ડૂબી જાય છે. એનાથી બચવા મુશ્કેલીઓને પણ પ્રભુનું જ એક સ્વરૂપ સમજીને તે વિપતિઓને ય પ્રેમથી ભેટવું જોઈએ. આવા અટલ શ્રદ્ધાના પરિણામે તે આર્થિક મુશ્કેલીરૂપ વૈતરણીને સહીસલામત તરી જાય છે.

(૨) દરમ્યાન કૌટુંબિક મુશ્કેલીના રૂપમાં પ્રતિકૂળ પરિષહ પણ કસોટી માટે રાહ જોઈને તૈયાર બેઠો જ હોય છે. પિતા પરલોકવાસી થાય, પુત્રનો વિયોગ થાય, પત્નીની બિમારી થાય કે પછી નિષ્પ્રયોજન ક્લેશ-કંકાસ ઊભો થાય, બાહોશ માણસો પણ હતાશા-શોકમાં ગમગીન થઈ જાય. આ હતાશા-નિરાશા-દિલગીરી વગેરેથી બચવાને માટે પિતા, બંધુ, પુત્ર વગેરેના આત્માની અમરતા, આ જન્મના

સંબંધોનું ગુપ્ત કારણ વગેરે શોધવાથી 'સમતોલ વૃત્તિ' રૂપી મનનું અણમોલ રત્ન મળી આવે છે અને આ ઉપસર્ગની પણ પેલે પાર પહોંચી શકાય તેમ હોય છે.

(3) ત્યાં ત્રીજું 'લોકનિંદા' નામે મોટું વિઘ્ન આવી ઊભું રહે છે. પોતે ભલો, સરળ તથા નિર્દોષ હોવા છતાં આખી દુનિયા તેના ઉપર તિરસ્કાર-નિન્દાના અસ્ત્ર-શસ્ત્ર વડે તૂટી પડે છે. સદ્‌ગુણોને પ્રપંચ, નિખાલસ સરળતાને સ્વાર્થમય ઉશ્કેરણી, ભક્તિને પાખંડ, દાનને દંભ વગેરે કહી નિંદવામાં આવે છે, આત્મભોગને ઉદરપોષણનું તર્કટ કહી વગોવવામાં આવે છે. ખુદ તેના મિત્રો, સંબંધીઓ કે શિષ્યો પણ તેને છોડી દે છે અગર પ્રતિપક્ષમાં ભળી એના પર છૂપી રીતે જુલમ કરે છે.

કોઈ દિલાસો કે સહાય આપનાર મળતું નથી.
જ્યારે ઉપકારના બદલામાં પણ તિરસ્કાર મળે,
ત્યારે તે સહન કરવો કઠિન થઈ પડે છે.

આવા વખતે કાં તો દંભમાં ઉતરી વૈરવૃત્તિનો માર્ગ અખત્યાર કરવાનું અથવા ગુપચુપ બેસી રહેવાનું મન થાય છે. બાળકથી મૂર્ખ અને પોતે બહુ ચડિયાતો તથા ક્ષમાશીલ છે એવા માનસિક ભ્રમણમાં અટવાઈ જવાનું ય થઈ શકે.

એ ભ્રમણા એટલા માટે છે કે નિંદા કરનાર અને નિંદા સહનાર વચ્ચે તે વખતે બહુ મોટું અંતર હોતું નથી,

પરાર્ધ પગથિયાવાળા મહેલના પહેલાં કે બીજાં કે ત્રીજામાં પગથિયા ઉપર ઉભેલા મનુષ્યોના તફાવત જેટલો જ તફાવત રહેલ છે. સૌને મોક્ષમહેલમાં પહોંચવા પહેલાં પરાર્ધો પગથિયા ચઢવા બાકી છે. જે ક્ષણે સરસાઈનો મદ ચઢશે, તે જ ક્ષણે પ્રભુનો સંબંધ કપાશે અને એકડે એકથી શરૂ કરવાની સ્થિતિમાં બાળક મૂકાશે! એટલું ખરૂં કે બાળ એકડીયાના વિદ્યાર્થી કરતાં આ ફરીવાર શીખનાર વિદ્યાર્થી જલ્દી શીખશે, કેમકે ગઈકાલનું પરિશ્રમ કે પ્રાપ્તિ નિષ્ફળ જતા નથી.

આ ઉપસર્ગને જીતવા માટે

જેઓ દુનિયાની આ વર્તુળબંધ દબાઈ ન જતાં કુદરતે આપેલી બુદ્ધિ વડે અનેક દુનિયાઓ ઉત્પન્ન કરી તેમાં શાંતિ અને નિરાભિમાનિતારૂપી સુંદર સ્ત્રીઓ સાથે વસી શકે છે, તેઓ ખરેખર મોટાં ધન્યવાદને પાત્ર છે.

આ ઉપસર્ગમાંથી પાર ઉતરવા ઈચ્છનાર

દુનિયાને ભૂલ કરતી કોઈ અબુધ સમજે છે કે અહીં જ વધારે ક્ષમા, દયા, આત્મભોગ અને સેવાકાર્યની જરૂર છે.

'મારામાં આ બધા સદ્‌ગુણો ખીલે,
એ માટે જ આ સ્થિતિ વચ્ચે મને મૂકવામાં આવ્યો છે'
આવી શ્રદ્ધા અને દૃઢ ભાવના રાખવાથી
આ ઉપસર્ગ પણ જીતાઈ જાય છે.

(૪) સહવું અને ચાહવું - એ જ પ્રભુપ્રાપ્તિના ધોરીમાર્ગ છે.
ઝેરના કટોરા હસતે મુખડે પીવા અને
એ પાનારને ય પ્રસન્નતાથી અમૃત પીરસવું, એ જ પરિષહ અને ઉપસર્ગોને જીતવાના મુખ્ય સાધનો છે. પ્રતિકૂળ ઉપસર્ગો કરતાં પણ અનુકૂળ ઉપસર્ગો સહવા અને એમાંથી ય પાર ઉતરવું, એ પણ અતિ કપરું કાર્ય છે. દ્રવ્ય, કુટુંબ, કીર્તિ, આરોગ્ય, સત્તા અને સંપત્તિ વખતે ઘણા તો તેને ભોગવવામાં જ લીન થઈ જાય અને પ્રભુનો વિચાર પણ મનમાંથી ભૂલાઈ જાય છે. તેની જાગ્રત અવસ્થા ચાલી જાય અને જીવન ઘેનમાં જ પસાર થઈ જાય છે. પ્રગટ દુશ્મન સામે લડવું સહેલ છે, પણ મિત્રના વેષમાં છુપા દુશ્મનથી બચવું કઠિન છે. તીખી તરવારના ઘા સહવા હજુ ય સહેલા છે, પણ કુસુમબાણના ઘા અતિ દુષ્કર છે. નિર્ધનતા સહવી સહેલી છે, કિન્તુ સાધનસંપન્ન દશામાં તૃષ્ણા, અભિમાન અને ઇંદ્રિયોની સ્વચ્છંદતા ઉપર અંકુશ મૂકવો કઠણ છે. દેશપારની સજા સહવી સહેલી છે, પણ દેશપાલકનું બિરુદ મેળવીને નિરભિમાન રહેવું મુશ્કેલ છે.

(૫) એ બધા બાહ્યપદાર્થો અને ઔદયિક ભાવોનો ગર્વ જ્ઞાન અને ક્રિયાના બળથી હજુ જીતી શકાય છે, પણ એ

જ્ઞાન અને ક્રિયાનું અભિમાન ગાળવું એ પણ દુષ્કર છે.
ત્યાં પ્રભુકૃપા વિના બીજો કોઈ આધાર રહેતો જ નથી.
આત્મકૃપા, ગુરુકૃપા અને દેવકૃપા - એ ત્રણે કૃપા મળે
તો જ એ બધાં અનુકૂળ પરિષહોનો વિજય થઈ શકે છે.
(૬) છેલ્લો અને સૌથી કઠિન ઉપસર્ગ છે કાળના વિલંબનો.
જ્યાં સુધી શ્રદ્ધા પરિપૂર્ણ બની નથી, શંકાનો લેશ રહેશે.
એ જાતની ઉત્સુકતા સૌથી મોટું વિઘ્ન છે કે:
શારીરિક-માનસિક અનુકૂળતા-પ્રતિકૂળતાઓને સહેવા છતાં
હજુ આત્મશાંતિ પ્રાપ્ત કેમ થતી નથી?
પ્રભુની, ગુરુ કે આત્માની કૃપાનો અનુભવ કેમ થતો નથી?
એ ઉત્સુકતા અને ઈચ્છા પણ જ્યારે ગળાઈ જાય છે,
ત્યારે જ આત્મસિદ્ધિની ટોચે પહોંચી શકાય છે.
કુળ સંબંધી સઘળી લાલસાઓની પેલી પાર જ્યારે જીવ
પહોંચીને પ્રભુ ખાતર જ પ્રભુ પર પ્રેમ પ્રગટાવવા ટકી રહી
તેમાં જ કર્તવ્યની ઈતિ સમાપ્તિ માનવાની વૃત્તિ સુદૃઢ કરે,
ત્યારે જ સાધકને આત્મદર્શનનો આનંદ અનુભવાય છે.
આમ 'પ્રભુનું પ્રથમ સ્વરૂપ પરિષહો છે અને છેલ્લું
સ્વરૂપ આનંદમય છે' એમ જેઓ સમજી શકે છે,
તેઓ જ ભગવાનના માર્ગે અવિરત પ્રયાણ કરી શકે છે.

## પ્રભુનો કૃપાપાત્ર

પ્રતિકૂળ પરિસ્થિતિ પોતે જ પ્રભુ છે.
અનુકૂળ પરિસ્થિતિ લાભ અને પ્રેમની કસોટી છે.
પ્રભુની શક્તિ જેટલી જ અગાધ પ્રભુની દયા છે.
પ્રભુપ્રાપ્તિનો ઉપાય યોગ્યતાની વૃદ્ધિ છે.

માત્ર આત્મસુધારણા ખાતર જેઓ પ્રભુના શબ્દોનાં સંગ્રહરૂપ શાસ્ત્રોને સાંભળે છે, તેઓ જ પ્રભુની કૃપા મેળવી શકે છે પણ પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલ્યા વગર જ જેઓ પ્રભુના શબ્દો પર તર્ક કરવા લાગે, તેઓ પ્રભુ-દર્શનના અધિકારી બની શકતા નથી. પ્રભુની આજ્ઞાના પાલનને જ પોતાનું કર્તવ્ય માનનાર ભગવાનનો સાચો સેવક બની શકે છે. શાસ્ત્રવિશારદો અને મહાન તત્ત્વવેત્તાઓ કરતાં પ્રભુ આજ્ઞા મુજબ ચાલનારો શ્રદ્ધાળુ ભક્ત જ પ્રભુનો સાચો કૃપાપાત્ર બની શકતો રહ્યો છે.

## અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગો જીતવાનો ઉપાય

પ્રતિકૂળ ઉપસર્ગો ધૈર્યથી જીતાય છે.
ધૈર્ય સત્ક્રિયાને પુષ્ટ કરે છે.
અનુકૂળ ઉપસર્ગો વૈરાગ્યથી જીતાય છે.
વૈરાગ્ય વડે લાભ સમ્યગ્ બને છે.

જ્ઞાનની યથાર્થતાની કસોટી વૈરાગ્ય છે.
ક્રિયાની શુદ્ધિની કસોટી મૈત્રી છે. વૈરાગ્ય જ્ઞાનરૂપ છે,
મૈત્રીનો સ્વીકાર અને વિષયોનો વૈરાગ્ય એ મોક્ષમાર્ગ છે.
મૈત્રી અને વૈરાગ્યનો અહંકાર ન થાય તે ખાતર પણ
પ્રભુની ભક્તિ આવશ્યક છે.

ભક્તિ એ ક્રિયા અને જ્ઞાનના આગ્રહને રોકે છે અને
મૈત્રી અને વૈરાગ્યના અહંકારને તોડે છે, કેમકે જ્ઞાન, મૈત્રી,
ક્રિયા અને વૈરાગ્ય જેમાં પ્રકર્ષને પામેલા છે, તે પ્રભુ
અહંકારરહિત છે. તેમના પ્રત્યેની ભક્તિ જ નિરહંકારિતા
અને નિરભિમાનિતાને લાવનારી બને છે. મન-વચન-કાયાથી
તેમના વિચાર-વર્તન-વાણીને અનુસરવું તે સાચી ભક્તિ છે.

સંસારનું સુખ ખરેખર સુખ નહિ, પણ
દુઃખનું જ બીજું નામ છે.
સુખમાં વૈરાગ્ય અને દુઃખમાં મૈત્રી
એ સુખ અને દુઃખને જીતી જવાના ઉપાય છે.
દુઃખને સહવા માટે દુઃખ આપનાર પ્રત્યે મૈત્રી જોઈશે.
સુખને દમવા માટે સુખનાં સાધનો પ્રત્યે વૈરાગ્ય જોઈશે.
સુખનો હેતુ ધર્મ અને દુઃખનું મૂળ પાપ છે.
એ પાપથી બચવા માટે હૃદયમાં સૌ પ્રથમ ભક્તિ જોઈશે.

ॐ नमः

પદ્મખોહાની હૃદયગુફામાં યોગાનુભવ

મને કોઈ કે'તું જ્ઞાન ખોટું, તે તો મેં હવે જાણ્યું.
મને કોઈ કે'તું જ્ઞાન સાચું, તે પણ મેં હવે જાણ્યું.
કદી ખોટું તો મારે શું? કદી સાચું તો મારે શું?
નહિ પાતું - નહિ જાતું, હું માં હું સમાયો છું.
અખંડ આ સ્થિર જ્યોતિમાં, નહિ પાતું - નહિ જાતું.

આત્મશક્તિ

अहोऽनन्तवीर्योऽयमात्मा विश्वप्रकाशकः ।
त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः ॥

અર્થ: આશ્ચર્ય છે કે વિશ્વને પ્રકાશિત કરનાર
અનંત વીર્યવાન એવો આ આત્મા જ
ધ્યાનની શક્તિના પ્રભાવથી આ ત્રણે લોકને ચલાવે છે.

o

Instead of becoming too much subjective,
let us become truly objective,
let anekantvad or syadvad be our motto.
In me there shines the soul of whole,
Encentring and encircling all,
Between god and man there is no wall
Effect and cause in me e'er roll.

## અહિંસા, સત્ય અને બ્રહ્મચર્ય

'અહિંસા'નો અર્થ ન મારવું એટલો જ મર્યાદિત નથી, કિન્તુ બધા જ જીવો પ્રત્યે સહાનુભૂતિ, પ્રેમ, કરુણા અને મન-વચન-કાયા વડે બધાનું ભલું કરવાની ભાવનાનો સમાવેશ આ એક નાનકડા 'અહિંસા' શબ્દમાં થાય છે.

'સત્ય' એટલે અનેકાન્ત અને 'બ્રહ્મચર્ય' એટલે વિશ્વ સમસ્તને કુટુંબ માનીને એમાં વિચરણ કરવું.

એ રીતે અહિંસા, સત્ય અને બ્રહ્મચર્ય-
એ ત્રણે એક જ વિચારનાં ત્રણ સ્વરૂપો છે.

જાગતો એક આત્મા સૂતેલા સેંકડો આત્માઓની રક્ષા કરવાની સાથે તેમને જગાડવામાં સફળ પણ થાય છે.

ભાવનાં સાગરના મીઠા જળમાં વિચરનારી ભવસાગરના ખારા જળમાં એક ક્ષણ વાર પણ ઠરીને રહી શકતી નથી.

આર્તધ્યાનની આગ અને રૌદ્રધ્યાનનો તો જ્વાળામુખી રહેલ છે. તેને શમાવવાના સાધનો દાન અને દયા છે.

સર્વમાં શુદ્ધભાવ અને સદ્ભાવ રાખવો એ મહાન તપ છે.

સર્વમાં ભગવાનને જોશો, તો જ વાસનાનો નાશ થશે.

જ્યારે મનુષ્યમાં રહેલ સર્વ કામવાસનાઓ છૂટી જાય છે,
ત્યારે જ તે મનુષ્ય અમર થાય છે.

## માયાશક્તિ - એક મોટો કષાય

માયાની બે શક્તિઓ : વિક્ષેપ શક્તિ - આવરણ શક્તિ.
ઈશ્વર વિના બીજું દેખાય એ માયાની વિક્ષેપ શક્તિ છે.
અને સર્વ જગમાં હોવા છતાં પણ ઈશ્વર દેખાતા નથી,
તે માયાની આવરણ શક્તિ કહેવાય છે.

વિક્ષેપ = ન હોવા છતાં એ દેખાય તે.
આવરણ = હોવા છતાં એ ન દેખાય તે.

માયાની બંને શક્તિનું કાર્ય શું?

આવરણ શક્તિ પરમાત્માને ઢાંકે છે, જ્યારે
વિક્ષેપ શક્તિ ઈશ્વરમાં જગતનો ભાસ કરાવે છે.

અંધારામાં ન હોય તે દેખાય - હોય તે ન દેખાય. માટે માયાની
ચર્ચા ન કરતાં માયાપતિની ભક્તિ કરવી જ હિતકર છે.
માયા એ પાપ છે. પાપની મા મમતા, પાપનો બાપ લોભ.
વનવાસ એ તો તપ છે. તપ ન કરે તેનું પતન થાય છે.
વનવાસ વિના જીવનમાં પ્રેમની સુવાસ આવતી નથી.
પ્રેમમાં પક્ષપાત હોય જ છે.
ચૈતન્ય અને અહંકારનું સંયોજન એટલે જગ.
જગમાં મુખ્ય વસ્તુ અહંકાર છે.
અહંકાર વસ્તુનો નહિ પણ પોતાનો જ રાખવો જોઈએ.

વસ્તુનો અહંકાર મદરૂપ, આત્માનો અહંકાર ચિન્મયરૂપ છે.
દૌર્બલ્ય ઢાંકવા માટે નમ્રતાને આભાસ કદી ન કરવું,
પોતાને અનાથ સમજવો એ તો પ્રભુનું અપમાન છે.

## <u>શ્રવણની સાધના</u>

<u>નીચેની પ્રાર્થના સાથે શાસ્ત્રોને વાંચો:</u>

'હું <u>બ્રહ્મ છું. પ્રભુ મોટું પૂર્ણ અને હું નાનું પૂર્ણ</u> છું.'

બ્રહ્મ એ કાંઈ જોવાની વસ્તુ નથી,
બ્રહ્મ એ તો સમજવાની વસ્તુ છે, સાંભળવાની વસ્તુ છે.
ઘણાવખત સાંભળવાથી જ નર નારાયણ થઈ જાય છે.
આમ શ્રવણનું મહત્વ ઘણું છે.
તોફાની બળદનો કાન તે ડહાપણથી જ પકડવામાં આવે છે.
શ્રવણથી સંસ્કાર પડે છે, ક્રૂરતા અને પાપ પણ જાય છે.
શાસ્ત્ર એ તો સિંહણનું દૂધ છે, તેથી ફક્ત સોનાના પાત્રમાં જ રહી શકે. બુદ્ધિ પણ શ્રવણથી જ તીક્ષ્ણ બને છે.
શબ્દને કાનમાં સાંભળવો એ કર્ણસાધના છે.
હું તારો છું = પ્રીતિ, તું મારો છે = ભક્તિની સાધના છે.
એ પછી જ કાનમાં ઘંટરૂપી ધ્વનિ પ્રગટે છે.
વૈરાગ્ય એ પ્રભુપ્રેમની ઉદાર અવસ્થા છે.
વિચાર અને વિવેક એ મનનું કાર્ય છે.

ॐ नमः

## ભવ અને ભાવ

'ભવ' એટલે સ્વાર્થ. 'ભાવ' એટલે પરમાર્થ.

ભવનો નિષેધ તે ભાવના.

જેના ભાવ સારા, તેના ભવ ઓછા.

જેના ભાવ માઠા, તેના ભવ ઝાઝા.

શુભભાવથી ભવ કપાય અને ઇષ્ટ સ્થાને પહોંચી શકાય છે.
ભક્તિ સ્થિરતા જન્માવે છે, શક્તિ અસ્થિરતા પેદા કરે છે.

## પ્રિય અને પથ્ય સત્ય

सत्येन धार्यते पृथ्वी सत्येन तपते रविः ।
सत्येन वाति वायुश्च सर्वं सत्ये प्रतिष्ठितम् ॥

અર્થાત્: સત્યથી પૃથ્વી ધારણ કરાય છે. સત્ય વડે સૂર્ય તપે અને વાયુ વાય છે. બધું સત્યમાં જ રહેલું છે.

सुलभाः पुरुषा राजन् सततं प्रियवादिनः ।
अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः ॥

અર્થાત્: હે રાજન્! સતત પ્રિય બોલનારા સુલભ છે, પરંતુ અપ્રિય અને પથ્ય બોલનાર તથા સાંભળનાર દુર્લભ છે.

Eloquence is the art of saying things in such a way that those to whom we speak may listen to them with pleasure.

મનુષ્ય પ્રકૃતિ મૂળ પાપ છે,
તેથી તેમાં પાપ જોઈને ખીજા નહિ, પુણ્ય જોઈને રાજી થા.
પાપ અને પુણ્યની જેમ પવિત્રતા અને પામરતાને વિરોધ છે.
મોત દેખાય ત્યારે મનબળાઓ સાવધ રહેવું જ જોઈએ.
નેત્રો બંધ કરી, ચિત્તની સમગ્ર વૃત્તિઓને કેન્દ્રિત કરી
તેણે નવકાર મહામંત્રના ધ્યાનમાં નિમગ્ન થવું જોઈએ.

નમો | negative - Passive
अरिहंताणं | Positive - Active

આત્મપ્રકાશમાં ભૂતપૂર્વની સ્મૃતિ અને
વર્તમાનની ઉપલબ્ધિ બે મળીને કામ કરે છે.
અનુભવની સાથે સ્મૃતિની પણ તેટલી જ આવશ્યકતા છે.

<u>ચાર ભાવના</u>

अवधत्से कथं मूढ! ललनाललितं मनः ।
मैत्र्यादिषु तथा देहि विधेहि हितमात्मनः ॥
मैत्र्यादिवासनामोदसुरभीकृतदिङ्मुखम् ।
पुमांसं ध्रुवमाशान्ति सिद्धिशृंगांगनाः स्वयं ॥
औदासिन्योल्लसन्मैत्रीपवित्रं वीतसंभ्रमम् ।
कोपादिव विमुंचंति स्वयं कर्माणि पूरुषं ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

શાંત પાણી નિર્મળ અને સ્વચ્છ હોય તો મનુષ્ય એમાં પોતાનું પ્રતિબિંબ જોઈ શકે છે, તેમ શાંત મનમાં સ્વભાવના હિતાહિતને યથાર્થ સ્વરૂપે જાણી શકાય છે. કામ = પાણીમાં કાળો રંગ. ક્રોધ = ગરમ કે ઉકળતું પાણી. આલસ્ય = પાણી ઉપર સેવાળ. ભય = પાણી હાલવા માંડે તે.

સંશય = પાણીને ડહોળવામાં આવે તે.

## શરણાગતિ

શરણ એટલે આશ્રય. કોઈનો આશરો લેવો તે શરણાગતિ. પોતે હવે પોતાને માટે કાંઈપણ કરી શકે એમ નથી, એમ જાણતાં અન્યનું શરણ સ્વીકારવું, તે શરણાગતિ.

જે સમર્થ હોય તેનું જ શરણું લેવું જોઈએ.

'અહં' જીવન ચલાવનાર પણ છે અને

ઈશ્વરાનુભૂતિમાં આડે આવનાર પણ છે.

શરણાગતિ વિનાનું જીવન જ્ઞાનીનું હો કે ભક્તનું પણ શુષ્ક અને રૂક્ષ બની જાય છે. પરમાત્મા રસસ્વરૂપ છે.

તેનો આનંદ શરણાગતિથી જ માણી શકાય છે.

હું કર્તા, આ મારું, આ પારકું, આ સારું, આ ખરાબ વગેરે ભાવનામય અવસ્થા કાં તો અહમાત્મક કે દ્વંદ્વાત્મક હોય છે, ત્યાં સુધી કોઈનું શરણ સ્વીકારી શકાતું નથી, કારણ કે

ત્યાં સુધી પોતાના અહં ઉપર જ મદાર બાંધતો રહે છે. ભક્ત અને જ્ઞાનીનું ઘૂંઘળું એક સૂક્ષ્મ પડદારૂપ છે. તે મિટાવવા સાચા દિલની પૂર્ણ શરણાગતિ આવશ્યક છે. એ માટે આત્મનિરીક્ષણ વધારવું જોઈએ તથા કામ, ક્રોધ, લોભ, મોહ અને મદ-મત્સર ઘટાડવા જોઈએ. આમ કરતાં અંતઃકરણ શુદ્ધિ થાય પછી જ સત્ય સમજાય છે. 'આમ કરવું જોઈએ' 'તેમ ન કરું તો ખોટું થાય,' 'મને પાપ લાગે,' 'શાસ્ત્રો આમ કહે છે' આદિ અહંજન્ય વાતો છે, પંડિતાઈની વાતો છે, પૂર્વગ્રહવાળું વર્તન છે. અહં છૂટે, પછી જ જીવ પોતાનું અસ્તિત્વ પરમાત્મામાં સમાવી શકે છે. અહંને પીગળાવવા હૃદયને સરળ, પ્રેમાળ બનાવવું જોઈએ તથા પોતાના અને પારકાના ભેદને ઘટાડવા જોઈએ. એવે વખતે સાધકનું મન જ દુશ્મન બની વિચારે કે આટલું બધું કેમ થાય? વિપરીત કલ્પના, શંકાદિ પેદા કરે અને પરિણામના ભયે જીવન થંભાવી દેવા પ્રયત્ન કરે છે, જેથી પશુવૃત્તિઓને સંતોષી શકે અને બેલગામ વર્તી શકે.

પાણી માટે જેમ ગબડવું કે નીચે વહેવું એમ સહેલું છે,
તેમ માનવીના મન માટે પણ
વિષયાધીન બનીને તેમાં જ રાચવું અતિ સુગમ છે.

પાણીને ઉપર ચઢાવવું હોય તો પંપ વતી ઉપર ધકેલવું પડે છે,
તેમ મનનું પણ છે. મનની દરેક વૃત્તિ અને લાગણીને
સતત તપાસતાં રહેવાય તો જ તેને ધીમે ધીમે કાબુમાં
લેવાય અને વિષયમાંથી ઊંચી પરમાત્મામાં જોડી શકાય છે.

મનને કાબુમાં લેવા ૩ કૃપા જરૂરી

આત્મકૃપા = જાતનું ઉંચે જવાનું સતત જાગૃત વલણ.
ગુરૂકૃપા = તે માર્ગે આગળ વધેલાનું માર્ગદર્શન.
ઈશ્વરકૃપા = જ્યાં બંને કૃપા નિષ્ફળ નીવડે,
ત્યાં પ્રાર્થના અને શરણાગતિનો સ્વીકાર.

'હું કાંઈ નથી, બધું પરમાત્માનું છે.
હું પણ તેનો જ છું. તે રાખે તેમ રહું, તે કરાવે તે કરું.'
આવા ભાવની ભાવના જો સતત અને દૃઢ બની રહે,
ત્યારે ઈશ્વરકૃપા સહજ બને છે.

પૂર્વેના બધા જ મહાન ભક્તો અને વિરલ વિભૂતિઓએ
આ સ્થિતિનો અનુભવ કરેલ છે અને તે પરાકાષ્ઠાએ
પહોંચીને ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરેલ છે. પરમાત્મા સૌને
એ સ્થિતિ પ્રાપ્ત કરવાને લાયક બનવાની તાકાત આપો,
કારણકે
તે સ્થિતિમાં ભક્ત પોતે જ ભગવાન બની જાય છે.

સંતનું ભ્રુકુટિ અતિસૂક્ષ્મશક્તિ છે, તેથી જ સ્વતંત્ર રહેશો
નહિ પણ સંતને આધીન રહેજો. તેઓ ઉપદેશે છે કે:

o જેમ સજ્જનમાં, તેમ દુર્જનમાં પણ ઈશ્વરને જુઓ.

o પ્રેમ કે માન માગશો નહિ, તે બંને બીજાને આપજો.

o આત્માનો આરામ ભોગમાં નહિ પણ ત્યાગમાં છે.

o એકાગ્રતામાં રહેલા આનંદને મેળવવા તપસ્યા કરો.

o કામ કરો અને રામ ભજો. સાત્ત્વિક આહાર લીધા વિના
રામ ભજવાની કે ક્રિયા કરવાની શક્તિ આવતી નથી.

o બ્રહ્મને મેળવવા માટે પંચેન્દ્રિયોનું ઉદાત્તીકરણ કરો.
પ્રત્યેક ઇંદ્રિયની પાછળ ઈશશક્તિ છે, તેનું sublimation
કરવામાં આવે તો આ જ દેહે પ્રભુની અનુભૂતિ થઈ શકે.

જીવ બ્રહ્મથી સ્વતંત્ર નથી,
તેથી જીવ જ્ઞાતા અને પ્રભુ જ્ઞેય થઈ શકતાં નથી.
જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયની એકતા, ત્યાં બ્રહ્મજ્ઞાન જાણવું.

o બુદ્ધિથી પણ પર એક તત્ત્વ છે,
જેને સમજવાની શક્તિ બુદ્ધિની નથી.
બુદ્ધિને એક મર્યાદા છે. તે સારું અને ખરાબનો નિર્ણય આપે
પણ પોતાના સર્જક વિશેની માહિતી આપી શકતી નથી.

o

અધ્યાત્મ એટલે Sleepless sleep.

## કૃતજ્ઞતા અને પરોપકાર

ઢાલ એક અને બાજુ બે - કૃતજ્ઞતા અને પરોપકાર. કૂવો પોતે અંધકારમાં રહી પોતાના થોડા પાણીમાંથી પણ જગતની તૃષાને છીપાવે છે, તો તેનું પાણી અખૂટ બને છે. પત્થર સ્વચ્છ જળથી ભરેલા સરોવરમાં નાંખવામાં આવે તો પાણી ડહોળું થાય તેમાં પત્થરનો અપરાધ નહિ પણ ઉપકાર છે કે અંદરનો કચરો દેખાડી સ્વચ્છતાના આડંબરને પ્રગટ કરે છે.

## મંત્રજાપનો મહિમા

'ૐ હ્રીં નમઃ' મંત્રના ૧ ક્રોડ જાપ જીવનમાં કરવા. મંત્રજાપથી પ્રભુ જ શ્રદ્ધાને પાળે, પોષે અને વૃદ્ધિ કરે છે.

જ્યાં શ્રદ્ધા હોય, ત્યાં નમ્રતા હોય છે.

જેમ અન્નનો પ્રત્યેક ગ્રાસ ક્ષુધાનિવૃત્તિ, દેહેન્દ્રિયપુષ્ટિ અને સ્વાદનું સુખ આપે છે, તેમ મંત્રજાપ ભક્તિરૂપમાં અનિત્ય-વિષય-ભોગ-વૈરાગ્ય, નિત્ય ચિદાનંદસ્વરૂપ પરમાત્મસ્વરૂપ અનુભૂતિ અને તજ્જનિત અતીન્દ્રિય સુખાસ્વાદનો વિસ્તાર કરે છે. ભોજનના ફળસ્વરૂપ પ્રત્યેક ગ્રાસમાં ક્ષુધાનિવૃત્તિ અને દેહપુષ્ટિ રહેલા છે તથા તે બધા અનેક ગ્રાસોના ફળસંચિત બાદ જણાય છે, તેમ નામજપનું આશ્ચર્યજનક ફળ દીર્ઘકાળના નિરંતર સાધનથી શુદ્ધ થયેલ અંતઃકરણમાં પ્રતિભાસિત થાય છે.

હૃદય અને બુદ્ધિ સ્વચ્છ થયા પછી જ નામની અંદર
રહેલ અચિન્ત્ય ભાવસંપત્તિનો આસ્વાદ માણી શકાય છે.

નામમાં અક્ષરબુદ્ધિ રાખવી એ મોટો અપરાધ છે.

નામનિહિતશક્તિ અદ્ભુત હોય છે. તે સાધકની અંદર
જ્ઞાન, ભાવ, રસ આદિ ઐશ્વર્યોને સ્વયં પ્રગટ કરે છે.
સર્વાંગીણ કલ્યાણ પર પહોંચવા માટે જે જે વસ્તુઓનું
પ્રયોજન છે, તે બધા જ નામસાધનાથી સુલભ થાય છે.
પ્રભુનું નિત્ય, નિરંતર અને પ્રેમપૂર્વકનું નામસ્મરણ-
ચિન્તન-નિદિધ્યાસન સાધકનું અભીષ્ટ બનવું જોઈએ.
કંચન જેવી પ્યાર નામ ઉપર અને કામીનાં કામિની પ્રત્યેના
ભાવ જેવો ભાવ નામ-રૂપ ઉપર સ્થિર થવો જોઈએ.

નિરન્તરનો નામજપ એ પ્રકૃષ્ટ સાધન છે.

નામના વાસ્તવિક અર્થનો પરિચય પ્રાપ્ત કરવા નિત્ય
નિરંતર ચિન્તનશીલ ચિત્તથી નામની સેવા કરવી જરૂરી છે.
નામના અર્થને સમજવો = નામીના સ્વરૂપની ઉપલબ્ધિ કરવી.
પ્રભુને પીછાણવાથી નામનિષ્ઠા થાય છે. નામનો પ્રત્યેક
અક્ષર-માત્રા ચિન્મય છે, તેથી સાધકે પ્રારંભથી જ નામને
ચિન્મય, અચિન્ત્ય શક્તિસમ્પન્ન અને ભગવાનની સાથે
સ્વરૂપથી અભિન્ન તરીકે માનીને જ સાધના કરવી જોઈએ.

## લાભ, પ્રેમ અને લાચારી

વ્યવહારમાં જેને 'લાભ' અને 'પ્રેમ' કહેવામાં આવે છે, તેને અધ્યાત્મમાં 'લાચારી' કહે છે અને વ્યવહારમાં જેને 'લાચારી' કહે છે, તેને અધ્યાત્મમાં 'લાભ' અને 'પ્રેમ' કહે છે. પ્રાણીમાત્રમાં રહેલા આત્મા સાથે પોતાની એકતા કોઈ પ્રાણીમાત્ર પ્રત્યે સમબુદ્ધિ, સમષ્ટિ અને સર્વાત્મભાવની દૃઢતા કરવી, એને જ ખરી 'ઈશ્વરભક્તિ' કહેવાય છે.

## સત્યાગ્રહ મધ્યસ્થવૃત્તિ

સંસારમાં જુદી જુદી જાતના જેટલા પણ વિચારો છે, તેના ટક્કર લેવાને બદલે તેમાં જે જે સત્યના અંશ છે, તેને ગ્રહણ કરવા. આગ્રહમાં કાંઈને કાંઈ હિંસા રહેલી જ છે.

ધર્મનો મુખ્ય સિદ્ધાંત અહિંસાનો છે.
જ્યાં જેટલો આગ્રહ, ત્યાં તેટલી હિંસા.
જેઓ સત્યને સમજવા તત્પર ન હોય,
તેને માટે રાહ જોવી અનિવાર્ય છે.

o સંસારનો કદી વિશ્વાસ ન કરો.
પરમાત્માનો કદી અવિશ્વાસ ન કરો.

o

The greatest sin is ignorance
of our oneness with Him.

ॐ नमः

## અસાર સંસાર એટલે શું?

'સંસારને અસાર માનવો' એટલે સંસારના સુખમાં આસ્થા કે આશા ન રાખવી, એમાં અભિમાન કે મમતા ન કરવી, પરન્તુ તેને સાધનાની સામગ્રી માની તે દ્વારા સમસ્ત પ્રાણીગણમાં બિરાજમાન પોતાના આત્માની સેવા કરવી. દરેક પરિસ્થિતિમાં પોતાના આત્માનું સ્મરણ કરતા રહી આત્માના જ પ્રેમમાં નિશ-દિન અનવરત નિમગ્ન રહેવું.

## કર્તવ્યપાલન

સર્વ પણ શુભ કર્મ પ્રભુની આજ્ઞાના પાલનરૂપે કરવું, ફળની ઇચ્છાથી નહિ. ફળ તો આપણને અપરંપાર મળ્યું છે, તેનો પ્રભુની આજ્ઞાપાલનમાં સદુપયોગ કરવો તે કર્તવ્ય.

## પ્રભુ અને આત્મા જુદા નથી.

પ્રભુની આજ્ઞાના પાલનથી આત્માની પ્રસન્નતા થાય છે.

પોતાના સાધના કર્તવ્ય ઉપર દૃષ્ટિ રાખનારો પોતાના કર્તવ્યનું પાલન કરી શકતો નથી એટલું જ નહિ પરંતુ ક્લેશ અને અશાંતિથી પણ બચી શકતો નથી. જેમ પ્રતિકૂળ પરિસ્થિતિની કોઈ યાચના કરતું જ નથી છતાં પણ તે અવશ્ય આવે છે, તેમ અનુકૂળ પરિસ્થિતિ પણ માત્ર ઇચ્છવાથી નહિ, કિન્તુ નિયમાનુસાર આવે છે.

ધર્મ એ પ્રેમ છે. નિષ્કામ ભક્તને પ્રેમ સામે પ્રેમ મળે છે.
પરમાત્માની નિષ્કામ ઉપાસનાનું ફળ ઉપાસકને
ઉપાસ્ય તદ્રૂપ ઉપાસનારૂપે મળે છે, એ રહસ્ય છે.
તમોગુણ પ્રકારના આરાધનાનું અભિમાન પણ ઘણાં
બધા પ્રકારની બુરાઈઓને ઉત્પન્ન કરી શકે એમ છે.

## સ્મરણ - વિસ્મરણ

સર્વ દુઃખનું ઔષધ વિસ્મરણ છે અને
વિસ્મરણનું મુખ્ય સાધન કાળવિલંબ જ છે.
સમય એ સર્વોપરી સાધન છે, એ શક્તિ આપે છે કે જેથી
મનનો ભાર હળવો થાય અને દુર્ભાવ આપોઆપ દૂર થાય.
સમય એ દુઃખ-સંતાપને મિટાવવાની અકસીર ઔષધિ છે.
સમય એ કુદરતની અપૂર્વ દેન છે.
સ્મરણશક્તિ કરતાં વિસ્મરણશક્તિ વધુ આશીર્વાદરૂપ છે.
સ્મરણ સુખનું કરો, દુઃખનું નહિ.
વિસ્મરણ દુઃખનું કરો, સુખનું નહિ.

o જેમ વયસ્કના મોમાં એક પણ દાંત નહિ અને
માથા ઉપર એકે ય વાળ નહિ, તેમ
બાળકના મોમાં પણ એકે દાંત નહિ અને એકે ય વાળ નહિ.
બાહ્ય રીતે બંને સમાન દેખાય છે, અંદરથી મોટું અંતર છે.

ચૈત્ર સુદ ૧૩

## ભગવાન મહાવીરની અહિંસા અને સત્ય

ઈતિહાસમાં ભગવાન મહાવીર જેવા આનંદસ્વરૂપ કોઈ થયા નથી. તેમનો જન્મ આત્માના વિકાસ માટે થયો હતો.

ભગવાન મહાવીરે જે છોડ્યું એ નહિ,
પણ જે મેળવ્યું તે મહત્વનું છે.

તેમણે જે દુઃખ ભોગવ્યું તે નહીં, આનંદ મેળવ્યો તે મહત્વનો છે. તેઓ ન તો રાગી હતા - ન વિરાગી હતા, પરંતુ રાગ-વિરાગ ઉભયને છોડી પરમ ચૈતન્યનો અનુભવ કરનારા હતા. પ્રભુનો ભાર અહિંસા ઉપર નહિ, આત્મભોગ ઉપર હતો. જે આત્માથી પરિચિત ન હોય, તે અહિંસક ન હોઈ શકે.

હિંસા છોડવા માત્રથી અહિંસા આવતી નથી,
પણ તે આત્મમય થઈ જવાથી આવે છે.
આત્માને જાણવાનો અર્થ વિચારો કરવા તે નથી,
પરંતુ નિર્વિચાર થઈને સત્ય પાસે પહોંચવું તે છે.

વિચારો કરવાથી કદાપિ સત્ય પાસે પહોંચી શકાતું નથી.

o ચક્ષુથી બહારના અને વર્તમાનકાળના પદાર્થ દેખાય, ઈતિહાસથી ભૂતકાળના, જ્યોતિષથી ભવિષ્યકાળના પરન્તુ પ્રભુકથિત આગમથી ત્રણે કાળના પદાર્થ જાણી શકાય છે.

o ગુપ્તદાન - સુપાત્રદાન પુણ્ય લક્ષ્મીને સદા ટકાવનાર છે.

o પાંચ ઈન્દ્રિયોનો સંયમ એ વિકાસનો મુખ્ય પાયો છે.

o અર્થ અને કામ એ બંને કાજળનો ચાંલ્લો છે, જ્યારે ધર્મ અને મોક્ષ એ તો કેસર-કંકુનો ચાંલ્લો છે.

o આપણે ઈચ્છીએ એવા આપણે બની શકતા નથી, તો પછી 'બધા સૌએ એવા સારા બનવું જ જોઈએ' એવો આગ્રહ રાખીને આપણે ગુસ્સો શા રીતે કરાય?

o તમારી કોઈ નિંદા કરે અને સહન કરશો તો તમારું પાપ તેના માથે જશે અને તેનું પુણ્ય તમને મળશે.

o ચાર મિલે ચોસઠ ખિલે, બીસ રહે કર જોડ,
હરિ જન સેં હરિ જન મિલે, હસે સાત કરોડ.

## જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ

કાશી એ જ્ઞાનભૂમિ છે, અયોધ્યા એ વૈરાગ્યભૂમિ છે, વ્રજ એ પ્રેમભૂમિ છે, નર્મદાકિનારો એ તપોભૂમિ છે. તપોભૂમિમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ત્રણે સિદ્ધ થાય છે. ઈશનું પ્રત્યક્ષ = જ્ઞાનશક્તિ, જીવનું પ્રત્યક્ષ = ઈચ્છાશક્તિ.

o

o સમાધિ = વાસનાશમન+આત્મસમત્વ.

સમાધિ = oneness of human consciousness with Cosmic consciousness, the highest oneness.

o

ॐ नमः

## અસ્મિતાના ૫ પ્રકારો

આગ્રહી, નમનશીલ, ગુણગ્રાહી, સંગ્રાહક અને દૈવી.

o પ્રકૃતિના અભાવનું પરિણામ 'ઇચ્છા' અને
ઇચ્છાનું પરિણામ 'જગત' આવતું હોય છે.

o પાપ ઉતારે તે ક્રિયા, પાપથી વિરુદ્ધ તે ક્રિયા.

ચંચળ મનને સ્થિર કરવું તે અધ્યાત્મના રસભરી ક્રિયા.
બુદ્ધિ અને મનનો સ્વભાવ બદલવો એનું નામ અધ્યાત્મ.

सहज-शुद्ध-सदानन्दैकअनुभूति-लक्षणं भावनमस्कारः।
અર્થાત્: સહજ, શુદ્ધ અને સનાતન આનંદ એ બધા
ભાવનમસ્કારની અનુભૂતિના લક્ષણો છે.

o निर्विकार-स्वसंवेदन-ज्ञानरूपं भावश्रुतम्।
અર્થાત્: વિકાર વિનાનું પોતે અનુભવે એવું અને
જ્ઞાનસ્વરૂપ ભાવશ્રુત હોય છે.

o सम्यग्दर्शनम् शुद्धचैतन्यस्वरूपात्म-
तत्त्वविनिश्चयबीजम्, मोक्षस्य एकं बीजं सम्यग्दर्शनम्।
અર્થાત્: શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મતત્ત્વના નિશ્ચયનું કારણ
સમ્યગ્દર્શન છે. મોક્ષનું એકમાત્ર બીજ સમ્યગ્દર્શન છે.

o नमो लोए मंगलं।
અર્થાત્: લોકમાં રહેલ (સર્વ) મંગળને નમસ્કાર થાઓ.

## Special features of humans

Though man is originally an animal, he is something more than an animal. The faculty of reasoning and the aspirations for truth, beauty, love and peace are the special features of man. It is given to him either to constantly strive to better himself or to lower himself to the level of other animals.

## one with God

man is not merely physics, chemistry & biology. He is also a Spirit. Along with all the other members of the animal Kingdom, he too possesses animal instincts but man alone possesses the capacity for reasoning and to divinise his ownself. one must progressively get detached from the world to be ultimately attached to and become one with god.

## Science & Spirit

Science should not become the master of man but should be only his servant.
Between Spirit & Science,
the choice should always be of Spirit.
Science could never be
the be-all and end-all of life.
Nature of reality cannot be described absolutely. Mahavir did not conquer Kingdom but he conquered his own self.
He is called the great hero,
not of the battles of the world
but of the battles of the inward life.

## Power of prayers

(1) Keep faith in our unconscious minds.
(2) Practice unconditional surrender.
Pray: Not mine, but thine will be done.
(3) Believe in the power of the Prayers.
(4) Do auto suggestion & feel Creative relaxation.

## કળશમાં ૐકાર - હ્રીંકાર - અર્હંકાર

અર્હં આત્માનં ૐ અગ્નિં હ્રીંદિં માયાઽમૃતપ્લુતં
સુધાકુમ્ભસ્થમાકંઠં ધ્યાયેત્ | સદ્ગુરુઃ
ૐ રૂપી અગ્નિથી શુદ્ધ અને માયા = હ્રીં રૂપી અમૃત ઝરતા કંઠ
સુધા અમૃતના કુંભમાં રહેલા અર્હં રૂપી આત્માનું ધ્યાન કરવું.
ૐ રૂપી અગ્નિથી સર્વ અશુદ્ધિઓનો નાશ થઈ
અર્હંથી આત્મા જ્ઞાનધ્યાન પ્રકાશવાળો બને છે તથા
હ્રીંથી વીંટાયેલો તે આત્મા અમૃતથી પ્લાવિત બને છે.
આ રીતે ૐકાર, હ્રીંકાર અને અર્હંથી કળશ વીંટાયેલો છે.
આ કળશ આકંઠ એટલે કંઠ સુધી અમૃતથી ભરેલો છે.
આવી આકૃતિનું નિરંતર ધ્યાન કરવું અને
ત્યારબાદ સ્મરણ કરતાં રહેવું.

## આત્મસત્તા - આત્મશક્તિ

ધર્મ એટલે મંગળ કાર્યનું અનુષ્ઠાન.
આત્મસત્તાના પ્રકાશની સાથે આત્મશક્તિ પ્રગટ થાય,
ત્યારે આનંદની માત્રા પૂર્ણ બને.
આત્મસત્તા પ્રગટ થાય છે જ્ઞાન મારફતે અને
આત્મશક્તિ પ્રગટ થાય છે ધર્મ મારફતે.
આનંદ = સત્યગુરુનું હૃદય. પ્રકાશ = સત્યગુરુ-ડાબો હાથ.
આત્મશક્તિ = સત્યગુરુનો જમણો હાથ.

काकः कृष्णः पिकः कृष्णः को भेदः पिक-काकयोः ।
वसन्तकाले सम्प्राप्ते काकः काकः पिकः पिकः ॥१॥

<u>અર્થ</u>: કાગડો કાળો છે, કોયલ કાળી છે.
કાગડા અને કોયલમાં શું ભેદ છે?
વસંતઋતુ આવે છતે કાગડો કાગડો - કોયલ કોયલ છે.

भक्तिर्भूरिगुणालये जिनपतौ रक्तिस्तदुक्तागमे
सक्तिः सद्गुरुपर्युपासनविधौ मैत्री परप्राणिषु ।
सद्दाने च मतिर्गुणार्जनरतिः शिष्टैः सदा संगतिः
सर्वस्योपकृतिः कुकर्मविरतिः कार्या बुधैः सर्वदा ॥

– <u>धर्मकल्पद्रुम, पत्र ६६</u>

<u>અર્થ</u>: ગુણસ્થાન એવા પરમાત્મા પ્રત્યે ભક્તિ, તેમણે કહેલા આગમ પ્રત્યે રાગ, સદ્ગુરુની ઉપાસના કરવામાં આસક્તિ, બધા જીવો પ્રત્યે મૈત્રી, સમ્યગ્ દાનધર્મમાં મતિ, ગુણો મેળવવામાં રતિ, સજ્જનો સાથે હંમેશા સંગતિ, બધાના ઉપકારનો સ્વીકાર, ખરા કર્મથી અટકવું - આટલું સમજુ વ્યક્તિએ હંમેશા કરવું જ જોઈએ.

ॐ अर्हं नमः। ह = પરમાત્મા, ऽ = જાગૃત કુંડલિની,
र् = ઉર્ધ્વરેફ = રત્નત્રય, ्र = અધોરેફ = કર્મદહન,
કળા = યોગસિદ્ધિઓ, બિન્દુ = શુદ્ધ આત્મા.

o જિનવરનો આત્મા એ સદ્ગુરૂનો આત્મા,

સદ્ગુરૂનો આત્મા તે મારો આત્મા,

મારો આત્મા તે જ સર્વ જીવોનો આત્મા.

જિન, ગુરૂ, આત્મા, સર્વ જીવો - એ બધા જ શબ્દો

જુદા જુદા છે, પણ બધામાં આત્મા તો એક જ છે.

o જ્ઞાનથી પ્રેમ અને પ્રેમથી નિર્વાણમ્.

આચરણના મૂળમાં દ્રવ્ય નહિ પણ ભાવ છે.

ભાવનાં મૂળમાં ક્રિયા નહિ પણ જ્ઞાન છે.

જ્ઞાન સર્વ આત્માનો અભેદ સૂચવે છે.

સમ્યગ્દર્શન અભેદને - સમ્યગ્જ્ઞાન અદ્વૈતને અને

સમ્યક્ચારિત્ર અખેદને આપે છે.

દર્શનથી દેવ, જ્ઞાનથી ગુરૂ, ચારિત્રથી ધર્મ ઓળખાય છે.

o જેઓ તને અન્ન-વસ્ત્ર આપે છે, તેઓ તારા દેહનું

અને જેઓ તને હેરાન કરે છે કે ઈજા પહોંચાડે છે,

તેઓ તારા આત્માનું ભલું કરે છે.

તારી પોતાની જાત સિવાય તારો ક્યાંય કોઈ દુશ્મન નથી.

બાકી બધા તો તને હિત જ કરનાર છે.

o

o I salute the divinity in you.

o Pride comes before fall.

o Come what may but...
let the Lords mercy be on me.
Neither fear nor favour of world can affect the devotee, whose heart is fixed on the Lord.
Endless is anxiety and
worry till my mind rests in the Lord.
See the Lord with the inner eye,
the Lord of the worlds.
Nothing ever happens without an onlooker.
o No man is your enemy or no man is your friend, every man is your teacher.
No man can fail if even one person can see that man as a successful person.
man should always demand only that, which is his - by divine right.
The progress of rivers to the ocean is not so rapid as that of man to error.
o Politeness is the art of choosing among one's real thoughts.

अत एवाऽन्यैरशास्त्रस्थे सत्यार्थपददूषणे ।
तन्मूलपूर्वजलधेर्भवत्याशातना ध्रुवा ॥१००७॥
तदेवं सर्वतीर्थेषु, भावात् सर्वगुणात्मकम् ।
जैनतीर्थस्थितं सेव्यं न लिंगं धर्मकारणम् ॥१००८॥

(પરિશિષ્ટ-૨)

नानारुचित्वाज्जीवानां ततो माध्यस्थ्यशालिनाम् ।
बिन्द्वादरोऽपि केषांचित् भवेदुत्तरशोधकाः ॥१०३०॥

(પરિશિષ્ટ-૩)

कुतीर्थिकैरतो येऽमी छेदभेदाः प्रकीर्तिताः ।
ते जैनमतपाखण्डै यान्ति निःस्पन्दबिन्दुताम् ॥१०३६॥

(પરિશિષ્ટ-૪)

o સમજ્યું સાચું ચરિત મંગલમય બનશે.
સામાયિકથી સર્વ જીવો સાથે સમત્વ પ્રાપ્ત થાય છે.
સામાયિકનો અર્થ સમભાવ, નમસ્કારનો અર્થ નમ્રભાવ.
સમભાવ અને નમ્રભાવ એ ગુણ-તેનો ગુણી આત્મા છે.
અભેદ દ્રવ્યાર્થિકનયથી સામાયિક અને નમસ્કારનો અર્થ છે.

o દુઃખ વડે પાપક્ષય, વૃદ્ધાવસ્થા વડે સંવેગવૃદ્ધિ, દુશ્મન વડે ક્ષમાધર્મની વૃદ્ધિ, મરણ વડે સર્વનો ત્યાગ, રોગ વડે વિરાગની વૃદ્ધિ અને ધન વડે સ્વજનની વૃદ્ધિ થાય છે.

ॐनमः

<u>૮ વિચારરત્નો</u> ૐ <u>સં - ૨૦૨૦, મહા સુદ ૧૫</u>

(૧) માનવના પડવાના બે સ્થાન: સુવર્ણ અને સૌંદર્ય. (૨) સંપત્તિમાં નમ્ર બને તે માનવ, અક્કડ બને તે દાનવ. (૩) ભલમનસાઈ વગરની દોલત કરતાં દોલત વગરની ભલમનસાઈ વધારે કીંમતી છે. (૪) અહંતાનું ઔષધ નમ્રતા. (૫) ભાવના વિનાની ક્રિયા એ લૂણ વિનાનું ભોજન-ક્રિયા વિનાની ભાવના એ કેવળ લૂણ. (૬) નમ્રતાનું મૂળ કૃતજ્ઞતા. (૭) કૃતજ્ઞતાનું ફળ પરોપકાર. (૮) પરોપકારનું ફળ જગત સ્વભાવ. વિશ્વનું ધારણ-પોષણ પરોપકારથી જ થઈ રહ્યું છે. કોઈપણ ક્ષણ એવી નથી કે જેમાં એક જીવને બીજા જીવ તરફથી ઉપગ્રહ-ઉપકાર ન થતો હોય.

परकार्येऽपि पर्याप्तं वरं भस्म वरं तृणम् ।
परोपकृतिमात्रेऽनुपकर्ता न पुनः पुमान् ॥१॥ <u>અર્થાત્</u>:

બીજાનું કાર્ય કરવા પ્રમાણસર રાખ અને ઘાસ પણ શક્ત છે, તો પરોપકાર કરવા પુરુષ તો અસમર્થ ન જ હોય ને?

अयं निजः परो वेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥१॥ <u>અર્થાત્</u>:

આ પોતાનો, આ પારકો એવી ગણતરી તુચ્છ મનવાળાની હોય છે. ઉદાર મનવાળાને આખી પૃથ્વી જ કુંટુંબ છે.

તરુવર, સરવર, સંતજન, ચોથા બરસત મેહ,
પરમારથ કે કારણે, ચારોં ધરિયા દેહ... (૧)

ધર્મ, ઈશ્વર, સાધુસંતો પ્રત્યે આદર અને
ભૂતમાત્ર પ્રત્યે પ્રેમભાવ - એ સર્વ ભારતની
યુગોયુગ જૂની દરેક સંસ્કૃતિનાં ધારક તત્ત્વો છે.
ભારતની કળાના નિરૂપણમાં પણ દિવ્યતા ઉપર ભાર છે.
જે દુઃખને ભૂલી શકતો નથી, તે સુખને માણી શકતો નથી.
પીઢ, પ્રામાણિક અને પરગજુ માણસો હંમેશા નમતું જોખે છે.

પંડિત કોણ?

માત્ર પુસ્તકો ભણવાથી પંડિત થવાતું નથી પણ
તદનુસાર યથાર્થ વર્તન કરવાથી જ પંડિત થવાય છે.
નવકાર = સમ્યક્ત્વ. સામાયિક = અષ્ટપ્રવચનમાતા.

યાત્રા - પાંચ સમિતિથી પાંચ મહાવ્રતો સુધીની...

ઈર્યાસમિતિ = પાદ કે ચરણાનુગતથી પળાય તે = અહિંસા.
ભાષાસમિતિ = મુખ કે વચનથી જે પળાય તે = સત્ય.
એષણાસમિતિ = હસ્ત કે અચૌર્યથી પળાય તે = અસ્તેય.
આદાનસમિતિ = ઉપકરણસંકોચથી પળાય તે = અપરિગ્રહ.
પારિષ્ઠાપનિકાસમિતિ = પાય-ઉપસ્થથી પળાય તે = બ્રહ્મચર્ય.
આમ મોક્ષમાર્ગ એ સંવરસ્વરૂપ છે.

અજ્ઞાન એટલે આત્મા નિર્વિકાર છતાં વિકારવાળો તથા નિત્ય હોવા છતાં અનિત્ય માનવો, તે સ્વયં પ્રકાશરૂપ હોવા છતાં જડ માનવો, આનંદસ્વરૂપ છતાં દુઃખરૂપ, તત્ત્વથી મુક્ત હોવા છતાં જાણે કે બદ્ધ હોય તેમ માનવો.

૦ સાધક અને સદ્ગુરુનું હૃદય - એ બંનેનો એકરાગ-એકમેક એ સાધનામાર્ગમાં ફતેહની એક કૂંચી ચાવી છે.

## દ્રવ્ય અને ભાવનમસ્કાર

દ્રવ્યનમસ્કારને ભાવનમસ્કાર બનાવવાની રીત: ભાવનમસ્કાર 3 કરણ અને 3 યોગ ભેળવીને કરવો. ૭ ધાતુ, ૯૦ સ્નાયુ, ૩।। ક્રોડ રૂંવાડા, અસંખ્ય આત્મપ્રદેશ, ઔદયિક અને ક્ષયોપશમભાવથી મળેલા દ્રવ્ય અને ભાવ -ઉપરોક્ત બધું મળીને કરેલો નમસ્કાર, એનો વારંવારનો ગંભીર અભ્યાસ, એ સર્વ વસ્તુઓ સર્વ સાધકોના દ્રવ્યનમસ્કારને ભાવનમસ્કારમાં પલટાવી આપે છે.

## ભાવનમસ્કાર એટલે...

જેનાથી મળ્યું છે, મળે છે અને મળવાનું છે, તેને યાદ કરવા, તેમના પ્રત્યે નમ્રભાવ ધારણ કરવો તે. તેનો બીજો પર્યાય કૃતજ્ઞતા છે. કૃતજ્ઞતાની ટોચે પહોંચવાથી પરોપકાર ભાવ પ્રગટે છે, તેનું જ નામ ઋણમુક્તિ છે.

મોક્ષ એ અવ્યાબાધ સુખસ્વરૂપ છે.
મોક્ષમાં માત્ર આપવાનું છે, લેવાનું નહિ.
સંસારમાં માત્ર લેવાનું છે, આપવાનું નહિ.
જ્યાં કેવળ આપવાની ક્રિયા છે, ત્યાં મોક્ષ
એ લેવાની ક્રિયામાંથી છૂટવાનો ઉપાય છે.

મોક્ષ મેળવવાનું પરમ સાધન કૃતજ્ઞભાવ અપરપર્યાય-નમ્રભાવ છે. નમે તે પ્રભુને ગમે. નમનારનો વિસ્તાર અને અનમનારનો નાશ એ સંસારનો અવિચળ નિયમ છે. ભાવનમસ્કાર એ પુણ્યની પુષ્ટિરૂપ છે. મિચ્છામિ દુક્કડં એ પાપની ગર્હારૂપ છે. પુણ્યની પુષ્ટિ અને પાપની વિરતિ એ બે જીવને મોક્ષમાર્ગે આગળ વધવાના સાધનો છે.

મૂળમંત્ર યા મહામંત્ર

નવકાર ચૌદ પૂર્વનો સાર છે. તે શ્રુતજ્ઞાન સમસ્તનું રહસ્ય છે, તેનું કારણ શું? જેનું શિક્ષણ જ નમસ્કારથી મળે છે, તેથી કૃતજ્ઞતા ગુણ એ સર્વ ગુણોનું મૂળ છે. કૃતજ્ઞતાગુણને ઉત્પન્ન કરનાર પરોપકારગુણ છે. પરોપકાર સૂર્યના સ્થાને છે, કૃતજ્ઞતા ચંદ્રના સ્થાને છે.
ચંદ્રનો પ્રકાશ સૂર્યમાંથી મળે છે.
ધર્મનો પાયો = જેનાથી ઉપકાર થાય, તેનો કૃતજ્ઞ રહેવું તે.

અહંનું નાશ મૂળમાં શીખવવા માટે

નમસ્કારને મૂળમંત્ર યા મહામંત્ર કહ્યો છે.

નમસ્કાર વિના તપ, ચારિત્ર, શ્રુત વગેરે સૌ નિષ્ફળ છે.

કૃતજ્ઞતા વિના સઘળી આરાધના નિષ્ફળ છે.

કૃતજ્ઞતાગુણ એ સર્વ સદ્ગુણોનું મૂળ છે.

'ચારિત્ર વિના મોક્ષ નહિ' એનો અર્થ

જીવરાશિ પ્રત્યે સ્નેહના પરિણામ વિના મોક્ષ નહિ.

સદાચારનું મૂળ સ્નેહનો પરિણામ છે.

મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે,

ત્યાં લગી તેની મુક્તિ નહિ.

અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે અને એ નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નહિ એ અનુભવસિદ્ધ હકીકત છે.

o મનુઃ મંત્રં તં ગચ્છતિ જાનાતીતિ મનુગઃ ।

અર્થાત્: મનુ એટલે મંત્ર તેને જાણે તે મનુગઃ. બીજાનું સુખ મેળવવા કરતાં પોતાનું દુઃખ ઘણું ઉત્તમ હોય છે.

પ્રીતિ અનુષ્ઠાનમાં સુખના સ્વાદની મુખ્યતા હોય છે.

મનનસ્ત્રાણયોગાદ્ મન્ત્રઃ, મન્ત્રણાદ્ વા ગુપ્તભાષણાત્ વા ।

અર્થાત્: મનનું રક્ષણ કરનાર હોવાથી મંત્ર કહેવાય છે અથવા મંત્રણા કરવાથી અથવા ગુપ્ત રીતે બોલવાથી મંત્ર કહેવાય છે.

પ્રીતિ અનુષ્ઠાનમાં મૈત્રીભાવનો વિસ્તાર છે.
ભક્તિ અનુષ્ઠાનમાં પ્રમોદભાવની સાધના છે.
વચન અનુષ્ઠાનમાં કારુણ્યભાવની પ્રધાનતા છે.
અસંગ અનુષ્ઠાનમાં માધ્યસ્થભાવનો વિસ્તાર છે.
ભક્તિ અનુષ્ઠાનમાં ઉપકારના સ્વીકાર સાથે
અનુરૂપ થવાની ભાવના મુખ્ય હોય છે.
અધિગમ સમ્યક્ત્વની પ્રાપ્તિનું મુખ્ય કારણ તીર્થંકરની ભક્તિ છે, તેમ ભક્તિ અનુષ્ઠાન સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કારણ છે.

## <u>મનુષ્યત્વનું મહત્ત્વ</u>

સમગ્ર સૃષ્ટિમાં એકમાત્ર મનુષ્યને જ સ્વાતંત્ર્યસંપન્ન, બુદ્ધિપુરસ્કૃત નવ-નવ સૃષ્ટિ કરવાના સામર્થ્યવાળો પ્રકૃતિએ બનાવ્યો છે. મનુષ્યમાં પૌરુષરૂપમાં સર્જનશક્તિ રહેલી છે, કેમકે તેનામાં સ્વતંત્ર જ્ઞાનેચ્છા, ક્રિયાશક્તિ છે. માનવને જ જ્ઞાન, ઇચ્છા, ક્રિયાશક્તિનો સુમેળ મળેલો છે.

કૃતજ્ઞતાગુણ એજ સમ્યક્ત્વ છે.
સમ્યક્ત્વગુણ એ કૃતજ્ઞતાગુણનો સૂચક છે,
કેમકે તેમાં દેવતત્ત્વ, ગુરુતત્ત્વ, ધર્મતત્ત્વનો નમસ્કાર છે;
શ્રદ્ધાગર્ભિત બહુમાન છે તથા
'એ ત્રણે તત્ત્વ ઉપકારક છે' એવો નિર્ણય છે.

अत्युत्कटैः पुण्यपापैरिहैव फलमश्नुते ।
त्रिभिर्वर्षैस्त्रिभिर्मासैस्त्रिभिः पक्षैस्त्रिभिर्दिनैः ॥१॥

(પરિશિષ્ટ-૫)

પુદ્ગલથી ભિન્ન અને આત્માથી અભિન્ન
એવા સ્વાત્માને જાણવો તે સમ્યગ્જ્ઞાન છે.
એથી વિપરીત જ્ઞાન તે મોહ અથવા તો વિપર્યાસ છે.
વેદાંત પણ કહે છે કે...
ચૈતન્યને જડથી અભિન્ન અને ચૈતન્યથી ભિન્ન માનવું
તે અજ્ઞાન છે, વિપર્યાસ છે, મોહ છે.
એવા મતલબના વેદાંત વાક્યો અનેક છે કે:
મૂળમાં સચ્ચિત્ અને સ્વતઃસિદ્ધ એવું એક બ્રહ્મતત્ત્વ છે.
વસ્તુતઃ એક આત્માને બીજા આત્માની સાથે અભેદનો
જ નહિ, પરન્તુ આત્મૌપમ્યસદૃશ ભાવનાનો સંબંધ છે.
જૈનદર્શનમાં તેને જ સંગ્રહનયથી એક અને અભેદ
એવા શબ્દોથી સંબોધન કરાય છે.
'ધર્મનો સંબંધ સર્વની સાથે છે' તે વાતનું પ્રમાણ પ્રત્યેક
વિધાયક કે નિષેધક આજ્ઞા, જેટલા ઉપયોગ અને જેટલા
ઉલ્લાસ વડે પાળવામાં આવે ત્યારે જ પૂર્ણ બને છે.
દા.ત. જિનપૂજા કરવી અથવા નમસ્કારમંત્ર ગણવો જોઈએ.

ત્રણ યોગ સરલ મન-વચન અને કાયાથી તથા ત્રણ કરણ સરલ કરવા-કરાવવા અને અનુમોદવાથી જ તે વિધાયક અનુષ્ઠાન, પૂજા કે નમસ્કાર વાસ્તવિક બને છે.

મનથી કરે અને વચનથી નિષેધે અથવા
મનથી અને વચનથી કરે પણ કાયાથી નિષેધે,

તેણે પૂજા કરી ન કહેવાય પણ મશ્કરી કરી કહેવાય. પોતે કરે પરંતુ 'બીજા કરતાં હોય તે પોતે પણ કરે' એવો વિચાર મનથી ન હોય તેણે પૂજા કરી ન કહેવાય. બીજાઓ કરતાં હોય 'તે સારું કરે છે' એવી અનુમોદના ન હોય તો તેણે પૂજા સારી માની અને કરે છે, એ સાબિત ન થાય. જે વસ્તુ ઉપાદેય, સારી કે ધર્મ (કરવા યોગ્ય) માની હોય, તે વસ્તુ ત્રણે યોગ - ત્રણે કરણથી તેવી માની છે કે નહિ, તેના ઉપર જ તેની સત્યતાનો કે પુષ્ટતાનો આધાર છે. તે જ તેની કસોટીનો પત્થર છે. નિષેધાત્મક આજ્ઞા પણ ત્રણ કરણ અને ત્રણ યોગથી થાય તો જ પુષ્ટ બને છે.

કોઈપણ જીવની હિંસા ન કરવી,
ન કરાવવી અને કરતાને સારી ન માનવી.

મનથી ન કરવી, કરતાં હોય તેને મનથી 'ન કરો' એમ ચિંતવવું. કરતાં હોય તેનું મનથી અનુમોદન ન કરવું.

એ રીતે વચનથી પણ ન કરવાની સાથે
'ન કરો' એમ અને કરતાંને 'સારા નહીં' એમ કહેવું.
કાયાથી પણ ન કરવાની સાથે
કરતાં હોય તેને રોકવા અને જે કરતાં હોય તેને
સારા ન માનવાથી અહિંસાની પ્રતિજ્ઞા પૂર્ણ થાય છે.
पंचसूना गृहस्थस्य चुल्ली पेषण्युपस्करः।
कण्डनी चोदकुम्भश्च बध्यते यास्तु वाहयन्॥ (परिशिष्ट-६)
અરિહંતોને નમનાર જો વડીલો કે ગુરુવર્ગને ન નમે, તો
તે અરિહંતોની આજ્ઞાને નહિં પણ તેના દેહને જ નમે છે.
જે આજ્ઞાને ન માને અને આજ્ઞા કરનારને માને,
તે માનનારો નહિ પણ અવગણના કરનારો છે.
તે નમનારો નહિ પણ અપમાન કરનારો છે.
તે નમસ્કારની ભક્તિ નહિ પણ વિડંબના કરનારો છે.
સંપૂર્ણ આજ્ઞાધીનપણું જ મનુષ્યને
ઉન્નતિને માર્ગે લઈ જાય છે.
જો આપણે દુનિયાને દુનિયા તરીકે જોઈશું,
તો તે આપણે માટે દુનિયા જ બની રહે છે, પણ જો
આપણે 'દુનિયા એ ઈશ્વર છે' એવી ભાવનાથી જોઈશું,
તો આપણે ઈશ્વરને પામી શકીશું.

ઈશ્વરથી જ દુનિયા વ્યાપી રહેલી છે, એમ સમજપૂર્વક
જોઈએ, તો આપણા માટે દુનિયા કેવી બદલાઈ ગયેલી હશે!
આપણી દૈવી પ્રકૃતિનો આવિષ્કાર પામવા માટેનો એક
માત્ર માર્ગ બાળકને તેમ કરવામાં સહાયભૂત થવું તે છે.

સહુમાં એક જ પ્રભુ વસે છે.

સહુમાં એક જ જગન્માતા - શક્તિ રહેલી છે,
સહુમાં માત્ર ને માત્ર આત્માની કક્ષાનો જ તફાવત છે.
બાળકનું ભલું કરવું એ મહાન અને વિશ્વવ્યાપી ધર્મ છે.

કેવળ નકારાત્મક ધર્મ શા કામનો?

પથ્થર કદી પાપ કરતો નથી, ગાય અસત્ય ભાષણ કરતી નથી,
વૃક્ષો કદી ચોરી કે લૂંટ કરતાં નથી, એથી શું ધર્મ થશે?
દુનિયાને જીતી લેવા સદ્ગુણ - સચ્ચાઈ - પ્રેમ સમર્થ છે.
પ્રેમ કશો ભેદભાવ રાખતો નથી, સમગ્ર વિશ્વને પોતાનું
ઘર ગણે છે. આથી પ્રગતિ ધીરી પણ દૃઢ હોય છે.
બુદ્ધિ નહિ પણ દિલની સાચી લાગણી જ વિજય પામે છે.
પુસ્તકી અને વિદ્યા, યોગ અને ધ્યાન, આંતરપ્રકાશ
અને બાહ્યાચાર - સૌ પ્રેમની તુલનામાં નહિવત છે.
પ્રેમ એ દૈવી શક્તિ આપે છે, ભક્તિ લાવે છે,
પ્રકાશ પાથરે છે અને મુક્તિનો માર્ગ પણ ખૂલી જાય છે.

જ્યારે આપણે ખરેખર આધ્યાત્મિક વિકાસની ઊંચાઈઓએ પહોંચીશું, ત્યારે જ ધર્મ સાચો અને જીવંત બનશે અને ત્યારે જ તે આપણા જીવનના સ્વભાવમાં ઉતરશે.
આપણી દરેક હીલચાલમાં સાચો ધર્મ જણવા લાગશે; સમાજના દરેક નાનામોટા ઘટકોમાં તે પહોંચી વળશે અને આજ શુદ્ધ સત્કાર્ય માટે તે જેટલી શક્તિ ધરાવતો હતો, તેનાથી અનેકગણી - અનેકગણી શક્તિ ધરાવતો હશે.

પક્ષપાત એ સર્વ અનિષ્ટોનું મૂળ છે.

એક વ્યક્તિ કરતાં બીજી વ્યક્તિ પ્રત્યે વધુ સ્નેહભાવ રાખવો એ ભાવિ સંકટ માટેના બીજારોપણ છે.
'પોતાનું હિત બીજાના હિત ઉપર જ આધાર રાખે છે.'
એટલું સમજતા થશો તો પરસ્પર ઈર્ષા, અસૂયા અટકી જશે.

દુનિયામાં હંમેશા દાતાની ભૂમિકા લેજો.
કશો પણ બદલો મેળવવાની આશા વિના બધું આપતા શીખો.
પ્રેમ આપો, સહાય આપો, સેવા આપો, તમારાથી જે કંઈ આપી શકાય તે આપો, પરન્તુ બદલાનો વિચાર છોડી દેજો.
આપણે સંપૂર્ણ ઉદારવૃત્તિથી આપી જોઈએ, જેમ પરમાત્મા આપણને આપે છે તેમ. ઈશ્વરમાં શ્રદ્ધા કરતાં પણ પોતાની જાતમાં શ્રદ્ધા હોવી એ સૌથી વધુ અગત્યનું છે.

જે શિક્ષણ ચારિત્ર્યની દૃઢતા લાવી ન શકે, ઉદારતાની ભાવના ઊભી ન કરી શકે કે સિંહ સમી શૌર્યવૃત્તિ પેદા ન કરી શકે તે શિક્ષણ, શિક્ષણના નામને લાયક ગણાય?

स्थानाद्बीजादुपष्टंभात्, निःस्यन्दान्निधनादपि ।
कायमाधेयशौच्यत्वात् पण्डिता ह्यशुचिं विदुः ॥१॥ અર્થાત્:
સ્થાનથી, બીજથી, આધારથી, ઝરવાથી, અંત થતો હોવાથી,
અપવિત્રતાથી અને [illegible] કરવા પડતી હોવાથી
કાયાને પંડિતપુરુષો અશુચિસ્વરૂપ જાણે છે.

અહિંસા = ક્ષમા, સંયમ = દમન, તપ = શમન.
શાન્તતા માટે તપ જરૂરી છે.
દાન્તતા માટે સંયમ, ક્ષાન્તતા માટે અહિંસા જરૂરી છે.

પાપ = મૈત્ર્યાદિનો અભાવ, સ્નેહનો અભાવ.
મંગલ = પ્રમોદાદિનો સદ્ભાવ, સ્નેહનો સદ્ભાવ.

જો ઝાડને તમે પોતે ઉગાડી શકતા હો,
તો જ 'બાળકને તમે પોતે શીખવો છો' એમ કહી શકો.
જ્ઞાન મનુષ્યમાં પોતાનામાં જ રહેલું છે. નાના બાળકમાં પણ એ રહેલું છે, માત્ર તેને પોષણ આપવાની અને તેના અવરોધો દૂર કરવાની જરૂર રહે છે.

વિવિધ સંપ્રદાયો = એક જ તત્ત્વને પામવાના ભિન્ન માર્ગો.

જો મને એક જ ભાષામાં ભણાવવાનું ન ફાવે,
તો હું બન્ને ભાષામાં શીખી શકું એવી એ વાત છે.
ભાષા પરિવર્તનરૂપ અર્થ એ વાસ્તવિક અર્થ નથી પણ
તદ્રૂપે પરિણમન એ વાસ્તવિક અર્થ છે. એવા અર્થની
પ્રાપ્તિ માટે સતત ઉપયોગયુક્ત-પ્રયત્નશીલ થવું જરૂરી.
જે જીવનવ્યાપાર જીવને મોક્ષ ભણી લઈ જાય છે,
તેના મૂળમાં અક્લિષ્ટપણું તો જોઈએ જ અને જ્યાં
ક્લેશો ગયા, ત્યાં અકુશળ પ્રકારની પ્રવૃત્તિ સંભવે જ નહિ.
વિશ્વમાં મનનું રાજ્ય છે, મોક્ષમાં આત્માનું સામ્રાજ્ય છે.
સૌ પ્રથમ મનને સુધારવું. મન જીતાયાથી બધું જીતાય છે.
યોગનો પ્રવૃત્તિ સાથે વિરોધ નથી પણ ક્લેશ-વાસના
સાથે વિરોધ છે. ક્લેશ-વાસનાઓથી નિવૃત્તિ અને કુશળ
કર્મોમાં સમુચિત પ્રવૃત્તિ - એ ઉભયસ્વરૂપી યોગ જ
ખરો યોગ છે અને એ જ જીવનને ઊર્ધ્વગામી બનાવે છે.

ઉત્તમ અધિકારી માટે અભ્યાસ અને વૈરાગ્ય,
મધ્યમાધિકારી માટે તપ સ્વાધ્યાય, ઈશ્વર ધ્યાન અને
મંદાધિકારી થવા માટે યોગાંગાનુષ્ઠાન કહેલ છે.

સકામપણે પળાતો આચાર એ લૌકિક છે અને
નિષ્કામપણે અનુસરાતો સદાચાર એ અલૌકિક છે.

o કાયોત્સર્ગ એ નિર્જરા કરાવનાર છે અને
પચ્ચક્ખાણ એ સંવરની ક્રિયા છે.

o જાળમાં એક પણ ટાંકું નહિ,
છતાં ય તે પવન કેરા અનેકના ટાંકાં ભાંગી નાંખે છે.

o તપ = આહારનો નિયમ, બ્રહ્મચર્ય = ઉપસ્થેન્દ્રિય સંયમ,
વિદ્યા = પરમાત્મા તથા સદ્ગુરુની ઉપાસના.
શ્રદ્ધા = યોગ-યોગાંગના યથાર્થપણાં ઉપરનો વિશ્વાસ.

## વિરક્તિ અને વૈરાગ્ય

બંધનના હેતુરૂપ અને કૈવલ્યના વિરોધી
વિષયોમાં વિતૃષ્ણ થવું, તે 'વિરક્તિ' છે.
કૈવલ્યના સાધક વિષયોમાં નિઃસ્પૃહ થવાની જરૂર નથી.
ચિત્તની અંદર રહેલા રાગાદિ દોષો વડે ઇંદ્રિયો અશ્વોની
માફક વિષયો પ્રતિ પ્રવર્તે છે. ઇંદ્રિયોને તે તે વિષયોમાં
રાગ-દ્વેષપૂર્વક ન પ્રવૃત્ત થવા દેવાની ઇચ્છાથી ચિત્તના
તે મળોનો દાહ કરવા માટે અને મૈત્રી આદિ ભાવનાના
આરંભ માટે યત્ન કરવો, તે 'યતમાન સંજ્ઞા વૈરાગ્ય' છે.

સરણં ગુરુ ઉ ઇત્થં કિરિયા તવો ત્તિ કમ્મરોગમ્મિ ।
મંતો પુણ સજ્ઝાઓ મોહવિસવિણાસણો પયડો ॥
-યોગશતક, ગાથા-૪૮ (પરિશિષ્ટ-૭)

તપ એ ચિકિત્સા ક્રિયા અરતિ કે દુષ્કૃતગર્હા છે.
સ્વાધ્યાય એ મોહવિષનાશક મંત્ર કે સુકૃતાનુમોદન છે.
અંતરમાં ઉભો થાય ત્યારે ઈશ્વરપ્રણિધાન શરણું છે.
ભાવનામાં સમજણ, વિવેક અને બહુમાનનું તત્ત્વ છે.
તે શુદ્ધ ચેતનામાંથી ઉદય પામે છે, તેથી પરિણામે આવરતા
દોષો એના વિરોધી ગુણોના પ્રભાવે મૂળમાંથી જાય છે.

દોષોની પુનરાવૃત્તિને 'ઉપશમ' શબ્દથી
અને તેની અપુનરાવૃત્તિને 'ક્ષય' શબ્દથી સંબોધેલ છે.

પ્રસંખ્યાન = ઉત્કટતર ભાવયોગ.

સંપ્રજ્ઞાત = ક્લિષ્ટવૃત્તિનિરોધ, અસંપ્રજ્ઞાત = વૃત્તિમાત્રનિરોધ.

એમ માનો કે...

મને ગમે તેટલું દુઃખ આવે, તો પણ
તે પોતાની દુઃખ પામવાની યોગ્યતાથી તો ઓછું જ છે.
એમ માનો કે સુખ ગમે તેટલું થોડું હોય તો પણ તે
પોતાની સુખ મેળવવાની યોગ્યતા કરતાં તો વધુ જ છે.
દુઃખને પોતાના બાંધેલા પાપ કરતાં ઓછું માનવાથી
અને સુખને પોતાની પાત્રતા કરતાં અધિક સમજવાથી
એક ફાયદો એ છે કે જીવનમાં પાપ કરવાની રૂચિ ઘટે
છે અને ગુણ વધારવાની રૂચિ ઉત્તેજિત થાય છે.

એનું જ બીજું નામ 'શમ' અથવા તો 'શાંતિ' છે.
ક્લિષ્ટ ચિત્તવૃત્તિઓના ઘટી જવાનું નામ 'ઉપશમ' છે.
એ રીતે દુઃખને સહવાથી અને
સુખને દમવાથી વૃત્તિઓનું શમવું થાય છે.
એવા શાંત વૃત્તિવાળાને જ નવકાર અને
નવપદની આરાધના સકલ રીતિએ ફલીભૂત થાય છે.
દુઃખમાં પોતાથી અધિક દુઃખીને જોવા, એ દુઃખને સહવાનો
સરલ માર્ગ છે તથા સુખમાં પોતાથી અધિક સુખીને
જોવા એ સુખને દમવાનો માર્ગ છે. તેથી આર્ત-રૌદ્રધ્યાન
થતા નથી અને ધર્મ-શુક્લ પામવાની યોગ્યતા વધે છે.

## નમ્રતાનું મહત્ત્વ

નમ્રતા આપણો આદર્શ - નિર્ભયતા આપણો અધિકાર છે.
ધર્મ પામવાનું પહેલું પગથિયું નમ્ર થવું તે છે.
જે નમ્ર બની શકતો નથી, તે ધર્મને ઓળખી ન શકે.
ધર્મને ઓળખવા માટે કર્મોને જાણવું જોઈએ.
કર્મોને જાણનારો નમ્ર બને છે.
નમ્ર બનીને સંયમ ધરનારો નવા કર્મો રોકે છે અને
જુના કર્મો ખેરવવા માટે તપ કરવા ઉલ્લસિત રહે છે.
ધર્મ કરીને જે ગર્વ કરે છે, તે ધર્મનો આભાસમાત્ર છે.

નમ્રતા એ પ્રકાશક જ્ઞાન છે.

તેમાંથી ફળીભૂત થતો સંયમ નવા કર્મને આવતા રોકે છે અને તેમાંથી ફળીભૂત થતો તપ જુના કર્મોને કાઢે છે. પ્રકાશક જ્ઞાન વિના કર્મ કચરાને કાઢવા-રોકવાની વૃત્તિ થતી નથી. કર્મના સ્વરૂપનું જ્ઞાન થતાંની સાથે જ જીવ નમ્ર બની જાય. કર્મથી સર્વથા મુક્ત ન થાય ત્યાં સુધી એ નમ્રતા ટકી રહે અને મુક્તિ મળે આપોઆપ ચાલી જાય. મુક્તિપર્યંત નમ્રતા પેદા કરનાર તત્વજ્ઞાન ન મળે તે આત્મા કર્મનો ક્ષય કરનાર તાત્ત્વિક ધર્મને પામી શકતો નથી.

સત્ય ધર્મને પામવા માટે

કર્મની સત્તા, ઉદય અને તે બેના સંબંધને જાણવો જોઈએ.

એ જ્ઞાન સદ્ગુરુના વચનથી જ દૃઢ થાય છે.

o

| | |
|---|---|
| (૧) અનશન | (૬) કાયોત્સર્ગ |
| (૨) ઉણોદરી | (૫) ધ્યાન |
| (૩) વૃત્તિસંક્ષેપ | (૪) સ્વાધ્યાય |
| (૪) રસત્યાગ | (૩) વૈયાવચ્ચ |
| (૫) કાયક્લેશ | (૨) વિનય |
| (૬) સંલીનતા | (૧) પ્રાયશ્ચિત |
| બાહ્ય તપ | અભ્યંતર તપ |

Truth is that, which lies in a dimension
beyond the reach of thought.

એ રીતે વસ્તુ અને વિચારથી
પર તત્ત્વ પ્રત્યે જૈનદર્શને સ્ફુટતાથી આંગળી ચીંધી છે.

વિનય એ 'નમો'નો પર્યાય છે.
વિનયગુણ અથવા નમ્રવૃત્તિમાં
અષ્ટકર્મ વિનાશન શક્તિ હોવાથી અષ્ટકર્મનાં કારણભૂત
અષ્ટમદને મૂળમાંથી નાશ કરવાની શક્તિ રહેલી છે.
'મારો આત્મા કર્મના કારણે સ્વથી નીચો છે.' આ ભાવ
જિનવચનથી થાય, તેથી તેનું જાતિ-કુળાદિ કર્મકૃત લક્ષણોનું
અભિમાન ગળી જાય છે અને તે સાચો નમ્ર બને છે.
'નાહં ન મમ' એવો મોહરાજાના મંત્રનો પ્રતિપક્ષી મંત્ર તેને
ફળે છે. તે સમગ્ર જીવસૃષ્ટિ સાથે જાતિગત એકતા
અનુભવે છે. એ એકતા તેને નમ્ર-નિર્ભય બનાવે છે.
પાપ-પુણ્યનો બંધ ભાવથી નહિ પણ ભાવનાથી થાય છે.
એ કારણે ભાવ કરતાં પણ ઇચ્છાશક્તિ બળવાન છે.
ભાવ તો ઇચ્છા પેદા કરવાનું એક સાધન છે.
ભાવ થયા પછી સત્કર્મ કરવાની અને
અસત્કર્મ છોડવાની ઇચ્છા ન થાય, તો તે ભાવ વંધ્ય છે.

જીવત્વ જાતિરૂપે જીવને આત્મસંબંધ ન લાગે,
સર્વનાં સુખ - દુઃખ પ્રત્યે આત્મતુલ્ય ભાવ ન જાગે,
ત્યાં સુધી રાગ વંધ્ય છે.

પરિણતિવાળું રાગ બને ત્યારે જ પ્રવૃત્તિ મોક્ષહેતુક બને. ધર્મને સાનુબંધ બનાવનાર તો નમસ્કારનો જ ભાવ છે. તે ભાવ આત્મત્વજાતિ સાથે સંબંધ કરાવનાર છે. આત્મત્વજાતિની અંતર્ગત પંચ પરમેષ્ઠિ ભગવંતો છે. તેમના ગુણ અને સુખનો બોધ પ્રમોદ અને હર્ષ થવો જોઈએ, તેમ તે જ જાતિની અંતર્ગત રહેલા તથા ધર્મ નહિ પામેલા જીવો ધર્મ પામે, એવો કરુણા-મૈત્રીનો ભાવ પણ જાગવો જોઈએ. પોતે કરતાં હોય તે ધર્મનું મહત્ત્વાંકન થયું તો જ ગણાય કે ધર્મ પામેલાનું અનુમોદન અને નહિ પામેલા પામે તેવું ભાવન હોય. એ બે જાતના ભાવ ન હોય, તે ધર્માભિમાન આઠ મદમાંના કોઈ એક પ્રકારના મદને પોષનારું જ બનશે પણ સાનુબંધ નહિ બને. તે ધર્મથી બંધાયેલું પુણ્ય તેને સુખ આપીને ચાલ્યું જશે. તે ધર્માભિમાન નવું પુણ્ય બાંધવા માટે પ્રેરણા આપનાર તો જ થાય કે જીવત્વ જાતિને આત્માની સાથે સંબંધિત માને અને તેના પ્રત્યે પણ આત્મીયતાનો ભાવ જાગે.

ભવ્ય જાતિને ભવ્યરૂપ જાણે તે જાતિમાં રહેલા પ્રમોદસ્થાનક જીવો પ્રત્યે સાચો પ્રમોદ તો જ જાગે, જો તે જાતિમાં રહેલા કરુણાને યોગ્ય જીવો પ્રતિ કરુણા જાગે, કેમકે પ્રમોદને પાત્ર જીવોમાં પણ પ્રમોદનો અવચ્છેદક કરુણા છે.

## મદ તથા ભેદનાશક નમસ્કાર

આઠ મદનો ભેદ ભાગે ભાવથી નમસ્કારની પ્રાપ્તિ થાય. આઠ મદના કારણભૂત આઠ કર્મ, આઠ કર્મના કારણભૂત ચાર કષાય, ચાર કષાયોના કારણભૂત પાંચ વિષયો અને પાંચ વિષયોના મૂળ કારણભૂત ચાર સંજ્ઞાઓ વગેરેથી ભેદભીત થઈને સર્વ ભવોને જીતી જાય છે. 'આત્મદૃષ્ટિએ આપણા કરતાં કોઈ નાનું નથી' એમ જ્યારે લાગે ત્યારે જ ખરો નમસ્કાર લાગુ પડ્યો ગણાય છે. એ ભાવનમસ્કારને પામીને જ સર્વ જીવો મોક્ષે જાય.

ઈષ્ટ કે અનિષ્ટ જે કાંઈ બને તેનાથી મન ઉપર કશી અસર ન થવા દેવી, તે વૈરાગ્ય છે.

પ્રાપ્તમાં સંતોષ એ વૃત્તિ છે, જ્યારે ઇષ્ટાનિષ્ટમાં સમાનભાવ એ આત્માની પરિણતિ છે.

આપવામાં ત્યાગવૃત્તિ છે અને લેવામાં સ્વાર્થવૃત્તિ છે, પરન્તુ આપવામાં જો અહંકારનો અંશ રહે, તો ત્યાગવૃત્તિ નથી.

તેવા જ રીતે લેવામાં જો ત્યાગવૃત્તિ હોય,
તો લેવામાં પણ દોષ નથી.

ફક્ત બદલ આપવાથી બંધનમુક્ત કે ઉપાધિમુક્ત થવાની ભાવના પોષાતી હોય, તો તે આપવાનો કંઈ મૂલ ન ગણાય. પોતાનો ભાગ જતો કરીને પણ પરહિતને માટે ત્યાગ કરવો, તે જ ખરેખરી ઉદાત્ત ભાવના છે.

જે શ્રદ્ધા અને સમજપૂર્વક નક્કી

નિશ્ચિતભાવ વડે સ્વઆત્મસ્વરૂપને ઓળખીને તેમાં તલ્લીન થઈ જવાની પ્રવૃત્તિમાં જ રચ્યોપચ્યો રહે, તે ધર્મ. ધર્મ એ જાણવાની નહિ પણ માનવાની વસ્તુ ઉપરાંત
શ્રદ્ધાપૂર્વક આચરવાની વસ્તુ છે.

વિવેકી પ્રવૃત્તિ અને સમજપૂર્વક નિવૃત્તિ એ શાંતિની જનેતા છે. અવિવેકીની પ્રવૃત્તિ અને અજ્ઞાનીની નિવૃત્તિ અશાંતિની જનેતા છે. એકમાં વિકાસ-માર્ગમાં આગળ છે.

જેમણે ત્રિભુવનને નમસ્કાર કર્યા છે,
તેમણે 'પોતાથી આત્મદૃષ્ટિએ કોઈ નાનું નથી'
એ ભાવ સ્પર્શીને જ કર્યા છે.
તે કારણે જ નમસ્કારનો નમસ્કાર
આપણામાં સાચો નમસ્કાર બને છે.

ॐ नमः

## દેહ તથા આત્મદૃષ્ટિએ સત્ય જાણો

આત્મદૃષ્ટિએ મારાથી કોઈ નાનું નથી,
કેમકે સ્વરૂપ દ્વારા તો સર્વ આત્મા સરખા જ છે.
દેહદૃષ્ટિએ મારાથી કોઈ મોટું નથી,
કેમકે કર્મકૃત ભાવો સૌને સરખા છે.
તેમાં શુભ-અશુભનો કોઈ ભેદ નથી.
શુભ પણ પરિણામ દૃષ્ટિએ તો અશુભ જ છે.
'મારાથી કોઈ જ નાનું નથી' એ વિચાર ગર્વને રોકે છે.
'મારાથી કોઈ મોટું નથી' એ વિચાર દૈન્યને અટકાવે છે.
દેહદૃષ્ટિમાં નામ-રૂપ ઊભાં થાય છે,
આત્મદૃષ્ટિમાં તે વિલીન થઈ જાય છે.
આત્મતત્ત્વને વિભુ કહો કે શૂન્ય કહો, એ બે એક જ છે.
શૂન્યતા દેશ-કાળની અપેક્ષાએ છે.
દેશ-કાળ ન હોવા એટલે જ શૂન્યતા હોવી,
પ્રદેશની સંખ્યા, દેહ પરિણામ અને 2/3 અવગાહના
એ બધા પ્રત્યક્ષની ભાષા છે.

क्षुद्राः प्रत्यात्मसाम्येन पर्यायाः परिभाविताः ।
अक्षुद्राश्चापकृष्टत्वात् नोत्कर्षाय महामुनेः ॥६॥

- જ્ઞાનસાર, ૧૮-૬ (પરિશિષ્ટ-૮)

## મનનું મૌન

મનનું મૌન એ ઈશ્વરનું મૌન છે. મનમાં સંકલ્પનો ઉદય જ ન થાય એવી ઉન્મની અવસ્થામાં શાંતિનો ચીર નિવાસ રહે છે. મનનો વિક્ષેપ મૌનનો ભંગ છે. મનને નિસ્તરંગ કરી સમાધિમાં લીન કરવાનો અભ્યાસ એ ખરું મૌન સાધવાનો પ્રયોગ છે. યોગ દ્વારા મનનો પરતત્ત્વમાં રોધ એ મહામૌન છે. આવા મૌનની અસર વિશ્વજીવનને થાય છે. એવો મહાત્મા જ્યારે બોલે, ત્યારે એના બોલ શાસ્ત્ર બને છે. ખરું મૌન ઈશ્વરને બોલવા દેવાનું સાધન છે.

## વાણીમાં વિનય

જીભ એક છે, કાન અને આંખ બે છે. બે વખત સાંભળો, બે વખત જુઓ, એક વખત બોલવા માટે તેમાં સૂચન છે. બત્રીસ દાંત વચ્ચે એક જીભ છે, તેથી બત્રીસ વાર ચાવી પછી જ ગળે ઉતારવાનું છે. વાણીનો ઓછામાં ઓછો ઉપયોગ આવશ્યક છે. વાણીનો દેવતા અગ્નિ છે, તેથી પણ વાણીની દાહકશક્તિ બીજાને દાહ કરનારી ન થાય તે સાચવવાનું છે. વાણીમાં ખૂબ વિનય વસે છે. એ ખોટી વટી જાય તો ભારે નુકસાન કરનારી થાય. વાણીના યોગ્ય વપરાશ માટે સદા સત્યનું ચિંતન અને ઉપાસના કર્તવ્ય છે.

## વ્યવસાયાત્મિકા બુદ્ધિ

ત્રિગુણાત્મક ચંચળ પદાર્થોમાં રમતી ત્રિગુણસ્વરૂપ બુદ્ધિ એક નિશ્ચયવાળી કરવા માટે જીવનભરની સાધના સાચી દિશામાં હોવી ઘટે. જીવનના ધ્રુવ તત્ત્વો અંગે જો માનવ મને સુનિશ્ચય હોય, તો એને સમજાયા વિના નહિ રહે કે ઇતર દેહો ભલે ભોગની પ્રાપ્તિ માટે હોય પણ ઓછામાં ઓછો માનવદેહ તો પરમાર્થ તથા પ્રભુપ્રાપ્તિ માટે જ છે.

વ્યવસાયાત્મક બુદ્ધિનો આ નિશ્ચય હશે અને
નિશ્ચય અનુસાર એના જીવનનો વળાંક હશે.

અનંત બુદ્ધિ કરતાં એકબુદ્ધિ શ્રેષ્ઠ છે.

ચૌદ પૂર્વ અને દ્વાદશાંગીમાંથી આપણને જે પ્રકાશ મળે તે એ છે કે આત્મદૃષ્ટિએ કોઈ જીવ આપણાથી ઉતરતો નથી અને દેહદૃષ્ટિએ કોઈ જીવ આપણા કરતાં ચઢીયાતો નથી. સર્વ જીવની કર્મમુક્ત અવસ્થા સુખદાયક તથા કર્મ-બદ્ધ અવસ્થા જેમ કષ્ટદાયક છે, એમ સર્વ જીવો સાથે પોતાની તુલ્યતાની ભાવના વડે જન્મ પામતું સમત્વ જ
મોક્ષનું અસાધારણ કારણ છે.

૮ મદ, ૪ કષાય, ૩ દંડ, ૫ ઇંદ્રિય મોક્ષમાર્ગે વિઘ્નભૂત છે, આ બધાને ધર્મમાર્ગ વડે જીતવા તે પરમ પુરુષાર્થ છે.

## અભેદ ભક્તિ

પ્રભુ છે, પ્રભુ મહાન છે, એ વાત કરતાં પણ 'પ્રભુ મારા છે' એ સમજણથી ભક્તને જુદો જ રંગ આવે છે.

'ભગવાન મારા છે અને હું ભગવાનનો છું'

આ સમજણ ભક્ત-ભક્તિમાં આનંદની માત્રા લાવે છે.

ભેદ રાખવો તે ભક્તિ - અભેદ ભાવવો તે ભક્ત છે.

અભેદની ભાવનામાં જીવ અને શિવ બંને મળી જઈ વિશુદ્ધ ચૈતન્ય થઈ જાય છે.

પ્રભુનું સર્વજ્ઞત્વ અને જીવનું અલ્પજ્ઞત્વ, તે બંનેને દૂર કરી જીવ અને શિવનો અભેદ ભાવવો, તે જ અરિહંતની ઉપાસના છે.

સુખમાં ભોગાનંદ છે, જ્યારે દુઃખમાં ભાવનાનંદ છે.

જેની બારેમાસ વસંત ખીલે તે સંત.

આજે સંત દેખાતા નથી, કેમકે આપણે સંત થયા નથી.

જે સંત થાય, તેને સંત મળે.

o અંતકાળે વાત, પિત્ત અને કફથી ત્રિદોષ થાય છે. 'મૃત્યુની વેદના ભયંકર છે' તેવો વિચાર નિત્ય કરો તો પાપ નહિ થાય. પાપના સંસ્કારો જલ્દી છૂટતાં નથી, માટે વારંવાર જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-વેદનાનો વિચાર કરો.

નવું હરિપુર, સં. ૨૦૨૦, ફા. સુ. ૧૫, ગુરુવાર

અરિહંતો: ભૂતકાળના અનંતા, વર્તમાનકાળના ઉત્કૃષ્ટ ૧૭૦ અને જઘન્ય ૨૦ તથા ભવિષ્યકાળમાં અનંતા થનાર છે.

સિદ્ધો: અતીતકાળના અનંતા, વર્તમાનકાળના એક સમયમાં ૧૦૮ તથા ભવિષ્યકાળમાં પણ તેથી અનંતા થનાર છે.

સાધુ: અતીતકાળના અનંતા, વર્તમાનકાળના ૯ ક્રોડ કેવળી, ૯૦ અબજ સાધુ તથા અનાગત ભવિષ્યકાળમાં અનંતા આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુ ભગવંતો થનાર છે.

વ્યવહારરાશિની બાદર - પ્રત્યેક અવસ્થામાં આવેલા ભવ્ય જીવો મોક્ષે જવાના છે, તેથી તે જીવોના ભાવિ સાધુપણાના અને સિદ્ધપણાના પર્યાયની અવસ્થાને હૃદયમાં સ્થાપીને નમસ્કાર કરી શકાય અને પર્યાયની અપેક્ષાએ એ ભવ્ય જીવોનો પંચપરમેષ્ઠિમાં સમાવેશ કરી શકાય.

૪ ભાવનાથી મોક્ષમાર્ગમાં જીવોનો સ્થિરતા કઈ રીતે થાય?

મૈત્રીથી જીવોને સ્નેહ મળે છે.

પ્રમોદથી જીવોને વાત્સલ્ય મળે છે,

પ્રમોદથી જ ઉપબૃંહણા અને સ્થિરીકરણ પણ થાય છે.

કારુણ્યથી જીવોને સહાય મળે છે અને

માધ્યસ્થ્યથી જીવોને પરમ આશ્વાસન મળે છે.

ॐ नमः

## સૂત્રપઠન અને સૂત્રજાપનો મહિમા

(१) પંચેન્દ્રિય સૂત્રમાં અનુભવાસી સિદ્ધિ ભેગાવું કરે છે.
(२) ઇરિયાવહિયં અને તસ્સઉત્તરી સૂત્રનો જાપ ભયંકર આશાતાના ઉદયમાં પણ આશાતા મટાડનાર રામબાણ ઉપાય છે.
(3) લોગસ્સ સૂત્રનો જાપ તો અમતકારીક ગણાય છે. તે આરોગ્ય, બોધિલાભ અને ચિત્તસ્વાસ્થ્યને આપે છે.
છ માસ શુદ્ધ આયંબિલની તપશ્ચર્યાપૂર્વક અખંડ બ્રહ્મચર્યના પાલન સહિત લોગસ્સનો જાપ કરવામાં આવે, તો મહાન ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે.
(४) 'કિત્તિયવંદિયમહિયા' એ ગાથાનો ૧૨॥ હજાર વાર જાપ કરવાથી જોવાયું છે કે સમાધિ મરણ મળે છે.
(५) સવારે ઉઠતાંની સાથે જ જાવન્તિનાભિણ સૂત્રની પ્રથમ ગાથાને ૩૨ વાર ગણવા મહામંગલકારી ગણાય છે.
(૬) રાત્રે સુવાનાં સમય પહેલાં નમોત્થુણં સૂત્રનો જાપ 'નમો જિણાણં' સુધી ૧૦૮ વાર કરીને સુવાથી દરેક ચિન્તાઓ દૂર થાય છે, મનમાં રહેલા દરેક પ્રશ્નોના જવાબ તથા ખુલાસાઓ આપોઆપ મળી રહેતા હોય છે. ગમે તેવો પાપનો ઉદય પણ પુન્યમાં પલટાઈ જાય છે. આમ નમોત્થુણં સૂત્રજાપ મહામંગલકારી-ચમત્કારી છે.

(૭) 'નમો જિણાણં જિઅભયાણં।' આ લઘુપદનો જાપ સંસારમાં રહેલી સઘળી વિપત્તિઓને વિખેરી નાંખે છે.
(૮) 'ઉવસગ્ગહરં' સૂત્રનો જાપ ખૂબ જ ચમત્કારી છે. મોઢામાં પાણી નાંખ્યા પછી ૧૦૮ ઉવસગ્ગહરંનો ટંકશાળ જાપ કરનાર આજીવિકાની ચિંતાથી મુક્ત થાય છે.
(૯) 'કલ્લાણ કંદં' સૂત્રની પહેલી ગાથા મહાચમત્કારી છે.
(૧૦) 'સંસારદાવા' સૂત્રની પહેલી ગાથાનો નિરંતર જાપ વિષય અને કષાયને છેદીને મનને નિર્મળ બનાવે છે.
(૧૧) 'વંદિતુ' સૂત્રની પહેલી ગાથાના અડધા ભાગની ત્રણે સંધ્યાએ એક એક માળા ગણવાથી મહાન લાભ થાય છે.

વંદિત્તુ સવ્વ-સિદ્ધે, ધમ્માયરિએ અ સવ્વ-સાહૂ અ।

(૧૨) નમસ્કાર મહામંત્ર, પાંચ દંડક સૂત્રો, ઉવસગ્ગહરં આદિ દરેક સૂત્રો અજોડ મંત્રમય ગણાય છે અને જુદી જુદી રીતોથી તેનો કરેલો જાપ મહાકલ્યાણકારી છે.
(૧૩) શ્રી સોમસુંદરસૂરિજીએ પ્રતિક્રમણની ક્રિયાઓ દ્વારા અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી, એમ જણાવ્યું છે.
(૧૪) કોઈપણ જાપ કે ક્રિયામાં પ્રભુની પ્રભુતાની ઓળખાણ,

આશયની શુદ્ધિ અને સમર્પણ ભાવ,

આ ત્રણ વસ્તુઓ અવશ્યપણે પ્રધાન જ રહેવા જોઈએ.

## મંત્ર, તંત્ર, યંત્રનું માહાત્મ્ય

જીવાત્મા અત્યાર સુધી સુખ અને શાંતિ તેમ જ ચૈતન્ય અને આનંદની શોધ બહાર કરતો હતો, પરન્તુ બહારનાં સુખ-સાધનોમાં તેને કોઈ જાતનાં સુખ અને શાંતિ મળતાં નહોતાં. તારે જે મેળવવાનું છે, તે તો તારી પાસે છે, તારા હૃદયમાં તે રહેલું છે, તું શા માટે બહાર વિષયોમાં ફાંફાં માર્યા કરે છે? શા માટે ખોટાં વલખાં મારે છે? તારું પોતાનું હૃદય જ સ્થાપનાનું-સાધનાનું યંત્ર છે. ત્યાં જ તારે શાંતિની દેવીની સ્થાપના કરવાની છે, હૃદયના મધ્ય કેન્દ્રમાં જ્ઞાનની જ્યોત પ્રગટાવવાની છે.

તે માટે સૌ પ્રથમ આત્મવિશ્વાસ જગાડવો પડશે. આત્મવિશ્વાસ સાથે જ વિદ્યાતત્ત્વ અને શિવતત્ત્વ જાગશે અને પછી શક્તિતત્ત્વનાં દર્શન થશે. એ દર્શન થતાં જ સાધના સહજ બનવા લાગશે અને સિદ્ધ થવા લાગશે. આમ યંત્રને ભૂમિકા ગણીને મંત્રને દૈવ બળ ગણીએ તો હૃદયરૂપી અધ્યાત્મભાવનામાં ચૈતન્યનો સંચાર થશે અને તે મંત્ર આપોઆપ દૈવ બની જશે.

તમારામાં જેના બીજાંકુર નહિ એવું કોઈપણ જ્ઞાન તમને કોઈપણ મહાપુરુષ આપી શકે નહીં, કારણકે જ્ઞાન એ આપવાની વસ્તુ નહિ પણ પ્રાદુર્ભાવ પમાડવાની વસ્તુ છે.

who is really rich?

He is rich not that hath much,
but that coveteth the least.
A kind word, a cheerful smile,
a friendly glance, a show of interest,
the touch of sympathy, a helping hand -
any of these can pull the cord and
save a soul from disaster & death through.
A man of genius has been
seldom ruined but by himself.
Whatever the brain may plan, the
heart knows first and whoever can go
beyond the brain to the heart,
will hear the voice of the external.
criticism is a disintrested endeavour
to learn and propagate the best that
is known and thought in the world.
Religion binds man to God and
also man to man.

## Self Sacrifice VS universal love

Ahinsa does not mean
only negative of violence,
it also means total absence of
greed, passion and untruth.
This calls for a great discipline in
self-Sacrifice and does not Come without
awakening that sense of universal love,
which makes one work to protect and
not to destroy all that excists.

o You must be good
for the love of goodness.
You must be just
for the love of justice.
You must be pure
for the love of purity.
You must be unselfish
for the love of unselfishness.
Now you are sure to advance on the way.

જગતનું ઈષ્ટ પોતાનું ઈષ્ટ બને ત્યારે લવનો અંત આવે.
અહીં 'લવ' એટલે સ્વાર્થ અને 'લભ' એટલે પરમાર્થ.
પોતાના એકલાના સુખનો વિચાર લવવૃત્તિનો હેતુ બને છે.
લવવૃત્તિનો અંત વિશ્વભાવથી થાય છે.

એક બાજુ નારી માતૃત્વની મંગળમૂર્તિ, અમૃતની અસ્ખલિત ધારા અને સમર્પણની ભવ્ય કવિતા છે, બીજી તરફ તે કાળની એક ચિનગારી પણ ગણાય છે. એ ચિનગારીથી અંજાઈને ભલભલા મહાત્માઓ બળીને ખાખ થઈ જતા હોય છે.

## પુરુષાર્થ - પ્રારબ્ધવાદ

જ્યારથી આપણે પુરુષાર્થ અને શ્રમ છોડ્યાં, ત્યારથી લોટી ઘટી ગયાં, ખુમારી ઘટી ગઈ, તેજ ઘટી ગયું તથા બુદ્ધિ તો કૃતઘ્ન અને નિષ્ઠુર થઈ ગઈ. આપણા જીવનમાં જે કરુણા હતી, તેનું સ્થાન નિષ્ઠુરતાએ લઈ લીધું. આપણી બુદ્ધિમાં જે પવિત્ર હતું, તેનું સ્થાન સ્વાર્થે લીધું. આપણા હૃદયમાં જે ત્યાગ હતો, તેનું સ્થાન પરિગ્રહે લીધું. આ બધું પુરુષાર્થને બદલે પ્રારબ્ધવાદનું જ ફળ છે.

## દોષનજર - ગુણનજર

દોષનજરથી નિંદા કૂવે, ગુણનજરે કૂએ રાગ રે,
બા સદિ ચાલે માદલ મધ્યે, સર્વ ગુણી વીતરાગ રે.

બીજાનો થોડો ગુણ ગણીને આનંદ થવો જોઈએ અને પોતાનો નાનો દોષ ગણીને જાતને નિર્ગુણી માનવી. જે તેમ માની શકતો નથી, તેને સત્યની પ્રાપ્તિ થઈ નથી.

## દાનધર્મ - દયાધર્મ

ધર્મની માતા દયા, ધર્મનો પિતા દાન છે.

પાપની માતા માયા, પાપનો બાપ માન છે.

દાન વડે માનનો નાશ અને દયા વડે માયાનો નાશ થાય છે. દાનમાં સર્વશ્રેષ્ઠ દાન સન્માનનું દાન છે. દયામાં સર્વના દુઃખ દૂર કરવાની બુદ્ધિપૂર્વકનો યથાશક્તિ પ્રયત્ન છે.

o

Truth is relative to ourstand points.

o They are never alone that are accompanied by noble thoughts.

o Jealousy is so bred in the bone that it can stay in the flesh for long time.

o Blessed are those who are humble in Spirit, for theirs is the Kingdom of heaven.

o The true civilisation is where every man gives to every other every right that he claims for himself.

સં. ૨૦૨૦, ફાગણ ૬, બુધવાર

(૧) પ્રગતિ માટે અજ્ઞાનપણે કે અજ્ઞાનપણે પરોપકારની પ્રવૃત્તિ આવશ્યક છે. પરસ્પરોપગ્રહ જીવમાત્રનો સ્વભાવ છે. દાન અને પરોપકાર એ જુદા અર્થવાચી શબ્દો છે. અસંજ્ઞી અવસ્થામાં કર્તવ્યાકર્તવ્યનું ભાન નથી ત્યારે અનિચ્છાએ પણ પ્રગતિ માટે પરોપકારમય પ્રવૃત્તિ કરવી પડે છે. પ્રકૃતિના નિયમો બળાત્કારે પણ પરોપકારના કાર્યમાં શક્તિનો ઉપયોગ કરાવીને પ્રગતિ કરાવે છે. વૃક્ષો, નદીઓ, સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્ર, ગ્રહ, મેઘ, વિદ્યુત, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ પરોપકારનું કાર્ય કરી રહ્યા છે.

કીડી-કીટાણુઓ ભૂમિને રસાળ બનાવે છે.

જળચર જીવો જળને નિર્મળ બનાવે છે.

કૂતરા અને કૂકડાઓ રાતભર ચોકી કરીને બ્રાહ્મમુહૂર્તમાં બ્રહ્મવિદ્યામાં સાવધ થવા સાવધાન કરે છે. રાસભ-કરભ* સ્વાવલંબી જીવન જીવી સ્વામીની સેવા કરે છે. બકરા-ઘેટાં ઊનનાં વસ્ત્રો આપી શીતત્રાણ કરે છે, તાપથી બચવા ચામડાં આપે છે. ગાય-ભેંસ પોતાના મળ-મૂત્રથી ઝેરી કીટાણુઓના વિષને દૂર કરે છે તથા મનુષ્યનાં પોષણ માટે દૂધ, દહીં, ઘી આપી બળ અને

(*કરભ = હાથીનું મદનિયું કે ઊંટનું બોતડું)

આરોગ્યની વૃદ્ધિ કરે છે. હાથી - ઘોડા - બળદ પ્રવાસમાં
વાહનનું કાર્ય કરે છે. આ રીતે જોતા આખું સંસારચક્ર
પરોપકારના પાયા ઉપર જ પ્રવર્તી રહેલું જણાય છે.

પરોપકાર માટે જ આ માનવશરીર મળેલું છે.

પરોપકાર વિનાનું જીવન જીવનારો મહાપાપી છે.

પરોપકારના રંગથી રંગાવામાં માનવજીવનની સફળતા છે.

અન્ય પ્રાણીઓ અનિચ્છાએ પરોપકાર કરે છે,
માનવ સ્વેચ્છાએ કરે છે એટલે જ તે ઉચ્ચ ગણાય છે.

પરોપકાર એજ પરમાર્થ છે.

કોઈપણ સ્થિતિ કે સંજોગોમાં પરોપકાર કરવો,
એજ પ્રધાનકર્તવ્ય છે.

દરેક જીવ પારકાના ઉપકારમાં ફાળો આપવા બંધાયેલો છે.
જો ન આપે તો તે વિશ્વવિધાનનો અપરાધ કરે છે;
એ વિધાન બનાવનારનો દ્રોહ કરે છે.
એના કટુ વિપાક તેને ભોગવવાં પડે છે.
તેનાથી બચવા માટે
તેણે પરોપકારના પ્રબળ નિયમને આધીન રહેવું જોઈએ.
પરોપકારની રીત પશુ કરતાં માનવની, માનવ કરતાં
મુનિઓની તથા ગૃહસ્થ કરતાં યોગીઓની જુદી હોય છે.

ૐ નમઃ

તેના ફળનો પણ ભંગ ન થવો જોઈએ,
અન્યથા પોતે ઉપકરણ બનવાને બદલે અધિકરણ બને છે.
નાના બાળકને ધાવણના સ્થાને અન્ન આપીએ અને
મોટાને અન્નના સ્થાને દૂધ આપીએ તો ઉપકાર ન થાય.

ગૃહસ્થનું કાર્ય સાધુ કરે અને
સાધુનું કાર્ય ગૃહસ્થ કરે તો અનર્થ થાય.

ધનવાન ધનથી, બળવાન બળથી અને
મેધાવી મનથી પરોપકાર કરી શકે છે.

બધાંની પાસે એક જ પ્રકારનાં સાધન હોવા અસંભવિત છે.
પંચમ ગુણસ્થાનક સુધી પરોપકારમાં પર વસ્તુની પ્રધાનતા છે.
છઠ્ઠા ગુણસ્થાનકથી અધ્યવસાય અને ભાવની પ્રધાનતા છે.
પંચમ સ્થાને રહેલ સાધુઓ પોતાના સંકલ્પથી જ પ્રજાને
સન્માર્ગે ચઢાવી સદાચારી બનાવી શકે છે. સાધુ પુરુષોનો
દેહ પરોપકારનો પીંડ અને અહિંસાનો અવતાર મનાય છે.
પરોપકારની પ્રક્રિયાથી અળગા રહે તે માનવ પણ
નહિ, મુનિ પણ નહિ અને વળી મહેશ્વર પણ નહિ.
સિદ્ધાવસ્થામાં સિદ્ધાત્મા સ્વભાવસિદ્ધ સર્વોપકારક છે.

સિદ્ધાવસ્થાનો પરોપકાર
સૂર્ય અને ચંદ્રના ઉપકારની જેમ સહજ છે.

(૨) દાન, શીલ, તપ અને ભાવ - એ ૪ પ્રવૃત્તિધર્મ છે, જ્યારે અહિંસા, સંયમ અને તપ એ નિવૃત્તિધર્મ છે.

શૂન્યતામાં પૂર્ણતા છે. નમ્રતામાં શૂન્યતા છે. કૃતજ્ઞતામાં નમ્રતા છે. પરોપકારમાં કૃતજ્ઞતા છે. ધર્મમાં પરોપકાર છે. કર્મના નાશમાં ધર્મ છે. આત્માના અજ્ઞાનમાં કર્મ છે.

વિષયોના વ્યામોહમાં આત્માનું અજ્ઞાન છે.

અનાદિ અવિદ્યામાં વિષયોનો વ્યામોહ છુપાયેલો છે.

અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ બધા સિદ્ધાત્માની જ પૂર્વાવસ્થાઓ છે, તેથી જ તે પરમેષ્ઠિઓ કહેવાય છે. તેમાં સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની સંપત્તિ વસે છે.

પરમતત્ત્વ સાંત કે અસાંત નહિ, કિન્તુ સાંતાસાંત છે. સાંત હોય તો પરિમિત બને. પરિમિતતત્ત્વ વિનાશી હોય. અસાંત હોય તે અપ્રતીત થાય. અપ્રતીતની શ્રદ્ધા ન થાય.

અહિંસાથી પ્રેમ અને સત્યથી વિશ્વાસ જન્મે છે.

ચમત્કારથી નમસ્કાર એ લોકવૃત્તિ છે.

નમસ્કારથી ચમત્કાર એ ધર્મવૃત્તિ છે.

ધર્મનું મૂળ નમસ્કાર છે. ધર્મનું ફળ પુરસ્કાર છે.

ધર્મનું સ્વરૂપ સમભાવ - ભાવવિશુદ્ધિ - ચિત્તપ્રસાદ છે.

ધર્મના અંગો: પ્રભુની પ્રભુતા, હૃદયવિશુદ્ધિ, સર્વસમર્પણતા.

મનુષ્યના આત્માની મહાન પરમાત્મા સાથેની એકતા તે તો વિશ્વની સૌથી મોટી શોધ છે. હજારો સદીના કેટલીક શોધ એ શોધની સામે ટકી શકે એમ નથી.

આત્મા અને પરમાત્મા મળીને જીવન બને છે.

પરમાત્માથી છૂટો પડીને આત્મા એ મરણ છે.

ભેદ એ મરણ અને અભેદ એ જીવન છે.

જાગૃત ભાવો સ્વર્ગ છે. કુત્સિત ભાવો અવસાદ છે.

વિષયભોગનું સુખ ઘર બાળીને દિવાળી કરવા જેવું કે ઘરવખરી વેચીને મેળો ભરવા જેવું છે.

કામ અને શોક, પગ દાઝવા અને પગ કચડવા, કાન આમળવા અને કાનપટ્ટી પકડવા, આશયાનુસાર સુખ-દુઃખ આપે છે.

અંતઃકરણની પ્રેરણામાંથી નીકળે તે ઉચ્ચ આનંદદર્શક અને સ્વાર્થ કે જરૂરીયાતમાંથી નીકળે તે ક્ષુદ્ર આનંદદર્શક છે.

ધર્મમાં સ્વાર્થ નથી, સ્વયં આનંદ છે.

ધર્મ એ વાણી, વર્તન, વિચાર જ છે.

સત્ય તે જ બોલી શકે જેનામાં ચિંતન હોય, શ્રદ્ધા હોય. ધર્મનું મૂળ નમસ્કાર છે, ધર્મનું ફળ સર્વમંગલ છે અને ધર્મનું સ્વરૂપ ચિત્તપ્રસાદ છે. સોના જેવું પીળું જ્ઞાન, સોના જેવું ચોકખું દર્શન અને સોના જેવું ભારે ચારિત્ર છે.

## ઈશ્વરના સ્મરણ દ્વારા આપણે

જ્યારે ઈશ્વર સાથે સ્વાભાવિક સંબંધ જોડીએ છીએ, ત્યારે સંસારમાં આપણને ક્યારેય એકલાપણું લાગતું નથી.
આપણી સાથે સદા આપણો ઈશ્વર રહેલ છે.

શ્રી ભગવાન કૃષ્ણની સાથે અતૂટ નાતો બાંધીને જ આપણે એના નિર્મળ કાર્યમાં સાથ આપી શકીએ છીએ.

સન્માનનું દાન ધર્મનું મૂળ છે. સન્માન ગુણ ને ઉપકારનું કરવાનું છે. માતા-પિતા, દેવ-ગુરુ, આત્મા - એ ત્રણનો ઉપકાર મુખ્ય છે. ગુણ માનવાથી ગુણ પ્રગટે છે. આત્મકૃપા, ગુરુકૃપા અને દેવકૃપા વિના મનુષ્ય જીવી શકતો નથી. દાન એ ધર્મનું મૂળ છે, લાભ એ ધર્મનું ફળ છે અને શીલ અને તપ શાખા-પ્રશાખા છે. શીલ ઇંદ્રિયનિગ્રહરૂપ છે અને તપ ઇચ્છાનિરોધરૂપ છે
તેમાંથી જ મુક્તિરૂપ લાભ પ્રગટે છે.

૪ વસ્તુ આ જગતમાં અતિ દુર્લભ છે: ઇંદ્રિયોનો વિજય, સત્યધર્મનું આચરણ, હિતવચન અને સન્માનનું દાન.

ધર્મ એ પાપરૂપી વાદળને વિખેરી નાખવા માટે પવનરૂપ છે, કર્મરૂપી ઇંધનને બાળી નાખવા માટે અગ્નિનો કણ છે. યોગ એ સર્વ વિપત્તિરૂપી વેલડીનો છેદ કરવા માટે તીક્ષ્ણ કુઠાર છે.

એ ત્રિશક્તિરૂપા તૃષ્ણાને વશ કરવા મંત્ર-તંત્ર વિનાનું વશીકરણ છે. હિંસા ધર્મનો, અસત્ય મોઢાનો, સ્તેય ધનનો, અબ્રહ્મ કામસુખનો અને પરિગ્રહ સર્વેનો નાશ કરે છે. હિંસક શરીરનો, અસત્યવાદી મુખનો, પરિગ્રહી મનનો, અબ્રહ્મસેવી ઈંદ્રિયનો, ચોરી કરનારો ધનનો રોગી બને છે.

મનુષ્ય એ ઘડાઈ રહેલો ઈશ્વર છે.

દિવ્યતાની બધી વિભૂતિઓ તેનામાં સૂતી પડી છે. એવો કોઈ ગુણ નથી જે મનુષ્યમાં વિકસી ન શકે. એવું કોઈ પતન નથી જેમાંથી મનુષ્ય ઉંચે ન આવી શકે; એવા કોઈ બંધન નથી જેને મનુષ્ય તોડી ન શકે. ધર્મનો અનુભવ એ ચૈતન્યનો અનુભવ છે. ચૈતન્યમાં સુખ દુઃખની લાગણી છે. તેને સમજીને એ લાગણી પ્રત્યે લાગણી બતાવીને વર્તવું, એ ધર્મનું તત્ત્વ છે.

(3) વાસનાઓના વશમાં રહેલો મનુષ્ય

એ બિલાડીના ઘરમાં રહેલા ઉંદર જેવો છે.

ભગવાનના ભજન વિના મનુષ્ય બની ભારવાહક ઉંટ, ગર્દભ અને ભેંસની જેમ સંસારનો ફેરો ફર્યા કરે છે. સંન્યાસીની નકલ કરી શકાય પણ વૈરાગ્ય ન આવી શકે. સૈનિકની નકલ કરી શકાય પણ શૌર્ય નહિ લાવી શકાતું.

સ્વરૂપનું ચિત્ર દોરી શબ્દ પણ એનાથી પ્રકાશ ન મળી શકે.
નાચી, કૂદી, ગાઈ-બજાઈ કીર્તનમાં રંગ લાવી શબ્દ પણ
ઈશ્વરપ્રેમ લાવી શકાતો નથી.

શ્રી અરિહંતને નમવું એ શત્રુતાનાશને અને મિત્રતાના ભાવને નમવા બરાબર છે. જીવનો શત્રુ-જીવનું દુષ્ટ સ્વમન-શત્રુતાભાવ છે. તેનું દમન કરે તે અરિહંત છે.

'નમો અરિહંતાણં ।'

એ મહામંત્ર છે, કેમકે તેમાં અરિહંતત્વને નમન છે. અરિહંતત્વના બે અર્થ છે: પરમ મિત્રતા વડે શત્રુતાને હણનાર અને જીવમાત્રનું હિતચિન્તન કરીને ઉત્કૃષ્ટ વૃત્તિઓ વડે ત્રિભુવનપૂજ્ય બનનાર તથાભવ્યત્વના બળે સચરાચર સૃષ્ટિના ઉપકારી બનનાર ત્રિભુવનના પતિ.

## ધર્મશાસ્ત્રોની સુસાર્થકતા શેમાં છે?

ભાવના વિરુદ્ધ વાસ્તવ, વાસના વિરુદ્ધ આત્મસિદ્ધિનો અને વ્યક્તિહિત વિરુદ્ધ સમષ્ટિહિતનો સુમેળ યોજવામાં.

ધર્મનું મૂળ = નમસ્કાર (ભક્તિપૂર્વકની સાધુસેવા).
ધર્મનું સ્વરૂપ = મૈત્રી (પ્રાણીમાત્ર સાથે ભાવપૂર્વક).
ધર્મનું ફળ = મોક્ષ (આત્માનંદ ગુણ).

નમસ્કારનો પુરસ્કાર ચિત્તપ્રસાદ, ચિત્તપ્રસાદનું ફળ મોક્ષ.

ભાવ મોક્ષનું સાક્ષાત્, ઉપાસના ભાવનું અંતરંગ અને
કર્મ ભાવનું બહિરંગ સાધન છે. કર્મ મૈત્ર્યાદિ ચિત્તશુદ્ધિ
કરે છે. ભક્તિ ગુરુ-અવજ્ઞાદિ દ્વારા અંતરંગ સાધન છે.

ભાવ અને ઉપાસના વડે ભેદ ૪ પ્રકારે છે:
કારણભેદ, સ્વરૂપભેદ, ફળભેદ અને વિષયભેદ.
ધ્યાન શબ્દનો પર્યાયવાચક શબ્દ ઉપાસના છે.

તે કૃતિસાધ્ય જ્યારે ભાવ વસ્તુતંત્ર-પ્રમાણતંત્ર છે.
જિનેશ્વરદેવોની ભાવના પ્રત્યે સમર્પણનો ભાવ એ
આવે તો પરોપકાર ભાવની જ અનિવાર્યતા સમજાવે છે.
ભવભ્રમણનો નિયમ સમ્યક્ત્વ ઉપર જ આધાર રાખે છે.
અર્ધપુદ્ગલ પરાવર્તથી અધિક ભવભ્રમણ ન થાય એવો
નિયમ ભાવ કે આરંભની અપેક્ષા નથી રાખતો, કિન્તુ
તે જિનવચન, જિનવિચાર અને જિનવર્તન ઉપર
સમર્પણભાવ તથા આદરભાવની અપેક્ષા રાખે છે.

૦ જીવદયાનું ધર્મનિયમ ૩ કરણ અને ૩ યોગપૂર્વક
જ પૂર્ણ બની શકે છે. મનકરાવણ અને મનઅનુમોદન
વિશ્વમૈત્રીના - વિશ્વહિતચિંતનના ભાવની અપેક્ષા રાખે છે.

૦ માન જતવા આત્માપેક્ષાએ મારાથી કોઈ ઉતરતું નથી.
દૈન્ય જતવા માટે દેહાપેક્ષાએ મારાથી કોઈ ચઢીયાતું નથી.

ભગવાનના વિચારને જ આપણો વિચાર બનાવવો જોઈએ. સ્નેહના આધાર ઉપર શરીરનું મનનું અને ઈંદ્રિયોનું દમન વાસ્તવિક છે. સૌથી મોટી તકલીફ પણ એટલો નિગ્રહ નહિ કરી શકે કે જેટલો નિગ્રહ સ્નેહપરવશ પિતા-પુત્ર, ભાઈ-ભગિની, પતિ-પત્ની કરી શકે છે, કેમકે આ નિગ્રહનો આધાર પ્રેમ અને સ્નેહ જ છે. પિતાને વચનના ઋણમાંથી મુક્ત કરવા રામ ઈંદ્રિય-મનનો કેટલો નિગ્રહ કરી શક્યા? પુત્રને ચૌદ વર્ષના વનવાસના કષ્ટમાંથી મુક્ત કરવા દશરથ કેટલું દમન કરી શક્યા?

માતા, પિતા, બંધુ, મિત્ર, સ્વામી, ગુરૂ આદિ માટે
જે કષ્ટ સહન કરવાની શક્તિ પ્રગટે છે,
તે સ્નેહપરિણામથી હોય છે.
ધર્મ પણ ભયપરિણામથી નહિ,
કિન્તુ સ્નેહપરિણામથી જ થઈ શકે છે.
હાથજોડ = દ્રવ્યસંકોચ, માનમોડ = ભાવસંકોચ,
પ્રેરકતત્ત્વ = સ્નેહપરિણામ. સત્યમ્ = સદ્ભ્યો હિતમ્ ।
જેનાથી પરને હિત થાય તે સત્ય છે.
સત્ય, પરોપકાર, ધર્મઅવિરોધક છે.
સતને ટકાવી રાખનાર, ધારણા કરનાર જે હોય તે સત્ય.

દુર્ગતિમાં પડતાં જીવને ધારણ કરનાર પરોપકાર છે.

પરોપકારની પૂજા તે તીર્થંકરની પૂજા છે.

દેવ-ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વનો આધાર પરોપકાર છે.

મોહરાજાનું પ્રથમ શસ્ત્ર પરિગ્રહની વાસના છે, તેથી જ લાંચ રૂશ્વતથી ૯૦% સરકારી અમલદારો વશ કરી શકાય છે. બીજું શસ્ત્ર મૈથુનસંજ્ઞા છે. એ વડે ૧૦૦% વશ કરી શકાય. ત્રીજું શસ્ત્ર શાસ્ત્ર વિરુદ્ધ પ્રવચન છે. એથી નાસ્તિક વર્ગને નિર્ભય બનાવી શકાય છે તથા લોકોને સાવ દૂર કરવાના મિથ્યા પ્રલોભનોથી અન્ય શાસ્ત્ર વિરુદ્ધ ઉપદેશ આપીને નગરના પ્રજાજનોને સર્વથા વશ કરી શકાય છે. ચોથું શસ્ત્ર અભક્ષ્યનું ભક્ષણ છે. તેમાં પણ રાત્રિભોજન મુખ્ય છે. અભક્ષ્ય એટલે માંસ, ઈંડાં, કંદમૂળ, દ્વિદળ આદિ. એથી પ્રજાને સાવ સહેલાઈથી ધર્મ વિરુદ્ધ બનાવી શકાય છે.

o આત્માની અંદર જે કાંઈ છે, તે બધું શાશ્વત છે. આત્માની બહાર જે કાંઈ દેખાય છે, તે ક્ષણભંગુર છે.

o આસન બાંધીને બેસવાથી આસ્તે આસ્તે
વૃત્તિને બાંધી શકાય છે અને તેથી જ
આસ્તે આસ્તે વૃત્તિનો સંયમ
મનુષ્યના મનને બાંધવામાં મદદગાર થાય છે.

अपवित्रः पवित्रो वा सुस्थितो दुःस्थितोऽपि च ।
ध्यायेत् पंचनमस्कारं सर्वपापैः प्रमुच्यते ॥ (परिशिष्ट-९)

શ્વાસોશ્વાસ ક્યારે લેવાય અને ક્યાં લેવાય તે પ્રશ્ન આપણે ક્યારેય કોઈને પૂછતાં નથી, તેમ જ નવકાર ક્યારે અને ક્યાં ગણાય તે પ્રશ્ન પણ અપ્રસ્તુત છે.

આંતરિક શુદ્ધિનું સતત કાર્ય કરનારા જ નવકારના સ્મરણથી ઘડીભરને માટે પણ છૂટા પડવા એટલે આપણી અંદરના અને બહારના વાતાવરણમાં જે જે મલિનતત્ત્વો એકઠાં થાય છે, તે સાધનામાં અવરોધરૂપ બને છે.

નવકારના ભાવવિહોણા ભજનની ક્ષણોમાં
થાક, ગ્લાનિ અને વિસંવાદિતા વધે છે.

નમસ્કારના ભાવવિહોણું ભજન એ તો માત્રામેળ, છંદમેળ અને અર્થપૂર્ણ શબ્દરચનાવિહોણાં કાવ્ય સમું બને છે.

ધર્મશ્રદ્ધાના બે પાસાં

એક આત્માભિમુખતા અને બીજું પરમાત્માભિમુખતા.
આ બે ભેગાં થાય છે, એટલે
જીવન એક અખંડ અને અભેદ સ્વરૂપવાળું બને છે.

દુનિયા આપણને આપણાં કર્માનુસાર ઓળખે, તેના કરતાં ધર્માનુસાર ઓળખે તે સ્વપર ઉભયના હિતમાં છે.

ધર્મ પુરુષની ઓળખાણ સરલ
આત્માર્થિપણાની અને પરહિતપરાયણતાની ઓળખાણ.

## ભક્તિ અને ભય

કરુણા અને પ્રમોદ ભાવનાની સ્થૂલ દશાને ભયો નડવાના જ.
દેશકાલાતીત પરમાત્મતત્ત્વની સાધના વિના
ભયાતીત અવસ્થા અશક્ય છે.
જ્યાં નમ્રતા છે, ત્યાં નિર્ભયતા છે.
ભયનો વા આડે ત્યાં શુદ્ધ ભક્તિ ભાગી છે.
દિલમાં રહેલ દેહભાવ સાથે દેવનો ભાવ પણ જોડેલો છે.
આ દેહભાવ વડે જ દેવભાવનો પ્રકાશ કરી શકાય છે.
દિલમાં ભક્તિ જાગે સરલ જીવમાત્ર પ્રત્યે સદ્ભાવ વધે,
જીવહિતથી ન્યારા એવા હિતની આકાંક્ષા દિલમાંથી દૂર થાય.
ભક્તિજન્ય મૈત્રીભાવને પ્રભાવે ભય ભગાડવામાં
નિમિત્તભૂત બનવાની વૃત્તિ મનના મૂળમાં ઊતરી જાય છે.
પંચ નમસ્કાર દ્વારા મનસાતીત ભૂમિમાં પ્રવેશીને
આસાનીથી ભયમુક્ત બની શકાય છે.
ધર્મશ્રદ્ધા, પ્રભુભક્તિ, જીવમૈત્રી - ત્રણમાંથી એકનું પણ
અપમાન જ્યારે વાણી, વિચાર અને મન વડે થતું અટકે છે,
ત્યારે નિર્ભયતાનું સામ્રાજ્ય પ્રાપ્ત થાય છે.

આંખોને મન સાથે, મનને દિલ સાથે અને દિલને દેવાધિદેવ
સાથે જોડી એટલે ભક્તિ અવસ્થા આવાને ઉભી રહે.
ભક્તિથી ભય નાશ પામે છે.

## આત્મભાવ

સ્વભાવ = આત્મભાવ. તે જાગે પરભાવ વિદાય થાય.
પરભાવને જીતવો એ ધગધગતા ભવરોગ અંગારાને
હાથની હથેળીમાં ઝીલવા કરતાં પણ વધુ અનર્થકારક છે.
આત્માને ભાવ આપવાથી તુરંત આત્મભાવ પ્રગટે છે.
આત્માને ભાવ અપાય એટલે સંસારના ઉપદ્રવો
જીવને જરાસરખી પણ તકલીફ કે અસુવિધા ન પહોંચે.

## આત્મભાવ - પરભાવ

*First of all I am a Soul,*
*Spirit and a spark of the divine.*

ભાવ જેટલો વધુ પવિત્ર અને સૂક્ષ્મ, તેટલું વિકસિત તેનું
પવિત્ર અને દીર્ઘ આયુષ્ય; તેમ અધિક તેની શુભ-
અસરકારકતા. પરભાવ આપણને ક્યાંય ડોલાવતો નથી,
આપણે જ તેના તરફ ખેંચાઈએ છીએ અને તેને સમર્પિત
થવા તલસતા રહીએ છીએ. સ્વભાવની વધ-ઘટ
ઉપર જીવમાત્રના ઉત્થાન અને પતનનો આધાર છે.

સ્વભાવ વધે સંસારના ઉંચામાં ઉંચા પદાર્થો પગમાં આળોટે.
પરભાવ વધે એટલે પેટ ભરવા પૂરતું અન્ન પણ ન મળે.
ધર્મચક્રવર્તી અરિહંત પરમાત્માનાં ગુણરૂપ અષ્ટમહાપ્રાતિહાર્ય
એ ઉત્કૃષ્ટતમ સ્વભાવમયતાનું અન્યતમ પ્રતીક છે.
આત્માની શક્તિ અમાપ, અચિન્ત્ય અને અનંત છે.
કર્મોના કાચા માલમાંથી આત્મા શરીરોની જે રચના કરે છે,
તે જ આત્માની શક્તિનો જીવતો-જાગતો પુરાવો છે.
ગુલાબની એક પાંખડી કે મોરનું પીછું કોણ બનાવી શકે?
આત્મશક્તિનો તે પણ એક અન્ય પુરાવો છે.
ઘર છોડીને બહાર ભટકવું જેટલું દુઃખદાયી છે,
તેથી વધુ કષ્ટદાયક આત્મભાવ છોડી પરભાવમાં ભટકવું તે છે.

## દાન-શીલ-તપ-ભાવ

સ્વને ભાવ આપવા માટે સ્વનો યોગ કરાવી આપનારા
દાન, શીલ, તપ અને ભાવમાં જીવનને જોડવું જોઈએ.
આહાર, ભય, મૈથુન અને પરિગ્રહનો યોગ પરભાવને
ઉત્તેજે છે. તેમાંથી મુક્ત થવા માટે દાન, શીલ, તપ અને
ભાવનો યોગ આવશ્યક છે. દાનનો ઉત્કૃષ્ટ અર્થ 'હું'ની
ભિન્નતાને સર્વ કોઈની ચિંતામાં પરિણમન કરવો તે છે.
ઇંદ્રિયો અને મનને આત્મામાં લીન કરવા તે શીલ છે.

V. Imp. દાનથી દેહનો અધિકાર જાય છે.
શીલથી આત્માનો અધિકાર આવે છે.
તપ આત્માને નિર્મળ બનાવે છે અને
ભાવ એ આત્માને જાગતો કરે છે.
શરીર, વાણી અને વિચાર તેના આજ્ઞાંકિત બને છે.
નિઃસ્પૃહતાના આદરમાં સાચું સ્વત્વ પ્રગટે છે.
આપણા મન, વચન તથા કાયા ઉપર
આહાર, નિદ્રા, ભય, મૈથુન અને પરિગ્રહનું જે ચલણ છે, તેના સ્થાને સર્વજીવહિતકર અરિહંતોની આજ્ઞાનું ચલણ થવું જોઈએ. એનું જ નામ આત્મભાવ છે. તેથી વર્તમાનની દરિદ્રતા, અલ્પતા, ક્ષુદ્રતા, તુચ્છતા અને પામરતાનો અંત આવે છે. આત્મા આત્મભાવમાં રમે છે. જીવો પ્રત્યેના અનાત્મભાવનો ત્યાગ કરવો તે માર્ગ છે, માર્ગાનુસારિતા છે. તેના દ્વારા જ આત્મભાવનું મંગળમય પ્રભાત ઉઘડે છે.

સર્વત્ર સુખી ભવતુ લોકઃ।

નાના સરખા જીવને પણ દુઃખ પહોંચાડીને સુખી થઈ જવાની દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ નહિ પણ મિથ્યાદૃષ્ટિ છે. સર્વત્ર સુખી ભવતુ લોકઃ। એ સિવાયનો ભાવ આત્માના ઘરનો નહિ પણ આત્મા ઉપર રહેલા સ્થૂલ પરિબળોનો છે.

# વ્યસન

વ્યસન પાડવું તો કોઈ ઊંચા-ઉચ્ચ વસ્તુનું પાડવું જોઈએ;
ક્રૂર, તુચ્છ, નકામા અને હાનિકારક વસ્તુનું ન જોઈએ.
પાન, બીડી, તમાકુ, અફીણ, દારૂ, કલહ, કુથલી, ખુશામત કે
તેજોદ્વેષનું ન હોવું જોઈએ. નિર્વ્યસની કોઈ હોતું નથી.
હોટલ-ખાનપાનની આ દુનિયામાં નિર્વ્યસની શોધવો દુષ્કર છે.
પાટીયા પરથી વ્યસનો બાબત સભાન યત્ન કરતો નથી.
સૌ એ ધર્મસાધનાનું વ્યસન કેળવવું અત્યંત જરૂરી છે.
સાધના ક્યાં સુધી કરવી? આપોઆપ થવા ન માંડે ત્યાં સુધી.
ચક્રભ્રમણની જેમ દંડ ક્યાં સુધી ફેરવવો?
જ્યાં સુધી ચકરડું પોતાની મેળે ફરવા ન લાગે ત્યાં સુધી;
એટલે કે સાધનાનું વ્યસન ન પડે ત્યાં સુધી.
દાન ક્યાં સુધી આપવું? ક્ષમા ક્યાં સુધી રાખવી?
સત્ય ક્યાં સુધી બોલવું? તે સૌનું વ્યસન ન પડે ત્યાં સુધી.
એવું કહે એક સમય એવો આવે છે કે સાધક સાધનાને
છોડવા માંગે છે, તો પણ સાધના સાધકને છોડતી નથી.
વ્યસનનો અર્થ જ એ છે કે વ્યક્તિ તેને છોડવા માંગે
તો પણ વ્યસન વ્યક્તિને છોડતું નથી. એવા વ્યસની
ઊપર વ્યસનની મજબૂત પકડ અને નાગચૂડ ભીંસ હોય છે.

સારી અને ઉચ્ચ વસ્તુનું વ્યસન પડવું જરૂરી છે છતાં
પડતું નથી, તેથી તે માટે જાગ્રત પુરૂષાર્થ હોવો જોઈએ.
અધ્યાત્મ એ માત્ર મહાન જ નહિ પણ વિરાટ છે.
વિશાળતાને જે ન વિચારી શકે તે વિરાટને કેવી રીતે જાણે?

દુનિયાની સૌથી સુંદર વસ્તુ કઈ?
જે સૌથી વધુ રહસ્યમય હોય તે.
વિશ્વનો સૌથી સુંદર અને રહસ્યમય પદાર્થ ધર્મ જ છે.
ધર્મ એ કરૂણાનો ધોધ છે.

ધર્મને ઓળખવા માટેનું પ્રત્યક્ષ એ 'મા' શબ્દ છે.
માનું વાત્સલ્ય એ ધર્મનું આંશિક પ્રતીકરૂપ છે.
ધર્મ એ રમત કે ફુરસદનું કાર્ય નથી પણ જાગૃતિની કહાણી છે.
ભૌતિક પદાર્થો વડે થતો ઉપકાર એકપાક્ષિક છે.
ઉભયપાક્ષિક ઉપકાર અભૌતિક પદાર્થથી થાય છે,
તેથી અભૌતિક પદાર્થ પ્રથમ નમસ્કારને પાત્ર છે.
ભક્તિ - શક્તિ એ પણ એક વ્યાપાર છે.
જેટલી શક્તિની પિછાન થાય, તેટલી ભક્તિ અંદરથી જાગે.
એ વ્યાપારનું જ બીજું નામ 'ચમત્કાર ત્યાં નમસ્કાર' છે.
દુ:ખને ઓછું અને સુખને અધિક માનતાં શીખો.
પુણ્યને પરકીય માનતાં શીખો અને પાપને સ્વકીય માનતાં શીખો.

બધાં જ દુઃખનું મૂળ પાપ પ્રત્યે પક્ષપાત અને પુણ્ય પ્રત્યે અણગમો છે. તેમ થવાનું કારણ કાર્ય-કારણ ભાવનું અજ્ઞાન છે. કારણને અનુરૂપ કાર્ય હોય છે. પાપ પરને દુઃખસ્વરૂપ છે, તેથી પાપ દુઃખમાં ડૂબે છે. પુણ્ય પરને સુખસ્વરૂપ છે, માટે તે સુખમાં ડૂબે છે.

સાચું સુખ મોક્ષમાં છે.

ઝીંઝુવાડા, ફા.વ.૧૪, શુક્ર

તીર્થંકર મોક્ષસાધક ગુણ પ્રાપ્ત થયા પછી બીજા જીવોને તે ગુણની પ્રાપ્તિ થાય તેવી ભાવના તેમ જ સામગ્રીની અનુકૂળતા અનુસાર સહાયક થવાની વૃત્તિ હોય તેમ જ તે ગુણ પામેલા જીવો પ્રત્યે ખરી અનુમોદના હોય તો જ વાસ્તવિક રીતે એ ગુણની પ્રાપ્તિ થઈ છે, એમ કહી શકાય.

ફા.વ.અમાસ, શનિ

ધ્યાન જેવા ગહન વિષયનું રહસ્ય

અપરિણતના હાથમાં જતાં તે શાસ્ત્ર શસ્ત્રરૂપ બની જાય છે. ધ્યાનની ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત થયા પછી તેનાથી ભ્રંશ ન થવા દેવા માટે આલંબનોનો આદર આવશ્યક છે.

તેથી જે પ્રકારનો નમ્રભાવ કેળવાય છે,
તેનાથી અંતરાય કરનારાં કર્મોનો ક્ષય થાય છે.

o ઉપાદાનમાં વિશુદ્ધિનું આધાન નિમિત્તથી થાય છે,
તેથી નિમિત્ત પ્રત્યેનો આદર કૃતજ્ઞતાભાવ કેળવે છે.

ક્ષમા આપવા કરતાં ક્ષમા માગવામાં
વધુ આંતરિક બળની જરૂર છે.

ક્ષમા વીરસ્ય ભૂષણમ્। ક્ષમા આપનાર કરતાં ક્ષમા માગનારમાં આંતરશત્રુઓને જીતવાનું બળ અધિકાધિક જ જોઈએ.

o 'પરોપકાર પુણ્ય માટે થાય છે.' એનો અર્થ એ કે પરોપકાર ગુણનો સ્વીકાર એ અહંકારનો નાશક છે. કૃતજ્ઞતા એ જ પરોપકારની સાચી કદર છે. પરોપકારને પુણ્યરૂપ માનવામાં કારણ પરને ઉપકાર કરવો તે નહિ પણ પરનો ઉપકાર સ્વીકારવો તે છે. 'પાપાય પરપીડનમ્।' સૌથી અધિક પીડા પરને ત્યારે થાય જ્યારે તેનો ઉપકાર સ્વીકારાય નહિ. કુપુત્ર પિતાને શલ્યરૂપ બને છે, તેથી પાપમાં પણ પરોપકારનો અસ્વીકાર કારણ છે.

'નમઃ' એ 'આમો'નો વિરોધ છે.

મો = આપ; મો = મમ.

ન અહં ન મમ એ નમઃનો પદાર્થ છે.

'જેને નમસ્કાર છાજે તે ઉપકાર કરનાર છે'
એવું સ્વીકારીએ છીએ ત્યારે નમસ્કાર સાચો બને છે.

પંચ નમુક્કાર એ સુપ્રકાશ, એહથી હણે સવિ પાપનાશ;
સર્વ મંગળ તણું એહિ મૂળ, સુજશ વિવેક વિધાનુકૂળ.

નમસ્કાર સકલ આગમ અભ્યંતર વ્યાપ્ત છે.

તલમાં તેલ, ફુલમાં મકરંદ, લોકમાં પંચાસ્તિકાય - તેનો અર્થ એ છે કે ધર્મ પામેલાને નમન, નહિ પામેલાને પમાડવાનો લાભ હોય તો જ 'પોતે પામેલો છે' એમ કહેવાય.

'આત્મોપગત મોક્ષ'નો અર્થ બહુ અનાત્મ પદાર્થ પ્રત્યેનું નમન રોકી આત્મતત્ત્વને નમનશીલ થવું તે છે. નખને ન નમતાં આંગળાને નમવું, વાળને ન નમતાં માથાને નમવું, વસ્ત્રને ન નમતાં શરીરને તેથી અધિક માનવું. પગ ફરતાં પગરખાં અને હાથ ફરતાં હાથના ઘડીયાળને તથા આંખ ફરતાં ચશ્માને અને મુખ ફરતાં ચોકઠાને વધુ આદર આપવો એ અનાત્મ પદાર્થનું નમન છે, તે નીચે પાડનાર છે. ઊર્ધ્વગમન કરવું હોય તેણે ઉચ્ચ પદાર્થને નમતાં શીખવું જોઈએ. આગારમાં પ્રભુ ફરતાં દશ પ્રભુ અને દશ પ્રભુ ફરતાં ચાર ભાવપ્રભુને આદરથી જોવા એ નમસ્કારનો લાભ છે અથવા લાભનમસ્કાર છે.

નમસ્કાર એ મનસ્કારનો વિરોધી છે.

નમનભાવ એ ઉન્નમનભાવનું કારણ બને છે.

મનને વિક્ષેપમાં જોડનાર બાહ્ય પદાર્થ છે અને
નિર્વિકલ્પ બનાવનાર અભ્યંતર પદાર્થ છે.
આમનસ્કતાની તરફ લઈ જનારી બધી ક્રિયા
આંતરમનન અર્થની સૂચક છે.

'કરેમિ ભંતે' પદનાં નમસ્કાર કહેવાનો અર્થ એ છે કે જેઓએ સાચું સામાયિક પ્રાપ્ત કરેલ છે, તેઓ પ્રત્યે નમસ્કારનો ભાવ એ સામાયિક ગુણની પ્રધાન કદર છે અને પ્રાપ્ત કરેલને નમસ્કાર સાચો તો જ બને કે અપ્રાપ્તને પ્રાપ્ત કરાવવાનો અભિલાષ હોય. જીવતત્ત્વ પ્રત્યે સ્નેહનો ભાવ કેળવ્યા વિના પરમાત્મા જીવ પ્રત્યે પણ સ્નેહનો ભાવ પ્રગટી શકતો નથી. 'તત્ત્વમસિ'નો એક અર્થ 'જેને તું દુઃખ આપે છે, તે તું છો' કે 'તને જે દુઃખ આપે છે, તે પણ તું છો' એવો અભેદભાવ પ્રગટ્યા વિના જેમ અહિંસાદિક સદ્ગુણ ખીલતા નથી, તેમ નમસ્કારાદિ ભાવો પણ પ્રગટતા નથી.

કૃતકારિતાનુમત સર્વત્ર આવશ્યક છે.
સાધુસેવા એ જિનભક્તિ છે, મૈત્રી સત્ત્વેષુ એ જીવમૈત્રી છે.
એકમાં અનુમોદન અને બીજામાં કરાવણ છે.
આત્મજાગૃત મોક્ષમાં રહેલ છે.

એ રીતે કરવું, કરાવવું અને અનુમોદન-
એમ ત્રણે સાથે મળીને જ મોક્ષમાર્ગ બને છે.
કરવામાં ચારિત્ર, કરાવવામાં દર્શન અને
અનુમોદનમાં જ્ઞાનની કસોટી છે.

જ્ઞાન એ અનુમોદનનું પ્રેરક છે, દર્શન અન્યને પમાડવામાં પ્રેરક છે અને ચારિત્ર એ તો પોતે પાળવામાં પ્રેરક છે. સામાન્ય એ વૃદ્ધિકર છે. દ્રવ્યથી વૃદ્ધિ છે, ગુણથી અસ્તિત્વકર છે, પર્યાયથી ઉત્કૃષ્ટતાકૃત છે. સામાન્ય પામેલાનું વૃદ્ધિકર છે, નહિ પામેલાનું અસ્તિત્વકર છે અને પોતાનું ઉત્કૃષ્ટતાકર છે. 'જ્ઞાન પામો' એ લક્ષ ન હોય તો હાનિકર થાય છે.

અનુમોદન ન હોય તો પૃથક્ત્વકર છે.

પોતાનામાં જ સેવન ન હોય તો તે વિપર્યયકર છે.

૦ ન + માન = અમાન = અમન = નમન = નમસ્કાર.

માનરહિત અવસ્થા = નમસ્કાર.

ચૌદ પૂર્વનું પ્રયોજન માનરહિત અવસ્થા મેળવવા તે છે.
તે માટેનું નયજ્ઞાન એ શ્રુતજ્ઞાન છે.
શ્રુતજ્ઞાનનો સાર ચારિત્ર અર્થાત્ આત્મામાં ચરવું તે છે.
અનાત્મભાવ પ્રત્યેના આદરમાંથી છૂટી
આત્મભાવ પ્રત્યે આદરવાળા બનવું એ સમ્યક્શ્રુત છે.

પરસ્પરોપગ્રહો જીવાનાં ।

એકબીજા જીવો પોતાના મન-વચન-કાયાની પ્રવૃત્તિથી પરસ્પરને નિગ્રહ-અનુગ્રહ કરવામાં હેતુભૂત થાય છે. એકબીજાની વિચારધારા પરસ્પર અસરકારક નીવડે છે.

વિશ્વની વિચિત્રતાનું કારણ શું ?

રાગ-દ્વેષરૂપ વિષમ પરિણામ, ઇષ્ટનો રાગ-અનિષ્ટનો દ્વેષ, તે રૂપ અધ્યવસાયનું તારતમ્ય એ વિચિત્રતાનું કારણ છે.

સામાન્ય જનના આધ્યાત્મિક જીવનમાં સમૂહસાધનાનું મહત્ત્વ ઘણું છે, કારણકે તે માનવને વિશ્વજીવનના પરસ્પર સંબંધની સહેતુકતા અને એકતાની સૂઝ આપે છે. સમૂહસાધનાનો હેતુ માત્ર સાધકોના જીવનમાં આધ્યાત્મિક હેતુની જાગૃતિ આણવા પૂરતો જ નહિ પણ સંસારની ચિન્તા-ધમાલથી પર થઈ સહાનુભૂતિભર્યા વાતાવરણમાં આધ્યાત્મિકતાની પ્રાથમિક સ્વરૂપની સાધના કરવાની તક મેળવી આપવાનો છે.

બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને પ્રાર્થના અને નામ, ધ્યાન અને ચિંતન, સ્મરણ અને સ્વાધ્યાય - સદા કરવાથી મન અને શરીરનું નિયમન થાય છે, આંતરશુદ્ધિનો વિકાસ થાય છે અને પોતાની જાતને આધ્યાત્મિકતાથી ભરી દેવાય છે.

સાધના એક યાંત્રિક ક્રિયા જેવી ન બની જાય તેની કાળજી જોઈએ. સાધનામાં કેટલો સમય ગાળો છો એ વાત મહત્વની નથી, પરંતુ દૈનિક જીવનમાં સાધનાની કેવી અને કેટલી અસર થઈ રહી છે, તે સૌથી વિશેષ મહત્વનું છે. ફક્ત પ્રાર્થનાના સમય પૂરતી જ સાધના કરવાની નથી, પણ તે તો જીવનની દરેક ક્ષણમાં વણાઈ જવી જોઈએ.

જે મનુષ્ય હૃદયથી ધાર્મિક હોય,
તે જીવનમાં સ્વાર્થી હોય એમ કદી બનતું નથી.
સત્યનું વિલાની આચરણ, મન અને ઇંદ્રિયોનું દમન,
હૃદયની ઉદારતા અને પ્રાણી પ્રત્યેની દયા તથા
સાધનામાં સહાય કરવાની વૃત્તિ કેળવાય તે જરૂરી છે.

મારી પોતાની જાત અને મારા પોતાના ઇચ્છાઓને થોડું ઓછું કરતાં જવું અને પોતાની જાત તથા પોતાના આત્મકલ્યાણનો થોડો વિશેષ વિચાર આવશ્યક છે. આધ્યાત્મિક સાધનાના પ્રસાર માટે વધુ પ્રયત્નો કરવાથી સદ્ગુરુઓના આશીર્વાદ મળે છે. સાધકોને પરમાત્મા તરફથી વિદ્યા, તુષ્ટિ-પુષ્ટિ, દૈવી ઐશ્વર્ય, કૈવલ્ય-મોક્ષ મળે છે; સૌ ચિંતામુક્ત-આબાદ બને છે. સિદ્ધાંતોના ટનની મહા લાભથી નવટાંક ભાર સાધનાનું આચરણ વધુ ફળદાયી છે.

મનુષ્ય જીવનનું અંતિમ લક્ષ્ય આત્માનો સાક્ષાત્કાર છે,
જે ધર્મ, યોગ અને દર્શનશાસ્ત્રોએ બતાવેલ સાધનોના
અભ્યાસ વડે સિદ્ધ થાય છે. સ્વભાવ અને આચરણમાં
એકદમ નહિ પણ ક્રમિક સુધારો નોંધાતો રહે છે,
તેથી આંતરું પાડ્યા વિના અભ્યાસ નિત્ય ચાલુ રાખો.
રજોગુણ અને તમોગુણ વધારનારા પદાર્થોનો ત્યાગ કરો.

મરચાં, મસાલા, આમલી વગેરે રાજસિક છે.

ચા, કોફી, તમાકુ, બીડી, પાન, ભાંગ, લસણ, ડુંગળી હાનિકારક છે.
માંસ-મચ્છી-દારૂ તો ઉગ્ર, તામસિક અને ઘોર અનર્થરૂપ છે.

માટે તેનો સર્વદા ત્યાગ કરો.

પર્વ દિવસોમાં અન્નનો ત્યાગ કરો.

રોજ ૦॥ કલાક માનસિક બ્રહ્મધ્યાન - સ્મરણ કરો,
બે કલાક સર્વદા, સંપૂર્ણ મૌન પાળો, એટલો વખત ધ્યાન,
બ્રહ્મચિન્તન - આત્મવિચાર - નામજપ કરો અને તેટલો
વખત માટે વાંચવાનું પણ બંધ કરો. પર્વ દિવસે મૌન વધારો,
બ્રહ્મચર્ય પાળો. મહિનામાં એકથી વધુ વાર ભોગ ન કરો. તેને
વધારીને છેવટે વર્ષમાં એકથી વધુ વાર ભોગ ન થાય તેવો
સંકલ્પ વધારો અને છેવટે જીવનભરને માટે પ્રતિજ્ઞા કરો.

o

*Ignorance is the mother of anger.*

(a) બ્રહ્મશક્તિની સાધનાર્થે મૌન અને બ્રહ્મચર્ય પાળો.
(b) આરોગ્ય સાધનાર્થે મિતાહાર, વ્રત, આસન, પ્રાણાયામ કરો.
(c) આત્મિક સાધનાર્થે અહિંસા, દયા, સત્ય, નિખાલસતા, નીતિ અને પ્રામાણિકતા, ક્ષમા અને પૂર્ણ ઉદારતા દાખવો.
(d) ઇચ્છાશક્તિની સાધનાની સફળતા માટે સાકર અને મીઠાનો ત્યાગ કરવો. ક્લબ - સિનેમા, અશિષ્ટ સાહિત્ય, પાન, વાદ - ચર્ચા અને દુષ્ટ સંગનો ત્યાગ કરો. સાદું જીવન અને ઉચ્ચ વિચાર કેળવો. જરૂરિયાતો ઓછી કરો અને સૌથી છેલ્લે સંપત્તિ અને વસ્તુઓ ઘટાડતા જાઓ.

## હૃદય સાધના

ધર્મપ્રચાર એ સામાજિક સેવા, પરોપકાર નિષ્કામ સેવા છે. સાધક છો તો કર્તૃત્વાભિમાન અને ફલાશંસા છોડી દઈને સ્વધર્મ અને દરેક કર્તવ્યકર્મ ઈશ્વરાર્પણ બુદ્ધિથી પાળો.
દાન: કમાણીનો દશમો ભાગ અથવા રૂપિયે અડધો આનો કમાણીમાંથી સન્માર્ગે વાપરો. સારી વસ્તુઓને વહેંચીને ઉપયોગ કરો. સ્વાર્થવૃત્તિ છોડો. જીવોને કુટુંબી ગણો.
નમ્રતા: નમ્ર બનીને પ્રાણીમાત્રને માનસિક નમસ્કાર કરો. સૌ જીવોમાં એક જ ઈશ્વરી અસ્તિત્વનો અનુભવ કરો. દંભ, ઘમંડ અને મિથ્યાભિમાનને તો મૂળમાંથી જ છોડો.

શ્રદ્ધા: દેવ-ગુરુ-શાસ્ત્રમાં દૃઢ શ્રદ્ધા રાખો. ઈશ્વરેચ્છાને અનુસરો. ઈશ્વરને આત્મસમર્પણ કરી કહો: 'આ બધું અને હું પણ તારો જ છું. જેવી તારી ઈચ્છા, તેવી જ મારી ઈચ્છા બનો. જેવી તારી વાણી, તારું વર્તન અને તારા વિચાર, તેવા જ મારા વિચાર, વાણી અને વર્તન થાઓ.'

સર્વાત્મભાવ: બધા જ આત્મામાં ઈશ્વરના દર્શન કરો. સૌમાં આપણા આત્મા જેવો આત્મા જુઓ અને સૌ જીવ ઉપર પ્રેમભાવ રાખો, જરાય દ્વેષભાવ ન કરો.

સ્મરણ: રોજે રાત્રીએ સુતા પહેલાં અને ઉઠીને તુરંત ભગવાનના સતત નામસ્મરણનો અભ્યાસ કેળવો.

## માનસિક સાધના

સ્વાધ્યાય, જપપાઠ, સત્સંગ, દેવદર્શન, એકાંતસેવન, પ્રભુભજન વગેરેને એકપણ દિવસ પાડ્યા વગર કરવા, તે અત્યંત મહત્વની એવી માનસિક સાધના કહી છે.

## આધ્યાત્મિક સાધના

બ્રહ્મમુહૂર્તમાં જાગી જવું, ૪ ઘડી સુધી બ્રહ્મધ્યાન કરવો, ધ્યાન-જપ-સ્તોત્ર-પ્રાર્થના અને કીર્તન કરવા. એક આસને વધુ વખત બેસવાનો અભ્યાસ કેળવો. સંધ્યાવંદન, પૂજા, નિત્યકર્મ અને ઇષ્ટમંત્રનું સ્મરણ કરો.

મૌનનું ભોજન કરવું, ૦। - ૦।। કલાક રોજ રાત્રે સ્વજનો સાથે બેસીને ધર્મકથા અને તત્ત્વચિન્તન જરૂર કરો. નિત્યસાધનામાં નિયમિતતા, દૃઢતા અને તત્પરતા વધારો. રોજબરોજની નોંધપોથી રાખો. સ્વત્રુટિઓને સુધારતા રહો. પ્રતિમાસ, પ્રતિવર્ષ - નવા નવા સંકલ્પોનો ઉમેરો કરો.

## સપ્તસાધના તત્ત્વ

(૧) આરોગ્ય (૨) પ્રભુશક્તિ (૩) ચારિત્ર બળ
(૪) હૃદય સાધના (૫) ઇચ્છાશક્તિ (૬) માનસિક સાધના
(૭) અધ્યાત્મ સાધના

આગનો મુકાબલો કદાપિ આગથી નહિ પણ પાણીથી છે. અંધકારનો મુકાબલો પ્રકાશથી છે તથા દ્વેષનો મુકાબલો દ્વેષથી નહિ પણ પ્રેમથી છે. પરિગ્રહનો સામનો પરિગ્રહથી નહિ પણ છુટા હાથના - ખુલ્લા દિલના દાનથી છે. પ્રેમ-કરુણા હશે તો જ દાનનો પ્રવાહ જોરદાર વહેવા લાગશે. ડર ચોરનો નહિ, લોભનો છે. જ્યાં સંગ્રહ છે, ત્યાં ભય છે. જ્યાં વાવ્યું છે, ત્યાં ઉગવાનું જ છે. દાન દેવાય છે, તે ફેંકી દેવાતું નહિ પણ વાવણી થાય છે. કુદરતનો નિયમ છે કે જે એક દાણો આપે, તેને સો દાણા મળે છે. જે દાતા બે હાથે આપે છે તે હજાર હાથે પામે છે.

શૂન્ય આપો તેને સો એ ગુણતાં પણ શૂન્ય જ રહે છે.
દ્વેષના બદલે સો ગણો દ્વેષ - પ્રેમના બદલે સો ગણો પ્રેમ મળશે.
કુદરતનો આ કાનૂન છે. સમાજનો પણ તે જ કાનૂન છે.
સ્વને માટે નહિ પણ સર્વ જીવને માટે જીવન જીવનારને
ઇતર લોકો સદૈવ આદર માન - સન્માન આપે છે.
સ્વાવલંબી જીવ જ જગતને અવલંબનરૂપ બને છે.
કર્મમાં ડૂબવાની તાકાત છે, તે ૩ ગુણોથી આગળ વધીને નહિ.
માનવમાત્રના મૂળમાં તો એકસરખો આત્મા જ છે. હીરાને
કરોડો વર્ષ માટીમાં દાટીને મૂકવામાં આવે તોય તે હીરો
મટીને કાદવ થઈ જતો નથી. ત્રૈગુણ્યવિષયા વેદાઃ ।
જન્મોને જે કાંઈ કર્મ થાય તેનું પરિણામ ત્રિગુણ જ રહેય.
અનાત્માના વાઘા પહેરવાથી આત્મા અનાત્મા થઈ જતો
નથી, કિન્તુ સદા સ્વસ્થ રહેવા જ સર્જાયેલો છે. આત્માને
પદાર્થો સમક્ષ દીનવૃત્તિ કે નમ્રભાવ રાખવાની જરૂર નથી.
કર્મ કે કર્મફળમાં સ્વત્વને પણ ન લેપાઈ જતાં, આત્માને
સ્વરૂપમાં જ રહેવાને માટે શાસ્ત્રો ઉપદેશ કરે છે.

માનવના તન - મનની રચના જ એવી છે કે
એ કદાપિ સ્વાવલંબી જીવન જીવી જ ન શકે.
સ્વ અર્થે કે આત્માએ પરનું અવલંબન લેવું જ પડે.

આત્માના અવલંબ વિનાના અવલંબ છેવટ સુધી ટકતા નહિ.
દેહ, ધન, સ્વજન, યૌવન કે વર્ણ-વિચાર છેવટનો અવલંબ
આપવા સમર્થ નહિ માટે આત્મામાં જ આધાર શોધવો.
પ્રભુની શરણાગતિ એ એનું જ બીજું નામ છે.
મૃત્યુને ય મહાત કરવા સ્વાવલંબન જ એકમાત્ર શરણું છે.
જે સ્વને ઓળખે તેનું જ રાજ ખરું રાજ છે.
ધરતી ઉપર તેનો જ ફેરો સફળ, તેનું કામ પૂર્ણ થાય.
વિશ્વના મૂળતત્ત્વની સાથે પણ તેને જ તદ્રૂપતા થાય.

## તમે શાની શોધમાં છો?

ગુરુની, પ્રકૃતિની, સત્યની, શક્તિની, એકતાની કે મોક્ષની?
જો વ્યથિત હૃદયે-ઈર્ષાયુક્ત ચિત્તે ધ્યેય સુધી પહોંચવાની
કોશિશ કરશો તો તે ધ્યેયો તવ કાજે શબ્દમાત્ર જ સાબિત થશે.
જે તત્ત્વ નિત્ય, મહાન, વિસ્તૃત, વિરાટ અને દેશ-કાળની
સીમાઓથી પર છે, તેને સીમિત સાધનોથી કેમ મેળવી શકાશે?
જો તમારે સત્ય તત્ત્વને, સૃષ્ટિકર્તા તત્ત્વને,
બધા પદાર્થોના જ્ઞાનને, એ નિત્યતત્ત્વને પામવું હશે તો
પહેલાં અંતઃકરણની વિકૃતિઓથી સંપૂર્ણ મુક્ત થવું પડશે.
દરેક પદાર્થોનો નિર્માતા એક આત્મા જ છે.
આત્મા સાથે ઐક્યભાવની સ્થાપનામાં જ મુક્તાવસ્થા છે.

સાચી પૂર્ણતા કે સાચું આત્મૈક્ય ક્યારેય નિયમથી બંધાયેલ
નથી અથવા એ સ્થિતિમાં ક્યારેય જાતનો ઉપદ્રવ નથી.

દરેક પ્રકારના ઉપદ્રવ અને નિયમોથી એ પર છે.

આખી સૃષ્ટિનું એ બીજ છે.

સર્વમાં રહેલા આત્માનો આદર કરવો જોઈએ.

સ્વાર્થપરતા અને વ્યક્તિવાદ અનિષ્ટકર છે.

આત્માની એકતા પામવા સૌ સાથે પ્રેમ કરવો પડશે.
તે વડે જ આત્મામાં સત્ય-નિત્યની સ્થાપના થઈ શકે.

## કઈ રીતે પાપ ટળે અને દુઃખ મટે?

મનની આંખ ઉઘડે, બુદ્ધિ ઉપરથી અજ્ઞાનનો પડદો ટળે,
સત્યનો માર્ગ પકડે અને ભગવાનનું સ્મરણ કરે ત્યારે.

देहीति वचनं श्रुत्वा, देहस्थाः पञ्चदेवताः ।
मुखान्निर्गत्य गच्छन्ति, श्री-ह्री-धी-धृति-कीर्तयः ॥१॥

## શાંતિ ક્યાં છે? (પરિશિષ્ટ-૧૦)

o શાંતિ રાગ-દ્વેષાદિની ક્ષીણતામાં છે.

શાંતિ મેળવવાની ઈચ્છાવાળાએ રાગ-દ્વેષનો છેદ ઉડાડવો.
એ માટે સત્સંગ, શાસ્ત્રાધ્યયન, ચિંતન, પ્રભુનામનો જપાદિ
ઉપાય છે. શાંતિ મેળવવા ઈચ્છે તે એ સાધનાએ યત્ન કરે.
બહારની શાંતિ આંતરશાંતિ મેળવવામાં સહાયક બનશે

પણ ઉત્પાદિત નહિ. શાંતિની પ્રાપ્તિ માટેનો સીધોસાદો ઉપાય આત્માની અંદર તે શાંતિને શોધવા તે છે. સાચા જૈનોને પોતાના સુખ કે સ્વાર્થનું ભાન રહેતું નથી.

'કોઈ જીવને ન હણો' એ પ્રભુની આજ્ઞા છે.

અહિંસા એ પ્રભુની પરમ આજ્ઞા છે.

એનું પૂર્ણ પાલન એ જ પ્રભુનું પૂર્ણ ભજન.

'ભજન'નો મૂળ અર્થ છે આજ્ઞાનું પાલન.

સત્ય વગેરે વ્રતો અહિંસામાંથી જ ફૂટે છે અને
અહિંસાને જ શુદ્ધ કરે છે.

માહણમાહણ એવા પ્રકાર ધર્યું જીવન
એ અતિ પૂજ્ય અને પવિત્ર છે.

आत्मा वा अरे श्रोतव्यः द्रष्टव्यः मंतव्यः निदिध्यासितव्यः। 'આત્મા' એટલે પોતાની જાત એવો અર્થ ઘટાવી પોતાના વિષે જ સાંભળવું, જોવું, વિચારવું અને મનન કરવું જોઈએ એમ વિચારો તો તે સમજણનો દોષ છે, એવો આગ્રહ રાખવો એ રોગ છે. मित्ती मे सव्वभूएसु । જીવમાત્રની મૈત્રી એ જૈનધર્મનો મૂળભૂત સિદ્ધાંત છે.

પરસ્પર જીવ-અજીવના સંબંધનું ભાન
એ સમ્યગ્‌રત્નરૂપી ધર્મરૂવલ્લિની પીઠાશ છે.

સંબંધના જ્ઞાનથી જન્મતો જીવો ઉપરનો સ્નેહ અને અજીવો ઉપરનો અસ્નેહ એ ધર્મરૂપી વૃક્ષની શાખાઓ છે. અજીવતત્ત્વ પ્રત્યેનું ઔદાસીન્ય અને જીવતત્ત્વ પ્રત્યેના સ્નેહથી જન્મતો સદાચાર ધર્મરૂપી વૃક્ષનું લાગેલું છે. વૃક્ષના ગુણસહિત વૃક્ષ એ સત્ય વૃક્ષ છે. જેમ ગુણરહિત વૃક્ષ એ સત્ય નહિ, કલ્પિત વૃક્ષ કે જાતિ વૃક્ષ છે, તેમ ધર્મગુણરહિત ધર્મ એ નકલી ધર્મ છે. અસલી ધર્મ સમ્યગ્જ્ઞાન - દર્શન - ચારિત્રસહિતનો છે.

<u>જ્ઞાન પરસ્પરના સંબંધને ઓળખાવે છે.</u>

<u>દર્શન એ સંબંધ મુજબનો ભાવ પેદા કરે છે.</u>

<u>ચારિત્ર એ ભાવ મુજબ વર્તન કરાવે છે. એ ૩ રત્નત્રય જીવોને મોક્ષનું - મુક્તિનું અસાધારણ કારણ બને છે.</u>

o સ્વાધ્યાય સાધુ જીવનનો પ્રાણ છે. સ્વજનો અથવા વિષયસંગ તજી સાધુ થયા પછી સ્વજન મમત્વ કે વિષય-સંગ ફરી વળગી ન જાય એ ખાતર તથા સંસ્કારરૂપે અંતરને આવરી બેઠેલા વિષયરસને નિર્મૂળ કરવા ખાતર શાસ્ત્ર અને સ્વાધ્યાય એક જ અમોઘ સાધન છે.

o જ્ઞાનની આરાધના સાથે જો જ્ઞાનીજન અથવા પ્રજ્ઞાની જ્ઞાનભક્તિ ન હોય, તો તેનું કાંઈ જ ફળ આવતું નથી.

## ઈશ્વરની પ્રેરણા એટલે...

અંતર્યામીની પ્રેરણા, પ્રકૃતિની પ્રેરણા કે અહંકારની પ્રેરણા.
'અંતર્યામી પુરુષ' શબ્દ કહેવાથી ઈશ્વર અને ઈશ્વરીય
શક્તિ - એમ બે મહાન તત્ત્વો એકસાથે સમજાય છે.
મારા મનમાં દીનદરિદ્રના પ્રત્યે લેશ પણ દયા નથી અને
છતાં હું આડંબરપૂર્વક દાન આપવા પ્રવૃત્ત થાઉં, તો તે કાર્ય
પ્રકૃતિની પ્રેરણાનુસાર નથી પણ અહંકારની પ્રેરણાનુસાર છે.
અનેક પ્રકારના આચારો તથા વિચારોમાં 'જૈન વિચાર તથા
આચાર શું છે?' તે જાણવા માટેની દૃષ્ટિ એ અનેકાન્ત દૃષ્ટિ છે.

Imp અનેકાન્ત દૃષ્ટિ સત્ય ઉપર સ્થિર છે.
અનેકાન્તવાદ સત્યને પ્રકાશ કરવાની એક શૈલીવિશેષ છે.

જે વસ્તુ પૂર્ણ છે તથા
પૂર્ણ રૂપે યથાર્થપણે પ્રતીત થાય છે, તે સત્ય છે.
સત્યના બે સ્વરૂપ છે: પૂર્ણતા અને યથાર્થતા.
વસ્તુનું યથાર્થ દર્શન અને યથાર્થ નિરૂપણ કઠિન છે.
યથાર્થવાદી = અપૂર્ણદર્શી.
પૂર્ણતા પ્રાપ્ત કરવા રાગ-દ્વેષને આધીન ન થવું તથા
તેજસ્વી મધ્યસ્થભાવને સદૈવ ધારણ કરવો.
વિપ્ર = મીમાંસક, નિર્ગ્રન્થ = જૈન, કાપિલ = સાંખ્ય.

જ્યાં સુધી પૂર્ણ મધ્યસ્થભાવ વિકસિત ન થાય,
ત્યાં સુધી સત્યની જિજ્ઞાસા તો રાખવી જ.
વળી વિરોધી પક્ષ ઉપર આદરભાવ રાખવો અને
સ્વપક્ષ ઉપર તીક્ષ્ણ સમાલોચનાનો ભાવ રાખવો.
જૈનધર્મ <u>પ્રવૃત્તિ - નિવૃત્તિ ઉભય માર્ગાવલંબી</u> છે.
<u>જ્યાં સેવાવૃત્તિનો પ્રસંગ છે, ત્યાં પ્રવૃત્તિમાર્ગી છે અને</u>
<u>જ્યાં ભોગવૃત્તિનો પ્રસંગ છે, ત્યાં તે નિવૃત્તિ ઉપદેશે છે.</u>
બીજા પાસેથી પોતે ભોગ કે સુવિધા ગ્રહણ કરવામાં
પ્રવૃત્તિને અભાવ કરવો અને બીજાને પોતાની સુવિધા
અર્પણ કરવામાં નિવૃત્ત થવું, એ અનેકાન્તદૃષ્ટિનું અને
Imp અહિંસાનું વિકૃત સ્વરૂપ અને સ્પષ્ટ અંગ છે.
જૈનત્વ અથવા વીતરાગત્વ એ દ્રવ્યસામાન્ય છે.
નગ્નત્વ અને વસ્ત્રધારિત્વ એ પર્યાય છે.
દ્રવ્ય શાશ્વત છે, પર્યાય અશાશ્વત - અલ્પકાલિક છે.
પર્યાય દ્રવ્યને બાધક નહિ તો સત્ય, અન્યથા અસત્ય છે.
જીવનશુદ્ધિ એ સામાન્ય છે. સ્ત્રીત્વ - પુરુષત્વ વિશેષ છે.
જીવનશુદ્ધિને અબાધક એવા બંને ઉપયોગી છે.
કલ્પના, તત્ત્વજ્ઞાન અને ધર્મ - ઉત્તરોત્તર ચઢીયાતાં છે.
એ રીતે સ્થિર કલ્પનાઓનું નામ જ 'તત્ત્વજ્ઞાન' છે.

તત્ત્વજ્ઞાન જ અંતે આચરણનો વિષય બની ધર્મ બને છે. પોતાપણાનું ભાન, સુખ-દુઃખનો ભેદ, સુખ પ્રત્યે રૂચિ, દુઃખ પ્રત્યે અરૂચિ એ કલ્પનાઓ સ્થિર અને સ્થાયી છે, તેથી તે તત્ત્વજ્ઞાનરૂપ છે. કોઈપણ પ્રાણી અગર તો મનુષ્ય એવો નથી કે જે બીજા પાસેથી પોતાના તરફ સદ્વર્તનની આશા ન સેવતો હોય અને એ વૃત્તિ જ બીજા પ્રત્યે સદ્વર્તનને ઘડે છે. જીવ, જગત, ઈશ્વર છે કે નહિ; છે તો એવું છે કે ભિન્ન-વગેરે કલ્પનાઓ ભલે પલટાય પણ બીજા તરફથી સદ્વર્તનની ઇચ્છા કદી બદલાતી નથી, તેથી ધર્મ સ્થિર, ધ્રુવ અને શાશ્વત છે. તત્ત્વજ્ઞાનનો જન્મ, વિકાસ અને પ્રચાર સંપ્રદાયોથી છે. ધર્મનો વિકાસ અને પોષણ પણ સંપ્રદાયથી છે, પરન્તુ માનવજાતિની તથા અજ્ઞાન-મોહજન્ય સંકુચિત દૃષ્ટિથી કેટલાંક અનર્થ થાય છે. તે અનર્થ નીચે મુજબના છે:

(a) સત્યની કસોટી ઉપર નહિ ટકનાર કલ્પનાઓને પણ તત્ત્વજ્ઞાન તરીકે માનવામાં આવે છે (મતાંધતા).

(b) બીજાના સત્ય અનુભવોને સ્વીકારતાં પણ ડરે છે.

(c) દૃષ્ટિ સંકોચને લીધે દર્શન વડે બીજા સંપ્રદાયના સમાન વસ્તુને પણ ભિન્ન તરીકે જુએ છે.

(d) જ્ઞાનના સત્યને ઉતરતી કોટિનું અને અજ્ઞાનવાળું સિદ્ધ કરવા માટે કોશિશ કરે છે.

(e) ધર્મના સંપ્રદાયના પ્રવર્તકો, નેતાઓ તથા શાસ્ત્રોની લઘુતા જાણવા છતાં અનુગામી ઉપેક્ષા કરે છે અને સામે પક્ષે જ્ઞાનની મહત્તાને પણ લઘુતાનું રૂપ આપવા તત્પર રહે છે, જેને પરિણામે ખંડન-મંડન, વાદ-વિવાદ વધતા જ રહે છે.

અનેકાન્ત એક પ્રકારની વિચારપદ્ધતિ છે.

અનેકાન્ત એ તત્ત્વજ્ઞાન અને ધર્મ ઉભયને એકાન્ત ઉપકારક છે. એની ભવ્યતા, ઉદારતા અને સુંદરતા અમાપ છે. સર્વ બાજુ ખુલ્લા રહીને જોવાના એક માનસચક્ષુ છે. જ્ઞાન, વિચાર કે આચરણને સંકુચિત દૃષ્ટિએ જોવાનો તે નિષેધ કરે છે. સત્ય અને યથાર્થ ઉપર તે ટકી રહેલ છે. તે કેવળ કલ્પના નહિ પણ સત્યસિદ્ધ કલ્પના હોવાથી તત્ત્વજ્ઞાનસ્વરૂપ છે તથા તે વિવેકયુક્ત આચરણસ્વરૂપ હોવાથી ધર્મ છે. અનેકાન્ત વિચાર, અનેકાન્ત આચાર અને અનેકાન્ત વાણી એમ ત્રણેને તે સ્પર્શે છે. અનેકાન્ત જેવી ઉદાર અને વિશાળ દૃષ્ટિ બીજી એક પણ નહિ. ઉત્તરાધ્યયન, ધમ્મપદ અને ભગવદ્ગીતા - એ ત્રણેમાં ચિત્તશુદ્ધિ, સંયમ અને અહિંસા ઉપર એકસરખો ભાર છે.

યોગશાસ્ત્ર અને ઉપનિષદોમાં બતાવેલી યોગસાધનાથી જૈન આધ્યાત્મિક સાધનાઓ બરાબર જુદી પડતી નથી. આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી અને ઉપાધ્યાય ભગવંતશ્રી યશોવિજયજીએ તેમ કહેલ છે. શાસ્ત્રની સાથે ભિન્ન સંપ્રદાયના ઉચ્ચકોટિના સાધક પુરૂષોની પણ સરખામણી કરવાથી જૈનની અનેકાન્તદૃષ્ટિની વ્યાપકતા સ્પષ્ટ થશે.

ભેદબુદ્ધિ તથા અભેદબુદ્ધિ પોતપોતાના સ્થાને સત્ય હોવા છતાં અન્યને અસત્ય ઠરાવતાં પોતે અસત્ય બને છે.

એક બુદ્ધિ પૂર્ણ સ્વરૂપને વિષય બનાવી શકતી નથી, તેથી પૂર્ણ પ્રમાણ નથી. બંને દૃષ્ટિ મળીને પૂર્ણ પ્રમાણરૂપ બને છે. અપેક્ષા - દૃષ્ટિકોણ, મનોવૃત્તિ, વિચારધારા અભિપ્રેત છે.

સપ્તભંગીનો આધાર નયવાદ છે અને ધ્યેય સમન્વય છે.

કોઈપણ પ્રમાણથી જાણેલા વસ્તુનો બોધ કરાવવા માટે જેમ અનુમાન વાક્યની રચના કરવી પડે છે, તેમ જ રીતે વિરૂદ્ધ અંશોનો સમન્વય કરવાર્થે શ્રોતાને સમજાવવાની દૃષ્ટિથી ભંગવાદ તથા ભંગવાક્યોની દૃષ્ટિના ક્રિયામાં નયવાદ અને ભંગવાદ આપોઆપ ફલિત થાય છે.

જૈનદર્શન બધી જ દૃષ્ટિઓનો સમન્વય કરે છે અને પોતપોતાના વિષયમાં યથાર્થ અને સત્ય બતાવી કહે છે.

નયવાદના મુખ્ય મુદ્દાઓ જેવાં કે ભેદાભેદ, નિત્યાનિત્ય, સામાન્ય-વિશેષ, વાચ્યાવાચ્યાદિ છે, તેના ઉપર મુખ્ય ચર્ચા હોવાથી પુનરુક્ત, ચર્વિતચર્વણ કે નવીનતાશૂન્ય લાગે, તો પણ તેને જીવનના સર્વ ક્ષેત્રમાં વ્યાપક બનાવી શકાય છે અને સફળ ઉપયોગ થઈ શકવાની યોગ્યતા ધરાવે છે.

o અર્હતને ભૂખ લાગવી એ સ્વેચ્છાપૂર્વકનો બનાવ નથી. સર્વજ્ઞની ઘણી ક્રિયાઓ જેવી કે સ્થિર રહેવું, બોલવું, ઉપદેશ કરવો, હલન-ચલન કરવું, વિહારાદિ દરેક ક્રિયા ઇચ્છારહિત હોવાથી અરિહંતોને બંધનમુક્ત કહ્યા છે.

ક્ષુધા પણ અનિચ્છાપૂર્વકનો શારીરિક યોગ છે,
તેથી તે અર્હતની વીતરાગતા કે સર્વજ્ઞતાને બાધક નથી.

સ્યાદ્વાદ તો નયવાદનો આધાર મનાયો છે,
અહિંસા નૈતિક ધર્મનો આધાર મનાયો છે.

અનેકાન્ત, અહિંસા, અપરિગ્રહના દરેક ઉપદેશો એક જ સનાતન સત્યને સર્વ કાળે સંશયરહિતપણે પ્રકાશે છે.

વૈજ્ઞાનિક, માનસશાસ્ત્રીય, સામાજિક કે પછી રાજકારણીય-કોઈપણ દૃષ્ટિએ તે પ્રભાવક દેખાયા સિવાય રહેશે નહિ.

o જીવોના પરસ્પર સંબંધનું જ્ઞાન, તે જ્ઞાનપૂર્વક સાચો સ્નેહ અને તે સ્નેહપૂર્વક સાચો આચાર એ રત્નત્રય છે.

આવી રીતે આત્મતત્ત્વનું અને તેના જડતત્ત્વ સાથેના સંબંધનું જ્ઞાન, એ જ્ઞાન મુજબ આત્મતત્ત્વ પ્રત્યે ઔદાસિન્ય અને એ ઔદાસિન્યપૂર્વક આત્મતત્ત્વ સાથેનું ઉચિત આચરણ એ પણ રત્નત્રયનો જ બીજો પ્રકાર છે.

એ બંને પ્રકાર મળીને મોક્ષમાર્ગ બને છે.

૦ શબ્દ એ વિચારદ્યોતક વસ્તુ છે અને વસ્તુમાં આરોપ થાય છે. તેનું ખરું અસ્તિત્વ અર્થક્રિયાકારિત્વ નથી. શબ્દથી એક આભાસાત્મક સંજ્ઞા પણ મનમાં ઉત્પન્ન થાય છે. શબ્દને વસ્તુની સાથે વાસ્તવિક સંબંધ નથી.

૦ આર્તધ્યાનમાં મૂઢ આગ્રહ મુખ્ય છે, જેમાં ઈચ્છાય છે: બધું જ સુખ મને મળો, દુઃખનો અંશ પણ મને ન મળો.

૦ ઘાસમાંથી માખણ, વાંસમાંથી મુક્તામણિ અને કાદવમાંથી કમળની જેમ મનુષ્યજન્મમાંથી ધર્મ ગ્રહણ કરવા યોગ્ય છે.

૦ પરોપકારાર્થે ચંદ્ર ચાંદનીથી પોતાનું કલંક અથવા લાંછન કે ડાઘ દૂર ન કરતાં વિશ્વને ધવલ - ઉજ્જ્વળ કરે છે, અન્ય જીવોનું ટાઢ તથા તાપથી રક્ષણ કરવાને માટે કપાસ પીલાય છે, પીંજાય છે, કંતાય છે અને તાડિત પણ થાય છે, વિશ્વમાં રહેલા દરેક વૃક્ષો તાપ સહીને છાયા આપે છે, સૂર્ય ૨૪ કલાક પર્યટનનો શ્રમ લઈને પ્રકાશ આપે છે.

સમુદ્ર એ નાવ કે જહાજના ક્રીડનને સહે છે.
કાચબો પૃથ્વીના ભારને, વરસાદ વરસાવાના ક્લેશને સહે છે.
પૃથ્વી સર્વ જીવોના આશ્રયને આપે છે.
નદીઓ શું પોતાનું પાણી પીએ છે? વૃક્ષો શું ફળ ખાય છે?
વરસાદ શું ધાન્યનું ભક્ષણ કરે છે?
આ સર્વનો પરિશ્રમ પરોપકાર માટે જ છે.

o કેસરીસિંહની કેશરા કે દૃષ્ટિવિષ સર્પના મસ્તક ઉપરથી મણિ લેવાની જેમ સતીના શીલનું ખંડન અતિ દુર્ઘટ છે.
સૂર્ય, મેઘ, સમુદ્રની માફક ઉત્તમ પુરુષો પણ મર્યાદાનું ઉલ્લંઘન કરતાં નથી. સંયમ ૧૭ પ્રકારે - તપ ૧૨ પ્રકારે છે.
બાહ્યતપથી દેહ મમત્વ ઘટે છે, ઈંદ્રિયો સ્વાધીન બને છે, મન નિઃસ્પૃહ અને ધ્યાન દીર્ઘકાળ સુધી સુખપૂર્વક થાય છે.

રાગ-દ્વેષ વિના હિંસાદિમાં પ્રવૃત્તિ થતી નથી.
ઇષ્ટાનિષ્ટ વિષયોમાં રાગ-દ્વેષ ન કરવો,
ક્રોધાદિ કષાયોનો અનુદય અથવા ઉદિતને નિષ્ફળ કરવો.

o વિધત્તે યદ્વિધિસ્તત્સ્યાત્ ન સ્યાત્ હૃદયચિંતિતં ।
તદપ્યેવોત્સુકં ચિત્તં ઉપાયાંશ્ચિંતયેદ્ બહૂન્ ॥૧॥ અર્થાત્:
જે વિધિ કરશે તે હી જ થશે, નહિ થાય હૃદય ચિંતવ્યું તારું,
એ ચિત્ત આમ ઉત્સુક થઈ, અનેક ઉપાય ચિંતવે શા સારૂ?

૦ ઉત્તમ ભોજન કરવું તે શ્રેષ્ઠ છે, પણ તેના અભાવે ભૂખે મરવું તેના કરતાં સામાન્ય ભોજનથી પણ પેટ ભરવું, તે અધિક વ્યાજબી છે.

એ ન્યાયે ઉત્કૃષ્ટ સાધનો ન મળે ત્યાં સુધી સામાન્ય સાધનોનું સેવન કરી ઉત્કૃષ્ટ માટે અધિકારી બનવું યોગ્ય છે.

## પોતાનું પેટ ભરવાના નિમંત્રણની રાહ કોણ જુએ?

નિમંત્રણ કર્યા છતાં મોઢામાં મૂકવા માટે સામેના મોઢા સામું કોણ જોઈ રહે? કદાચ મોઢામાં કોળિયો મૂક્યા છતાં પણ ચાવ્યા વિના કોણ બેસી રહે? એ કેટલું શોચનીય ગણાય? ધર્મને પોતાના ભલા માટે જાતે શોધવા નીકળવું જોઈએ. તેમ ન કરી શકે તો સન્મુખ આવેલ મહાત્મા પુરુષો જે ધર્મબોધ આપે છે, તે લેવો. જો ધર્મ લઈને પણ પ્રબળ પ્રયત્ને તેનું પાલન કરવા પ્રવૃત્ત ન થાય, તેવાઓ માટે તો સંસાર પરિભ્રમણનો જ એક માર્ગ બાકી રહે છે.

## પ્રભુ કહે છે કે...

તારા માથે અસહ્ય દુઃખો કે મોટી આફતો આવજો, કે જે તારું ચિત્ત સદૈવ ધર્મમાં ચોંટેલું રહે. દુઃખી અવસ્થા વિચાર કરતાં શીખવે, સહનશીલતા વધારે શરીર ખડતલ બનાવે અને મનની ગુપ્ત શક્તિઓને બહાર લાવી આપે છે.

## ધર્મનું અંતિમ તાત્પર્ય

જીવો ઉપર દ્વેષભાવ - દેહ ઉપર મમત્વભાવ છોડવો તે.

મનુષ્યશરીરરૂપી મૃગની નાભિમાં
કસ્તુરીના સ્થાને તપ અને સંયમ છે.

એક કલ્પના કરો કે પાણીથી ભરેલા કુંડને તળિયે એક અમૂલ્ય રત્ન છે. પાણી એકદમ મેલું કે ડહોળું છે અને પવનની લહેરીઓ પાણીને વારંવાર હલાવી રહેલ છે. આવી સ્થિતિમાં તળિયે પડેલ રત્નને શું જોઈ શકાશે?

આમાં જીવરૂપી કુંડ, મનરૂપી પાણી,
વિષય-કષાયનું ડોળાણ વિચારતરંગોથી ચંચળ છે,
ત્યાં સુધી આત્મરત્ન જોવાની કે મેળવવાની આશા વ્યર્થ છે.
આત્મશોધન માટે બાહ્ય-આંતર ઉપાધિઓનો ત્યાગ કરવો.

## સાધકના સત્ત્વજીવનનો પ્રારંભ શેમાં?

જાણીજોઈને પાપ ન કરવું, કરેલા પાપથી પાછા ફરી જવું અને થવાવાળી ભલાઈનું અભિમાન અને ફળ છોડી દેવામાં છે. મળેલા પદાર્થ, યોગ્યતા અને સામર્થ્ય આદિથી ભલાઈ થાય.

મળેલા પદાર્થ વગેરે પોતાના નથી,
કિન્તુ પોતા સિવાય કોઈ ભગવાનના છે, તો પછી...
તે ભલાઈનું અભિમાન કે ફળ ભોગવવાનું રહે છે જ ક્યાં?

મળેલા ચાન્સ કોઈ જાણની જ દેન છે,

તેથી કરેલા ભલાઈનું અભિમાન મોટી ભૂલ છે.

ભલાઈને ભુલાવો નહિ અર્થાત્ ભલાઈનું અભિમાન ન કરી

એટલે સાધનાની શરૂઆત થઈ જાય છે.

ક્રિયા અથવા તો કર્તવ્ય દ્વારા બુદ્ધિ સૂક્ષ્મ થયા વગર કૈવલ્ય પર્યાય મોક્ષનું સ્વરૂપ સમજમાં આવતું નથી. તપ = ધર્મપાલનાર્થે કષ્ટ સહવું. સ્વાધ્યાય = સત્શાસ્ત્રોનું પઠન, મનન ચર્ચણ તથા વાચિક-માનસિક જપક્રિયા કરવા. ઈશ્વરપ્રણિધાન = કાયિક, વાચિક તથા માનસિક રીતિએ થઈ રહેલા સર્વ કર્મોને ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરવા તે.

સમસ્ત કર્મ ઈશ્વરની શક્તિથી જ અને

ઈશ્વર દ્વારા જ થાય છે, તેથી તેનું અભિમાન મિથ્યા છે.

कामतोऽकामतो वापि यत् करोमि शुभाशुभम् ।

तत्सर्वं त्वयि संन्यस्तं त्वत्प्रयुक्तः करोम्यहम् ॥

(પરિશિષ્ટ-૧૧)

આ ત્રણે ક્રિયાઓ યોગની સિદ્ધિ માટે અનિવાર્ય છે.

આ ક્રિયાયોગથી ચિત્તની શુદ્ધિ થાય છે.

કોઈપણ યોગનો પ્રારંભ ક્રિયાયોગથી જ થાય છે.

આત્મા સ્ફટિક છે, અંતઃકરણ વસ્ત્ર છે.

અંતઃકરણના ધર્મ એટલે કે કર્તૃત્વ-ભોક્તૃત્વાદિ
આપણા આત્મામાં પ્રવિષ્ટ નહિ પણ પ્રતિબિંબિત થાય છે.
વસ્ત્રને દૂર કરાય પણ અંતઃકરણને તો શુદ્ધ કરવું પડે.
વાસનાશૂન્ય થવું એ અંતઃકરણની શુદ્ધિ છે.
એ માટે કર્મ અને ઉપાસના અમોઘ સાધનો છે.
જીવનને ભોગવવાનું નહિ પણ સમજવાનું છે.
જીવન જેટલું વિશાળ અને દિવ્ય છે,
તેટલું મન વિરાટ અને ઉચ્ચ બનાવવું જોઈએ.
ભોગી ઈશ્વરને આપે છે તન,
પરંતુ પરમાત્મા સૌની પાસે માંગે છે મન.
પ્રસન્ન મન એ મનની ઉચ્ચ સ્થિતિ છે.
એમાં સુખ અને આનંદ છે.
પ્રસન્નતામાં સુખ હોય કે દુઃખ હોય પણ સમાધાન છે.
મનને પ્રસન્ન કરવું એટલે સ્વચ્છ કરવું,
આવરણ અને રાગ-દ્વેષરહિત કરવું. તેનો ઉપાય જ્ઞાન છે.
હું કોણ? મારું સ્થાન ક્યાં? એ જો સમજાય તો રાગ-દ્વેષ
જાય છે. પ્રસન્નતા માટે ક્ષમા અને તિતિક્ષા જરૂરી છે.
રોમન સંસ્કૃતિ શહેરમાં ઘડાઈ તેથી તેમાં રાગ-દ્વેષ છે.
ભારતીય સંસ્કૃતિ જંગલમાં ઘડાઈ તેથી તેમાં પ્રસન્નતા છે.

મોટા હો તો ક્ષમા આપો, નાના હો તો તિતિક્ષા કરો.

'હું પ્રભુથી જુદો છું' એમ નક્કી કરો,

કારણકે હું પ્રભુ જેટલો મહાન નથી.

સૃષ્ટિ મારાથી નાની છે, માટે સૃષ્ટિ તરફ ક્ષમા દાખવો.

પ્રભુ મારાથી મોટા છે, માટે પ્રભુ તરફ તિતિક્ષા દાખવો.

ક્ષમા અને તિતિક્ષાથી તથા આત્મશક્તિના સંબંધથી અને આપણા મનના સમતોલપણાથી પ્રસન્નતા આવે છે. એટલે જ ઈશુએ હાથમાં ખીલા ઠોકાયા પછી કહેલું કે:

*Father! forgive them because*
*they know not what they do.*

જે વધે તે વૃદ્ધ, જે ઘટે તે ઘરડો.

સ્વચ્છ તન સાથે મન પણ પ્રેમાળ બનવું જોઈએ. જુદા થવાથી જગ ક્રૂર અને પામર બની જાય છે; એ પછી જગ પ્રેમગુણને જોતો નથી. પ્રેમ અનુભવરૂપ છે. અન્યને સુખ આપવું એ પ્રેમ છે, સુખ માગવું એ મોહ છે.

'પ્રભુને હું પ્રસન્ન કરું' એ પ્રભુપ્રેમ છે.

'પ્રભુ મને સુખી રાખે' એ કામ છે.

પ્રેમ વધવો જોઈએ, મોહ ઘટવો જોઈએ. પ્રેમ સૂક્ષ્મ છે. જે બાહ્ય દેખાવમાં ન આવે અને અંદર અનુભવાય તે પ્રેમ.

જે પછી રહે તે અનુભવ, સ્મૃતિમાં કાયમ રહે તે પ્રેમ.

જીવ જગત અને જગદીશથી છૂટો છે, પણ
એ બંને સાથે પ્રેમાળતાની સાંકળ છે.

પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ માન્યા વગર પ્રેમ આવતો નથી.

લગ્ન ઘેલો નથી, કારણ કે તે લાગણી છે.

લગ્ન ઉખાણો નથી, કારણ કે તે ઊર્મિ છે.

દૃષ્ટિ બદલવી એનું નામ આધ્યાત્મિકતા.

આંખમાં કરુણા આવવી જોઈએ.

પોતાને માટે જ રડવાવાળા વલણને 'દીનતા' કહે છે.

બીજાના દુઃખને જોઈ રડવાવાળાને 'દયાળુ' કહે છે.

ક્રિયાશીલ દયાને 'કરુણા' કહે છે.

કારુણ્યહીન દયા તે lip sympathy છે.

સુખ અને દુઃખ બંને સુંદર લાગવા જોઈએ, પછી આખી
સૃષ્ટિ ગમવા લાગે છે. ભિખારી માંગવા આવે છે એમ
નથી લાગતું પણ આપણને બોધ આપવા આવે છે કે:
સારી સ્થિતિમાં સારાં કામો કર્યાં નહિ, માટે આવો થયો છું.

આમ સૃષ્ટિની દરેક વસ્તુ બોધ આપે છે.

સાગર ગાંભીર્યના પાઠો આપે છે.

'દરિયાલાલકી જય' પોકારનાર પણ એક કોમ છે.

સાગરને ભરતી-ઓટ આવે છતાં અવાજ એક જ.
દરિયો મોજાઓ લઈ લઈ કાંઈ કહેવા આવે છે
પણ કોઈ સાંભળતું નહિ, તેથી પાછો ચાલ્યો જાય છે.
પાછું એને મન થાય છે એટલે પાછો મોજા લઈને આવે છે.
ભરતી-ઓટમાં 'કોઈ પોતાનું સાંભળતું નહિ' એનું રુદન છે.
ઝાડ સંતઃ પ્રભુની વિશાળતા બતાવે છે.

સંતની કીકીમાં રામ છે એટલે તેમને બધે રામ દેખાય છે,
કમળાવાળાને બધે પીળું દેખાય છે. બુદ્ધિમાં વિશ્વાસ અને
હૃદયમાં આતુરતા આવે, પછી પ્રભુના દર્શન થાય છે.
કોઈ કામ સુન્દર આપણા હાથે થાય ત્યારે કહો કે
'ભાગ્ય મારું પણ શક્તિ તો પ્રભુની જ'
હજારો મનુષ્યમાંથી એકાદ વ્યક્તિ પ્રભુ તરફ જવા માંગે છે
અને એમાંથી કો'ક જ પ્રભુ પાસે પહોંચે છે, કેમકે
પ્રભુના માર્ગે ગીચ ઝાડીઓ છે, તેમ સર્પો પણ છે. કીર્તિ,
કામના, સિદ્ધિ એ બધાં સર્પો છે, તેનાથી બચવું કઠિન છે.
સંત સમાગમ જ તેનાથી બચાવે છે.

પ્રભુ મળવા સહેલા છે, સંત મળવા દુર્લભ છે.
પ્રભુ મેળવવા સંતરૂપી દલાલની જરૂર છે, પણ સંત
ગ્રાહક પાસે આવતા નહિ, આવતા હોય તો ઓળખાતા નહિ.

પ્રભુલાભ સહેલું અને વહેલું છતાં તેના તરફ આકર્ષણ ઘણાને થતું નહિ. સંધ્યા ઉપરથી લાભની ચિંતા ન કરો. લોકો એ લાભ લે કે ન લે પણ લાભ એ ઉત્તમ વસ્તુ છે.

सत्त्वपुरुषयोः शुद्धिसाम्ये कैवल्यं । - યોગદર્શન ૪, ૩૪

સત્ત્વ તથા પુરુષની શુદ્ધિ-સામ્ય થયે છતે કૈવલ્ય પ્રગટે છે.

० पुरुषार्थशून्यानां गुणानां प्रतिप्रसवः ।
कैवल्यं स्वरूपप्रतिष्ठा वा चितिशक्तेः ॥

પ્રતિપ્રસવ = લય, વિનાશ, આત્યંતિક અભાવ.

પુરુષાર્થ = પુરુષની ઇચ્છાનો વિષય. શૂન્ય = ઇચ્છારહિત દશા.

પુરુષ પોતાના સુખને માટે કોઈ પ્રયત્ન ન કરે, ત્યારે તે આત્માભિમુખ બની શાંત થઈ જાય છે.

આ સ્થિતિને અંતઃકરણની 'પુરુષાર્થશૂન્ય અવસ્થા' કહે છે.

અંતઃકરણનો આત્યંતિક લય = આત્મા કે પુરુષનું કૈવલ્ય.

० न मोक्षो नभसः पृष्ठे न पाताले न भूतले ।
सर्वाशासंक्षये चेतःक्षयो मोक्ष इतीष्यते ॥१॥ અર્થાત્:

મોક્ષ આકાશ પાછળ, પાતાળમાં, ભૂતલ ઉપર નહિ, પણ સર્વ આશાનો ક્ષય થવાથી ચિત્તક્ષય થાય અને મોક્ષ પમાય.

जीवोऽजीवो भवत्याशु याति चित्तमचित्तताम् ।
विचारादित्यविद्यान्तो मोक्ष इत्यभिधीयते ॥१॥ અર્થાત્:

115

જપ અચળ (સ્થિર) થાય, ચિત્ત અચિત્તતા (નિર્વિકલ્પતા)ને પામે, વિચારરૂપી સ્વપ્નનો અસ્ત થાય, તે મોક્ષ કહેવાય છે.

સંસ્કૃતિનો બીજમંત્ર - અમૃતતત્ત્વ

જે સર્વ પ્રયત્નો સિદ્ધિદાતા છે, તે બીજમંત્ર છે:

आत्मानमुपमां कृत्वा ।

જેવો વ્યવહાર આપણે બીજાઓ તરફથી ચાહીએ છીએ, તેવો જ વ્યવહાર આપણે બીજાઓ પ્રતિ કરીએ.

સંસારમાં સત્યત્વની બુદ્ધિ અને દેહમાં આત્મત્વની બુદ્ધિ નિદિધ્યાસનમાં બાધક છે. એનાથી લય, વિક્ષેપ, કષાય અને રસાસ્વાદ આદિ દોષોની ઉત્પત્તિ થાય છે.

प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥६॥

અર્થાત્: એની (પ્રભુની) કૃપાથી સર્વ દુઃખનો ક્ષય થાય છે. પ્રસન્નચિત્તથી બુદ્ધિ શીઘ્ર પ્રતિષ્ઠાને પામે છે.

જ્ઞાન - વિવેક સત્ત્વગુણ, કામના - આસક્તિ રજોગુણ અને અજ્ઞાન - આળસ તમોગુણ છે.

विषयाक्रान्त देहानां नावेशः सर्वदा हरेः । અર્થાત્: વિષયોથી પીડાતા જીવોને હરિ ઉપર ભાવાવેશ હોતો નથી.

ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्थाः ।

<u>સ્મૃતિ</u>: સત્ત્વગુણવાળા જીવો ઊર્ધ્વગતિને પામે છે. જ્ઞાન = વિવેક, આત્મિક અજ્ઞાનનો નાશ. આત્માનું જ્ઞાન ન થવું એ કોઈ બૌદ્ધિક ખામી નથી. પુસ્તકીય જ્ઞાન વિવેકનું સાધનમાત્ર છે પણ વિવેક તો આત્મજ્ઞાનને આભારી છે.

<u>અવિદ્યાથી મુક્ત થવાનું સાધન વિવેક છે.</u>

સંગત પૂર્ણતાનો અવિદ્યામૂલક વિશ્વાસ અને વસ્તુઓમાં યથાર્થતા સ્થાયિત્વનો નિર્ણય એ વાસનાઓનાં જનક છે. જ્ઞાનમાર્ગ અટંકી જઈ જાને છે. જ્ઞાનીને પ્રથમ પરોક્ષજ્ઞાન થાય છે, તત્ત્વજ્ઞાન કે આત્મજ્ઞાન લાંબા કાળે પ્રાપ્ત થાય છે. માનવીય પ્રકૃતિનું પૂર્ણરૂપે પરિવર્તન દીર્ઘકાલીન પ્રક્રિયા છે.

૦ ભાગવત કહે છે કે ભક્તિમાર્ગ તેને માટે જ છે, કે જે સંસારથી અતિ વિરક્ત કે સંસારમાં અતિ આસક્ત નથી.

<u>ભજ = ઈશ્વરના અનુગ્રહમાં વિશ્વાસમૂલક આત્મસમર્પણ.</u>

ઈશ્વરના સર્વસત્ત્વનું ચિન્તન ભક્તિને વધારે છે. ભગવાન એ દાર્શનિક વિચારણાનો વિષય નથી, કિન્તુ કરુણાસાગર છે. ભક્તિ એ બૌદ્ધિક પ્રેમ નથી કે જેમાં વિચાર અને ચિન્તનની જરૂર પડે. જ્ઞાન એ ભક્તિને પોષક છે પણ ભક્તિનો પર્યાય નથી, છતાં શાંતિપ્રદ છે.

<u>ભક્ત અત્યન્ત દીન હોય છે અને ભગવાન દૈન્યપ્રિય છે.</u>

ભક્તના હૃદયમાં ઈશ્વર સ્વયં સ્થિત થઈ બુદ્ધિયોગ
આપે છે. બુદ્ધિયોગથી પ્રજ્ઞાલાભ ઉત્પન્ન થાય છે.
પ્રજ્ઞાલાભ ભક્તને શાંત અંતઃકરણવાળો બનાવે છે.
તે સર્વભૂતોમાં સમભાવવાળો થઈ પરાભક્તિને મેળવે છે.
પરાભક્તિથી તે ઈશ્વરને તત્ત્વથી જાણી લે છે અને તેમાં
પ્રવિષ્ટ કરે. નિષ્કપટતાપૂર્વક સમર્પણ એ ભક્તિનું ચિહ્ન છે.
શરીર, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, પ્રાણ અને સમસ્ત વસ્તુઓને
સમભાવવાળો ભક્ત તો ભગવત્ સંપત્તિ તરીકે જુએ.
એનો ઉપયોગ કરવા પૂર્વે ભગવત્ અનુમતિનો ભાવ મેળવે.
ઈશ્વરથી અતિરિક્ત કોઈને પણ કદી પોતાના ન માનવા.
માતા-પિતા, બન્ધુ, મિત્ર, સ્વામી, ગુરુ - એક પ્રભુ જ છે.
ભગવાનની બલદાયી કૃપા ઉપર સૌ સદા નિર્ભર રહો.
ભગવન્નામના નિરંતર ઉચ્ચારણ પણ ભક્તિને વધારે છે.
ચિત્તશુદ્ધિ દ્વારા નિષ્કામ કર્મ મોક્ષનો હેતુ બને છે.
કર્મ મુક્તિમાં બાધક છે, પણ નિરર્થક નથી. તે પરંપરાએ
મુક્તિનો જ પરમ હેતુ છે. અંતઃકરણની શુદ્ધિ માટે કર્મ
આવશ્યક છે. આત્મબોધ માટે ચિત્તશુદ્ધિની જરૂર છે.
આત્મા સર્વગત હોવા છતાં
જેનું ચિત્ત શુદ્ધ છે, તેમાં જ તે પ્રતિબિંબિત થાય છે.

૦ અસદ્દેશ વિચારવાળી વ્યક્તિઓ સાથે રહેવાથી
સાધના ધોવાઈ જાય છે. ઘણા દિવસોમાં જે ભેગું કર્યું
હોય, તે પુણ્યબળ થોડાક કાળમાં વિખેરાઈ જાય છે.
પૂજ્ય, પૂજક, પૂજા અને સામગ્રી – એ ચારે જ્યારે એક
જ આત્મા બને, ત્યારે અવશ્ય કાર્યની સિદ્ધિ થાય છે.
ચિત્તની ચંદ્રિકા સાધનાકાશને પોતાની સુધાથી ભરી દે છે.
૦ સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ ॥
પોતાના કર્મથી ભાગનારને નહિ, પરન્તુ એને પ્રેમથી
પુરાં કરનારને જ સિદ્ધિ સાંપડે છે. એ શાસ્ત્રનો કોલ છે.
૦ આંખો ફેરી પલકતાં ક્યારે અને કઈ નિશાળે શીખ્યો?
સમર્પણ એટલે પોતાના અસ્તિત્વ તેમ જ
બુદ્ધિનો અહંકાર છોડી દઈ ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવું.
ભાવનાશીલતા જરૂરી છે, પણ ભાવનાવશતા નહિ જ.
મમત્વના મનનો જો નિઃસ્પૃહતાથી અભ્યાસ થાય, તો
અંદર રહેલ આગ્રહ અને અનિશ્ચયતા નિરર્થક જણાશે.
મનુષ્યજન્મરૂપી વૃક્ષમાં સુકૃતને ન આચરે, તેનો જન્મ
નિષ્ફળ જાય. પાપ આચરે, તેનો જન્મ વિષફળ ગણાય,
પાપાનુબંધીપુણ્ય આચરે, તેનો કિંપાકફળ સમાન અને
પુણ્યાનુબંધીપુણ્ય ઉપાર્જન કરે, તેનો કલ્પવૃક્ષ સમાન ગણાય.

દર્શન = પ્રત્યેક જીવમાં પોતાની સત્તાના અનુભવનની શક્તિ.
જ્ઞાન = બાહ્યપદાર્થોને જાણવા અને સમજવાની શક્તિ.
ઉપયોગ = આત્માના દરેક સ્વસંવેદન - પરસંવેદન ગુણો.

## કર્મ સિદ્ધાંતના ૮ કરણ

કર્મના બંધ પછી સત્તા બાબતે

ઉદય, ઉદીરણા, ઉદ્વર્તન, અપવર્તન, સંક્રમણ, ઉપશમન, નિધત્તિ અને નિકાચન એમ આઠ કરણ લાગુ પડે છે:

ઉદય - સ્થિતિ પૂરી થયા પછી ફળ આપવા લાગે ત્યારે.

ઉદીરણા - ભાવોની તીવ્રતા દ્વારા કર્મોની સ્થિતિ પૂરી થયા પહેલાં જ કર્મનું ફળ આપવાની સન્મુખ થાય તે કરણ.

ઉદ્વર્તન - શુભાશુભભાવોથી કર્મસ્થિતિ - રસમાં વૃદ્ધિ કરવી તે.

અપવર્તન - ભાવો દ્વારા સ્થિતિ અને રસ ઘટાડવાની ક્રિયા.

સંક્રમણ - કર્મની પેટા પ્રકૃતિમાં એકનું બીજારૂપે પરિવર્તન.

ઉપશમ - કર્મોને ઉદયમાં આવતાં પૂર્વે જ રોકી દેવા તે.

નિધત્તિ - કર્મોના ઉદય અને સંક્રમણને આવતાં રોકવા તે.

નિકાચન - કર્મોના ઉદય, ઉદીરણા, સંક્રમણ, ઉદ્વર્તન, અપવર્તન ઉપરોક્ત બધાંને આવતાં રોકી દેવા, તે ૮મું કરણ છે.

૦ અરિહંત અને સિદ્ધ જૈનોના ગોવિંદ છે.
આચાર્ય તપ અને જ્ઞાનની મૂર્તિ છે - તે ગુરુ છે.

## कर्मबंधना ४ प्रकार

प्रकृति बंध, स्थिति बंध, रस बंध अने प्रदेश बंध.

प्रकृति बंध = दर्शनावरणी, ज्ञानावरणीआदि.

स्थिति बंध = जीवनी प्रदेशोनी साथे रहेवानी शक्ति.

रस बंध = कर्मनी तीव्र अने मंदरूप आपवानी शक्ति.

प्रदेश बंध = कर्मना परमाणुओनो समूह.

जीवननी क्रियाओनो आदि स्त्रोत जीवनी मनोवृत्ति छे. तेमांनी विशुद्ध मनोवृत्तिनुं नाम ज 'सम्यग्दर्शन' छे. तेने अनेक प्रकारनी जीवनदृष्टि पण कहेवाय छे. दर्शन शब्दनो पहेलो अर्थ श्रद्धान छे, बीजो अर्थ साक्षात्कार छे. आरूपी के अदेह आत्माथी प्रेम करवो ए रहस्यवाद छे. वीतरागनो राग करवो एटले तद्रूप थवानी प्रबल आकांक्षा सेववी. एनुं नाम आत्मसमर्पण के अहैतुक प्रेम छे. ए प्रेमथी ज जीवमां समरसी भाव उत्पन्न थाय छे. वीतराग अने आत्माना स्वरूपमां कोई भेद नथी. बेमांथी कोईना पर पण प्रेम करवो ते एक ज वस्तु छे. तेनुं ज नाम 'भक्ति' छे.

मोह स्वार्थपूर्ण होय छे, भक्ति निःस्वार्थ होय छे. मंगलोमां नमो अरिहंताणं प्रधान छे, अनादिनिधन छे.

o પરમાં અનુરાગ કરવો તે કર્મના બંધનો હેતુ છે.
વીતરાગ પરમાત્મા પર નહિ કિન્તુ સ્વ આત્મા જ છે.

મોક્ષમાં રહેવાવાળા સિદ્ધ અને
દેહમાં રહેવાવાળા આત્મામાં કોઈ ભેદ નહિ.

આત્મા પોતે જ શુદ્ધ થઈને પરમાત્મા બને છે.
આત્મપ્રેમનું ફળ મોક્ષ અથવા આત્માની સિદ્ધિ જિનેન્દ્ર દેવનું મુખ દેખવાથી મુક્તિરૂપી લક્ષ્મીનું મુખ દેખાય છે. વીતરાગમાં થતો રાગ એ નિષ્કામ હોય છે. જિનેન્દ્ર દેવમાં નિમિત્તાવલંબ ભક્તિ જૈન સિદ્ધાંતમાં માનેલું છે. ભગવાનનાં ગુણોના સ્મરણથી ભક્તનું ચિત્ત પવિત્ર બને છે અને પાપનો મળ દૂર થાય છે, તેથી તેના કર્તા ભગવાન કહેવાય છે. ભગવાનમાં અનુરાગ એક શુભ ક્રિયા હોવાથી પાપકર્મોનો નાશ અને શુભકર્મોનો ઉદય થાય છે. પ્રભુની સ્તુતિ સ્તોતાના શુભ પરિણામનું કારણ બને છે.

તે કુશલ પરિણામ અથવા તજ્જન્ય શુભ કર્મ હોઈ
શ્રેય અને પુણ્ય ફલદાયક બને છે.

o आशागर्तः प्रतिप्राणि यस्मिन् विश्वमणूपमम् ।
कस्य किं कियदायाति वृथा वो विषयैषिता ॥

(પરિશિષ્ટ-૧૨)

## મિથ્યાત્વના ૫ લક્ષણ

(૧) વિપરીત - કદાગ્રહિતા (૨) એકાંત - અનુદારતા (૩) અજ્ઞાન (૪) સંશય - શંકાશીલતા (૫) વિનય - વિવેકશૂન્ય નિયમપાલન. મિથ્યાત્વ અવસ્થામાં પોતાનો સ્વાર્થ અને તેનું પોષણ તથા બીજાઓ પ્રત્યે દ્વેષ અને ઈર્ષાનો ભાવ રહેલ છે, જ્યારે સમ્યક્ત્વ પામ્યા પછી પોતાની આસપાસના જીવોમાં પોતાના સમાન આત્મતત્ત્વનું દર્શન કરે છે, તેથી તેના પ્રત્યે સ્નેહ, સહાનુભૂતિ, કરુણા આદિની ભાવના ઉત્પન્ન થાય છે અને જે વૃત્તિઓના કારણે જીવોમાં સંઘર્ષ પેદા થાય છે, તે વૃત્તિઓ પ્રત્યે વિરક્તિ જાગે છે. આ નવા દૃષ્ટિના ફલસ્વરૂપ સમ્યક્ત્વના શમ, સંવેગ, અનુકંપા અને આસ્તિક્ય નામના ૪ લક્ષણો પ્રગટે છે. પ્રત્યેક જીવના જીવનનું પરમ ધ્યેય આત્મશુદ્ધિ છે.

આત્મશુદ્ધિરૂપી એ પરમ સાધ્યની સિદ્ધિ માટે
વ્રત - નિયમનું પાલન એ મુખ્ય સાધનરૂપ છે.
આત્માની સત્તાનું ભાન - દર્શન કરાવે છે તથા
બાહ્યપદાર્થોનો બોધ - જ્ઞાન ઉત્પન્ન કરે છે.

સમ્યગ્દર્શન વ્યક્તિમાં એક નવા પ્રાણ લાવે છે અને અધાર્મિકતામાંથી નીકળીને ધાર્મિક ક્ષેત્રમાં જીવને ખેંચી લાવે છે.

o અહિંસાના ઉપદેશમાં ભાર યથાર્થતઃ સૌ મનુષ્યની માનસિક શુદ્ધિ ઉપર છે. જીવો પ્રત્યે આત્મતુલ્ય વૃત્તિઓ ટકાવી રાખવા અનેકાન્ત અને અહિંસાની અપેક્ષા રહે છે.

વિચારવૈષમ્યનું નિવારણ અનેકાન્તથી થાય છે.

ક્રિયાસ્વાતંત્ર્યનું નિયંત્રણ અહિંસાથી થાય છે.

અનેકાન્તવાદથી સત્યનું અને અહિંસાના ભાવથી સત્યનું પાલન થાય છે. બ્રાહ્મણોમાં રહેલ બ્રહ્મ અને વણિકોમાં રહેલ સત્ય એ બહુમાન - આદરની નજરે જોવાલાયક છે.

વિચારમાં રહેલ સત્ય તેટલું જ કિંમતી છે,

જેટલી આચરણમાં ઉતરેલ અહિંસા.

એકમાં ન્યાયની અને બીજામાં સત્યની રક્ષા થાય છે.

o સામાયિકની અપેક્ષાએ બધા વ્રતો એક જ છે, કેમકે એક જ સમત્વભાવને ટકાવવા માટે વ્રતમાત્રની રચના છે.

o ત્યાગ એકો ગુણઃ શ્લાઘ્યઃ કિમન્યૈર્ગુણરાશિભિઃ ।
ત્યાગાજ્જગતિ પૂજ્યન્તે પશુપાષાણપાદપાઃ ॥૧॥

(પરિશિષ્ટ-૧૩)

દાનવૃત્તિનું મૂળ ત્યાગવૃત્તિ છે અને ત્યાગવૃત્તિમાં મૂળ કૃતજ્ઞતાભાવ છે. કૃતજ્ઞતાભાવનું મૂળ પરોપકાર સ્વભાવ છે. પરોપકારના પાયા ઉપર જ અખિલ બ્રહ્માંડની રચના છે.

સિદ્ધાત્મા નિગોદના જીવને અકથ્યપણે ઉપકાર કરનારા થાય છે અને અરિહંત પરમાત્મા સકલ જીવોને ઉદ્ધારનારા થાય છે. આચાર્યાદિ પણ પોતાના આચાર, જ્ઞાન અને સાધનાથી વિશ્વ જંતુઓને અલૌકિક ઉપકાર કરનારા થાય છે. પાંચ પરમેષ્ઠિની જેમ પાંચ ભૂતો પૃથ્વી ઉપર, પાંચ ગ્રહો આકાશમાં અને પાંચ તત્ત્વો દેહમાં ઉપકારક થાય છે.

'સમગ્ર વિશ્વ પરોપકારમાં પ્રવૃત્ત છે'

એમ જાણનાર સાધક નમ્ર બને છે, કૃતજ્ઞ બને છે, તથા ત્યાગ અને દાનને પોતાનો પરમ ધર્મ સમજે છે. ધર્મનું આચરણ નહિ થાય ત્યારે એ મુંઝવણ અનુભવે છે અને થાય છે ત્યારે પ્રસન્નતાનો અનુભવ કરે છે.

દયાહિંસાદિના ભાવો શુભાશુભ આશ્રવ છે.

પોતાનું ચિદાનંદ સ્વરૂપ તેનાથી સદા ય ભિન્ન છે. તેમાં એકાગ્ર થઈ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવો, તે જ આત્માને પરમ સુખ મેળવવાનો સાચો ઉપાય છે.

પરોપકૃતિ એ તો વિશ્વનો નિયમ જ છે.

કૃતજ્ઞતા એ કર્તવ્ય છે અને એ નિયમથી સાબિત થાય છે. કૃતજ્ઞતાની કસોટી નમ્રતા છે, જે કૃતજ્ઞપણાનું ચિહ્ન છે. બીજાના ગુણો - ઉપકારોને સ્વીકારવાનું ફળ નમ્રતા છે.

ૐ નમઃ

પરોપકાર અને કૃતજ્ઞતાનો સિદ્ધાંત
એ universal નિયમ છે.
વિશ્વનું વ્યાપક સંચાલન જીવમાત્રના હિતને માટે થાય છે.

માનવજન્મની ઉચ્ચતા

પ્ર. પ્રાર્થનાથી પરિસ્થિતિ પલટાય છે? ના. પ્રાર્થનાથી મનોબળ પલટાય છે અને પછી તે પરિસ્થિતિ પલટે છે.

માનવીને ખોટું કામ કરવાની શરમ નથી, કિન્તુ તેને ખોટું કામ કરીને જાહેર પાસે પકડાવાની શરમ છે.

મનુષ્ય કેટલા વખત પડે છે એ મહત્ત્વનું નથી, પણ પડે તેટલા વખત ઉઠે છે અને ઉઠે છે એમાં જ મર્દાનગી છે.

જીભથી સરેલા અને કલમથી સરકેલા
એક ખરાબ શબ્દનું વજન એટલું વધુ છે કે
છ ઘોડાની ગાડી પણ એને ખેંચી શકતી નથી.

જે ઇચ્છાઓ તે મળી જવાથી ધનવાન બનીએ છીએ પણ ઇચ્છેલી વસ્તુ વિના ચલાવી લેવાથી શક્તિશાળી બનાય.

ઇતિહાસને સર્જનારાને ઇતિહાસ લખવાનો સમય નથી.

મનુષ્ય જેટલો પોતાની જાતથી છેતરાય છે,
એટલો બીજા કોઈથી પણ છેતરાતો નથી.

મહાન સત્કર્મી જેટલા જ મહાન વિભૂતિઓ સરળ હોય છે.

o જગત તમને ભલે વિષપાન કરાવે
તમે તો તેને ષટ્રસનું ભોજન જ આપજો.
નેતા થવા ઈચ્છશો નહિ, સેવક થવા જ ઈચ્છજો...
એટલે નેતાપણું ખેંચાઈ આવશે.

o આશાવાદી દરેક મુશ્કેલીમાં તક જુએ છે.
નિરાશાવાદી દરેક તકમાં મુશ્કેલી જુએ છે.

o જે સમયે મનુષ્યની નિર્બળતા પ્રગટ થાય છે:
બોલવાની તક મળે ત્યારે ન બોલે અને
ચૂપ રહેવાનું હોય ત્યારે બોલ્યા કરે.

o જ્ઞાનના શિખર ઉપર થોડા ચડી શકે.
કરુણાના શિખર ઉપર સૌ કોઈ ચડી શકે.

પ્રાપ્ત કરેલું જ્ઞાન - જ્યાં સુધી તે વ્યવહારની કસોટીએ ચઢતું નથી, ત્યાં સુધી એ સિદ્ધ અને સંસ્કારી બનતું નથી.

o પાપમાં પડવું એ મનુષ્યનો સ્વભાવ છે, દુઃખી રહેવું એ શેતાનનો સ્વભાવ છે, ડરવું એ સંતોનો સ્વભાવ છે અને સર્વ પાપથી મુક્ત થવું એ મહાપુરુષોનું કામ છે.

o જે મનુષ્યો સંપત્તિ અને વિપત્તિમાં એકરૂપે રહે છે, તેમનાં જીવિત એ જીવિત છે. આપત્તિનો સામનો કરવામાં સાહસથી વધુ મોટો બીજો કોઈ મદદગાર મિત્ર નથી.

o શત્રુના પણ ગુણ ગ્રહણ કરવા અને
આપણા દરેક વડિલોના દોષોના દુર્બુદ્ધિએ ત્યાગ કરવા.
શુષ્કવેર કે વિવાદ તો કોઈ જોડે ય કદાપિ ન જ કરવા.

દોષાદોષોનું એકમાત્ર દુષ્પરિણામ દુઃખ જ છે.
જેના જીવવામાં ઘણાય જીવ જીવે છે, તે જ સાચું જીવે છે.
સમગ્ર મનુષ્યને માટે તો ક્ષમા એ જ ઉત્તમ કલ્યાણકારી છે.
અભિમાની, મૂર્ખ, ક્રોધી, અવિચારી અને ધર્મભ્રષ્ટ લોકો
સાથે પોતાના જીવનમાં કદી પણ મૈત્રી કરવી નહિ.
માનવીએ ક્યારેય પોતાની ઇચ્છા પ્રમાણે નહિ, પણ
પોતાના લાગતાને અનુરૂપ જીવન જીવતાં શીખવું જોઈએ.
તો જ માનવ સુખ અને સંતોષ પ્રાપ્ત કરી શકે છે.

o પૂર્વ દુષ્કૃતની નિંદા અને સ્વપર સુકૃતની અનુમોદના
ન કરી હોય, તેનો મનુષ્યજન્મ નિષ્ફળ ગયો જાણવો.
માટે ૪ શરણાંઓનો સ્વીકાર, પૂર્વ દુષ્કૃતની નિંદા અને
સુકૃતની અનુમોદનામાં મનને સ્થિર કરવું જોઈએ.

o ધર્મક્રિયાનું ધ્યેય મનને ધોવું તે છે.
કપડાં જેમ રોજ મેલા થાય છે,
તેમ મન પણ રોજ ને રોજ મેલું થાય જ છે,
માટે જ કપડાંની જેમ મનને પણ રોજ ધોવું જોઈએ.

## તત્વત્રયી

દેવ: ૧૮ દૂષણરહિત હોય, ગુરુ: પાંચ મહાવ્રતોના ધારક તથા ૧૦ વિધ યતિધર્મપાલક શુદ્ધ માર્ગ પ્રરૂપક હોય અને ધર્મ: દયા, મૂળ, વિનય, વિવેક સહિત કેવલિ ભાષિત હોય.

ધર્મનું મૂળ દયા છે. ક્ષમા વિના દયા નહિ અને મૈત્રી વિના ક્ષમા નહિ. એટલે પરંપરાએ ધર્મનું મૂળ મૈત્રી છે. દયા એ મોક્ષ માર્ગાધિકારિણી, દુર્ગતિ દુઃખહારિણી, પાપ-સંતાપ નિવારિણી અને સંસારસમુદ્રતારિણી ગુણ છે.

દેવ, ગુરુ, ધર્મના પ્રવર્તક સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર - ૭ જ્યાં હોય, તે દેશ આર્ય છે.

0 સમતાનો વર્ણ શ્વેત અને રોષનો રંગ રક્ત હોય છે.

આપત્તિ = દેવ-ગુરુ-ધર્મમાં રહેલ વિશ્વાસની પરીક્ષા.

આપત્તિ વિવેકીના વિશ્વાસમાં વૃદ્ધિ કરે છે, તેથી તે પણ પ્રભુકૃપાના અંશભૂત જ છે. ચિંતિત હૃદય કરતાં વિધિકૃત સદા ઉત્તમ હોય છે, એવું કૃપાપાત્રજનને સમજાય છે. તેથી જ આ સંસારમાંનો ભીષણ પ્રસંગ આર્તધ્યાનનું નિમિત્ત ન બનતાં ધર્મધ્યાનની વૃદ્ધિ કરનાર થાય છે.

ગમે તેવા વિકટમાં વિકટ આપત્તિમાં પણ અડગ રહેવાનું એકમાત્ર સાધન પરમ તત્ત્વનો અવિરત વિશ્વાસ જ છે.

આપત્તિ તો વિવેકીના વિશ્વાસમાં વૃદ્ધિ કરનારું એક સાધન હોવાથી તે પ્રભુની કૃપાના જ એક અંશભૂત છે.

૦ ઉત્તમ કલાકારોની છઠ્ઠી ઇંદ્રિય સંવેદનની, વિશિષ્ટ અનુભૂતિની અને વિશિષ્ટ દૃષ્ટિની છે. તે અદ્ભુતને મૂર્ત કરી આપે છે, એ જ એનું કવિકર્મ છે. આખા જીવનને નાટક સ્વરૂપે જોવું અને નાટ્યરૂપે નિરૂપવું, એ બહુ અઘરી પણ અતિમનોહર કળા છે. સાચો સાહિત્યકાર એ રાજકારણનો નહિ, પરન્તુ હૃદયકારણનો માનવ છે.

૦ શાસ્ત્રશ્રવણનું ફળ જ્ઞાન અને જ્ઞાનનું ફળ વિજ્ઞાન-વિશિષ્ટ જ્ઞાન. વિશિષ્ટ એટલે હેયોપાદેયતાનું જ્ઞાન.

૦ વસ્તુપાળના ભાલમાં ભિન્નતા હતી, મુખમાં સરસ્વતી, હૃદયમાં દયા, હાથમાં દાન અને શરીરમાં શીલની કાંતિ હતી, તેથી તેની કીર્તિ ૧૪ રાજલોક સુધી પહોંચી હતી.

જે સૌથી ઊંચા વિચારવાળો હશે, તે સૌનો સેવક જ હશે. પોતાના વિચારનું આક્રમણ પણ ન થાય તેની કાળજીવાળો હશે. બાબતો માટે તે ઝાઝો આગ્રહ પણ નહિ રાખે. 'મારા વિચારને અનુસાર જ દુનિયાએ ચાલવું જોઈએ' એવો આગ્રહ કદાચ નીચા વિચારવાળો નહિ રાખે, પણ 'મારા વિચાર અનુસાર હું તો ચાલું જ' એવું વિચારશે.

o રામનામ મેં આલસી, ભોજન મેં હુશિયાર,
ઐસે તુલસી નામ કી, બાર બાર ધિક્કાર.

શબ્દ પછી આત્મા-પરમાત્માની ભૂમિકા આવે,
તો જ જીવનની સાથે સદ્રૂપતા ગ્રહાય છે.

o બધા બીજ કાંઈ એક જ ફુલને જન્માવતાં નથી,
તેમ બધા આત્માઓ એક જ માર્ગે વિકાસ પામતા નથી.

o પૌગળા ભાવિને જોનાર સત્ત્વગુણી નથી
માત્ર વર્તમાનને જોનાર રજોગુણી માનવ કહેવાય છે.

o ચિત્તનિરોધ આધાર પુરુષ વડે પુનરાવૃત્તિરહિત સ્વ સ્વરૂપને પમાડે છે. ચિત્તને મલિનાવસ્થામાં રાખનારા પરિગ્રહની નિવૃત્તિ થવાથી ચિત્તની મલિનતા દૂર થઈ જાય છે, જેને કલ્યાણી સમ્યક્જ્ઞાનનો પ્રકાશ થાય છે.

o મૈત્રી, મુદિતા, કરુણા, ઉપેક્ષાનું સાવધાનતાપૂર્વક અને ચિરકાલપર્યંત અનુષ્ઠાન કરવાથી ચિત્તમાંના રાગ-દ્વેષાદિ મલ નિવૃત્ત થઈ આભ્યંતર શૌચની સ્થિરતા થાય છે. ગ્રહણના ભાવ વિના કૃતજ્ઞતા કે પરોપકારનો ગુણ સ્પર્શી શકે જ નહિ. નમવું ભાવનું વાચ્ય જે નમ્રપણું તે ગ્રહણભાવનો સ્વીકાર કર્યા વિના તત્ત્વતઃ સ્પર્શી શકે નહિ. નમ્રતા એ સાધનાની પાયાભૂત વસ્તુ છે. અહિંસા આદિ

ધર્માત્માનું મૂળ નમ્રતા છે. કૃતજ્ઞતા વિનાનો પરોપકાર સ્વાર્થભાવ માટે જ થાય છે, એથી તે મોક્ષના સાધનભૂત ન થઈ શકે. કૃતજ્ઞતા શબ્દમાં પરોપકારભાવ સમાઈ જાય.

કૃત = ઋણ, જ્ઞ = જ્ઞાન, તા = ભાવ.

ઋણના સમ્યગ્જ્ઞાનનો સદ્ભાવ, તેનું નામ 'કૃતજ્ઞતા'. કૃતજ્ઞતામાં દર્શન અને જ્ઞાન, તત્પૂર્વક ચારિત્ર એટલે પરોપકાર. કૃતનું સમ્યગ્જ્ઞાન હોય, ત્યાં સમ્યગ્દર્શન પણ ઘટે. કૃતજ્ઞભાવ વિનાનો પરોપકાર અનંતવાર કર્યો પણ તે સમ્યગ્જ્ઞાન-દર્શનવિહીન હોઈ નિષ્ફળ ગયો.

૦ ભવચક્રમાં પ્રત્યેક જીવથી જે ઉપકાર થયો છે, તેનો અનંતાંશ પણ શી રીતે વળી શકે? ઉપરાંત સમ્યગ્દૃષ્ટિ, સર્વવિરતિ, પરમેષ્ઠિ આદિના ઉપકારની તો વાત જ શી? ઋણ અમર્યાદ, અનંત, અનાદિ, દુષ્પ્રતિકાર્ય ગણાય છે અને ઋણને ચૂકવવાનો એક નાનો સરખો વિચાર પણ માનરૂપી પર્વતને ભેદવા માટે દંભોલિ કે વજ્ર સમાન છે. ઋણનો એક જ પ્રતિકાર છે અને તે છે નમ્રતાનો અર્થ. તે પ્રતિકાર પણ ઋણને ચઢાવનાર છે. ભવમાં આપવાનું છે અલ્પ અને મળે છે અનંત. કરવું-કરાવવું સહેલું છે, પણ તાત્ત્વિક સહજ નિષ્કામ અનુમોદન દુષ્કર છે.

અનુમોદના કરાતી નથી, સહજ રીતે થઈ જ જાય છે.
કરવું, કરાવવું, અનુમોદવું - તે પ્રમત્તદશાપર્યન્ત જ છે,
અપ્રમત્તદશામાં તો કર્તૃત્વભાવ સાવ વિલય પામે છે.

o સુરદ્રુમ માંગ્યા પછી જ આપે છે, જ્યારે જિનેશ્વર તો માંગ્યા પહેલાં આપે છે, કારણ કે તે કરુણાવંત છે.

o પ્રત્યેક વસ્તુને સત્યતાના લક્ષથી, શિવતાના લક્ષથી અને સુંદરતાના લક્ષથી જોવી જોઈએ.

o મંત્ર = જીવનમાં પરિવર્તન આણનાર શબ્દશક્તિ.

o બાહ્યસંયોગો અને આભ્યંતરવિકલ્પો, બંને અનિત્ય છે.

વિવિધ પ્રકારના પરિષહો સહન કર્યા વિના શરીર પરનાં મોહ-મમતા છૂટતાં નથી કે રાગાદિ દોષો દૂર થતાં નથી.

સંતો = દુઃખને સહતો આત્મા, દંતો = સુખને દમતો અને શાંતો = સુખરાગ નહિ, દુઃખદ્વેષને શમતો આત્મા.

પાપેચ્છાનો પરિત્યાગ અને પુણ્યેચ્છાનો આવિર્ભાવ એ શમ પદાર્થ છે. સ્વસંબંધિત સુખરાગના સ્થાને સર્વ સંબંધી સુખરાગ એ પુણ્યેચ્છા છે. સ્વસંબંધી દુઃખદ્વેષના સ્થાને સર્વ સંબંધી દુઃખદ્વેષ એ પાપ પરિહારેચ્છા છે.

સુખેચ્છાના સ્થાને ધર્મેચ્છા અને
દુઃખદ્વેષના સ્થાને પાપદ્વેષ માનવમાત્રનું પરમ કર્તવ્ય છે.

સર્વવિષયક સુખેચ્છા એ ધર્મપુણ્ય અને સ્વવિષયક સુખરાગ એ પાપ છે. સર્વવિષયક દુઃખદ્વેષ એ ધર્મ-પુણ્ય છે, સ્વવિષયક દુઃખદ્વેષ એ અધર્મ - પાપ છે.

પુણ્યેચ્છા અને પાપપ્રદ્વેષ

એ શાંતિ અને સુખનાં અસાધારણ બે ઉપાયો છે.

0 ઈશ્વરનું સદૈવ પ્રણિધાન કરનારો સાધક - આરાધક પરિણામે સર્વના આત્મરૂપે થાય છે એટલે દેવાદિ પણ તેના ઈશ્વરપ્રણિધાનરૂપ યોગમાં વિઘ્ન કરવા સમર્થ થતા નથી.

0 સકલ-મનનીય વસ્તુઓનું સામાન્ય જ્ઞાન થાય છે. યોગાંગોના અનુષ્ઠાન વડે ચિત્તની મલિનતા દૂર થવાથી વસ્તુઓના અદૃષ્ટ-અશ્રુત સર્વ વિશેષોનો સાક્ષાત્કાર થાય.

0 આત્મા એ જ અર્થ છે અને

આત્મભાવમાં સમત્વમાં આવવાની કોશિષ એ અર્થ છે. આત્માને આત્મભાવમાં લાવનાર એક અણમોલ સાધન છ આવશ્યકો છે, છએ આવશ્યકની ક્રિયા જ અર્થરૂપ છે.

0 પ્રતિમામાં પરમાત્મબુદ્ધિની પેઠે પ્રણવમાં ઈશ્વરબુદ્ધિ રાખી ઉપાસના કરવાથી પ્રભુનો અનુગ્રહ અને સાક્ષાત્કાર થાય છે. ઓંકાર એ ઈશ્વરનો વાચક છે. યોગદર્શનમાં ઓંકારને શ્રેષ્ઠ અથવા ઉત્કૃષ્ટ આલંબન કહેવાયો છે.

કરણ - કરાવણ - અનુમોદન સરિખા ફળ નિપજાવે છે.
જ્યાં જ્યાં સાચું કરણ કે કરાવણ કે અનુમોદન હોય છે,
ત્યાં તેની સાથે ભાન જો હંમેશા હોય જ છે અને
તેથી જ તે ત્રણેને સરખા ફળ નિપજાવનારા ગણ્યા છે.
પાપ એ માનસિક દુઃખ, ધર્મ એ માનસિક આનંદ અને
ઇચ્છા એ માનસિક ક્ષુધા છે. આપણે જેવા પણ છીએ,
તે આપણા પોતાના જ ભૂતકાલીન વિચારનું પરિણામ છે.
જે આભરણો સદા સાથે છે, તે તો તમારી અંદર જ છે.

## નિરોધ - ઉર્ધ્વીકરણ

વૃત્તિનિરોધ = Suppression, ઉર્ધ્વીકરણ = sublimation,
નિરોધમાં વિરોધ અને વિનાશ છે.
ઉર્ધ્વીકરણમાં પ્રગતિ અને વિકાસ છે,
સંયમ પામેલી વૃત્તિઓ છેક નાશ પામતી નથી.
જો તે ઉચ્ચતર માર્ગે ન વળે, તો વિનાશના માર્ગે વળવાની.
નિરોધાયેલી વૃત્તિઓ બમણા આવેગથી પોતાનું વેર લીધા
વિના છોડતી નથી. સંયમનું ધ્યેય સંયમ જ નહિ, પણ
ઉચ્ચતર જનકલ્યાણ તથા આત્મકલ્યાણ હોવું જોઇએ.
અગ્નિથી સુવર્ણની, સુવર્ણથી સ્ત્રીની, સ્ત્રીથી પુરુષની કસોટી
થાય છે. કીર્તિ ભોગથી નહિ પણ ત્યાગથી મળતી હોય છે.

ધન, સત્તા અને કીર્તિને ટકાવી રાખવાની ભાવના જાગી,
એ ત્રણ અથવા તેમાંથી એક પણ સાચવવાની વૃત્તિ જાગી
તો જીવનમાર્ગમાં દુઃખના ડુંગરો રચાવા જ લાગે છે.
ધન, સત્તા કે કીર્તિની પ્રાપ્તિ અમુક સંજોગોને આભારી છે
અને વિદાય પણ અન્ય પ્રકારના સંજોગો દ્વારા જ થાય છે.
જો પુરુષાર્થ કરવાનો હોય તો તે સંજોગો પલટવાનો,
નહિ કે ભય, શંકા અને દ્વેષથી ભરેલો ચોકી કરવાનો.

## જાતમાંથી જગત તરફ

જાતમાંથી વિશ્વ તરફ, અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ અને
સ્થૂળમાંથી ચેતન તરફ જવું, એનું જ નામ 'ઈશ્વર'.
હું પૂર્ણ છું, જગતનો પ્રત્યેક અણુ પૂર્ણ છે,
પૂર્ણમાંથી પૂર્ણ તરફ જવાનો રસ્તો અનંત છે.
જે જગત માટે જીવે છે, તેની સુરભિ તો ફેલાવાની જ.
તમે દાન આપી દાન લેનારને ઉપકૃત નહિ જ કરતાં
પણ તમારી જાતને ઉપકૃત કરો છો, ક્રમશઃ દાન આપી તમે
પરિગ્રહમાંથી અપરિગ્રહ તરફ, જાતમાંથી જગત તરફ વળ્યા છો.
0 જે બોલે છે તે જગાડે છે, જે આચરે છે તે ઘડે છે.
ઉચ્ચ અભિવ્યક્તિનો આનંદ હોય છે અને
આત્મઅભિવ્યક્તિનો હોય છે ભીતરનો ઉલ્લાસ.

લાખો રૂપિયા આપી, છતાં એવા ને એવા રહેનાર કરતાં પાઈ આપી વિશ્વપ્રેમનો અનુભવ કરનાર મહાન દાનેશ્વરી છે.

કમાણી અનેક પ્રકારની હોય છે - ધન, દૌલત, ઐશ્વર્ય ઉપરાંત ગુણવૃદ્ધિની અને આત્માનંદના અનુભવની. એ જ કમાણી જ કાયમ અને સંપૂર્ણ સુખનું કારણ છે. ધનવૃદ્ધિના સ્થાને ભવનાશકર એ જ ધ્યેય બનવું જોઈએ.

સાચી સેવા ધનથી નહિ પણ તનથી અને મનથી થાય છે.

જે માનવમાં નમ્રતા નથી, તે ખરી સેવા કરી શકતો નથી.

સેવા કરી સેવકનો ઉપકાર માનો. તેઓની સેવા કરવાનું લાભ પ્રાપ્ત થયું, તેનો હર્ષ ધારણ કરી અનુમોદન કરો.

શુભ નિમિત્તો મળે ત્યારે જ આત્મજ્ઞાનનાં દ્વાર ખુલે અને પરમાત્માનું દર્શન થાય.

માનવશરીર કુદરતે જ બાહ્યવૃત્તિવાળું બનાવ્યું છે. ચરાચર જગત ઇંદ્રિયગોચર છે, તેને જોઈ મટી અંતરમાં ઉતરી આત્મદર્શન કરી શકાશે, જે સાધું જોઈને થયું નથી, દર્શન નહિ.

અભેદભાવની ભાવના અને ચૈતન્યનું એકરૂપપણું એ બંને જ આત્મદર્શન થવામાં મુખ્ય ભાગ ભજવે છે.

ધર્મ કે તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં એ કારણે જ મૌન, કરુણા, સમભાવ વગેરે ઉપર ભાર અપાય છે.

## બ્રહ્મચર્ય

જે બ્રહ્મપ્રાપ્તિને અર્થે જ જીવે છે, તે પોતાની શક્તિનો
એક અંશ પણ પોતાના સુખભોગ માટે ખરચી ન શકે.
જેટલે અંશે ઇંદ્રિયનો ઇંદ્રિયસુખને માટે ઉપભોગ થાય,
તો સમજવું કે તે તેટલો બ્રહ્મથી દૂર છે.
જેણે બ્રહ્મદૃષ્ટિએ જીવનની સાધના કરવી હોય,
તેણે દરેક વસ્તુમાં અને કર્મમાં સંયમ જાળવવું જ જોઈએ.
કર્મ વગર જ્ઞાન લૂલું છે,
ભક્તિ વગર કર્મ અને જ્ઞાન બંને લૂલાં છે,
જ્ઞાન વિના ભક્તિ અને કર્મ બંને આંધળાં છે.
જે જગત નહિ પણ પ્રભુ માટે જીવે, તે જ સાચો ભક્ત છે.

## અહિંસા

અંદરની વૃત્તિ બહાર ખેંચવા નીકળે તે વખતે આત્મભાન
કાયમ રાખવાનો આગ્રહ અને વિવેક, તેનું નામ 'અહિંસા'.
આવો આગ્રહ રાખનાર સૂક્ષ્મ હિંસાથી પણ બચી જાય છે,
એ પછી તેનાથી જીવની સ્થૂળ હિંસા તો થાય જ ક્યાંથી?
૦ મૂર્ખ પંડિતો મૂઠી જેટલા મગજથી મહાસાગર કરતાં પણ
વિશાળ આત્માનું સ્વરૂપ માપવા, સમજવા વ્યર્થ ફાંફાં મારે છે.

૦

*Find happiness within yourself.*

ॐ નમઃ

## દેવ - ગુરુ - શાસ્ત્રો

'પથ્થરમાં અગાધ શક્તિ છે' એવી ખબર જાણકારને છે, તેમ જ રીતે તમારામાં રહેલી અનંત શક્તિનો પ્રકાશ જેણે આત્મસાક્ષાત્કાર કરેલો છે, તેવા દેવ-ગુરુને છે જ. તેલ હોય, વાટ હોય પણ દીવો ચેતશે આપમેળે નહિ. એને ચેતવવાને ચિનગારી જોઈએ. ભલે પછી એ ચિનગારી દૂર હટી જાય પણ અવિરત પ્રજ્વલિત બનેલી જ્યોત બુઝાતી નથી. આવા ચેતનની ચિનગારી પ્રગટાવનાર જ સાચા ગુરુ, એ જ સાચા દેવ અને એ જ સાચાં શાસ્ત્રો.

## નમ્રતાથી આવે નિર્ભયતા

જ્યાં નમ્રતા, ત્યાં નિર્ભયતા રહેલી છે. આઠ પ્રકારના મદનો અભાવ કરવાનું અનન્ય સાધન મૃદુતા, માર્દવ, નમ્રતા છે.

મદમત્તતા બેભાન બનાવનારી છે, જ્યારે
નમ્રતા તો આત્મભાન પેદા કરાવનારી છે.
આત્મા બાહ્યવસ્તુઓના કારણે મોટો નથી,
તેની મોટાઈ પોતાના સ્વરૂપમાં - સ્વભાવમાં છુપાયેલી છે.
તે મોટાઈને પ્રગટ કરવાનું સાધન
નમ્રતા, નમ્રભાવ, નમનવૃત્તિ, વિનયશીલતા છે.

o Adversity is an ally of creative work.

## પુરુષાર્થ અને અભય

જેણે અનેક રીતે શાસ્ત્રો-સદ્‌ગુણોનો સંચય કર્યો છે, એને સાચવવાની જુમ્મેદારી તેના પોતાના ઉપર જ છે. આમાં સહેજ પણ ગાફેલ રહેવું તેને ન પાલવે. તળાવમાં અખૂટ જળ ભર્યું હતું. એક નાની સરખી તડ હતી, તડ વધી છેવટે સરોવર ફાટ્યું. જો તળાવનું અનંત જળ બચાવવું હોય તો નાનામાં નાની તડની પણ કાળજી રાખવી જોઈએ.

સાચો અભય તે છે કે જેને આવતી કાલની ચિંતા નથી.

જે પરિગ્રહી છે, તે અભય હોઈ શકે નહિ.

કાલનો જેને ડર છે, તે જ પરિગ્રહ કરવાને પ્રેરાય છે.

## પ્રભુ સ્મરણ - ધ્યાન

શાસ્ત્રોના શબ્દો એ શબ્દો નહિ પણ સૂત્રો છે. સૂત્રો જ નહિ પણ સત્યો છે. શાસ્ત્રોનાં સત્યોની ચાવી ગુરુગમ છે.

ગુરુગમથી શાસ્ત્રોનાં છુપાં રહસ્યો પ્રગટ થાય છે.

ગ્રન્થો અને ઉપદેશકો બહારથી મદદ કરે છે,
પ્રભુ સ્મરણ અને ધ્યાન અંતરમાં પેસી અજવાળું કરે છે.

પોતાના લાભ ખાતર પ્રભુને પૂજનારા પોતાને જ ઠગે છે.
જ્ઞાનસંચય માટે પૂજનારા વાદવિવાદ-ચર્ચામાં જીવન ગુમાવે છે.
પ્રભુની ખાતર પ્રભુને પૂજે તે જ તેની કૃપાના પાત્ર બને છે.

જેણે આત્માના સ્વરૂપનો અનુભવ કર્યો છે. તે જ સાચા
અર્થમાં અપરિગ્રહી, અભય અને પ્રેમી બની શકે છે.
વિશુદ્ધ પ્રેમ એ રૂપ, ગુણ, જાતિ, ધર્મથી અબાધિત છે.
પ્રેમની અનુભૂતિમાં જ વિશ્વત્વ છે.

જ્યાં અનંત પ્રેમ છે, ત્યાં વિભક્તત્વને સ્થાન જ નથી.
વિશ્વપ્રેમને અનુભવવો હોય તો વિશ્વને આત્મદૃષ્ટિથી ચાહો.
તે અમુક છે માટે નહિ, તે મિત્ર છે માટે નહિ,
પણ તે આત્મા છે માટે ચાહો.

જે આત્મદૃષ્ટિથી જગતને જુએ છે, તેને મોહ-દ્વેષ-ભય નથી.
સ્થૂળ ચક્ષુ બંધ કરી, જ્ઞાનચક્ષુથી જગત જોવાનો પ્રયત્ન કરો.
ત્યાં તમને મનુષ્ય, પ્રાણી કે પદાર્થ નહિ દેખાય, સર્વત્ર
વિશાળ ઉદધિ તરંગે નાચતું ચૈતન્યસ્વરૂપ જ નજરે પડશે.
ત્યાં તમે જુદા નહિ હો, તેમાંના એક બની નાચતા હશો.
એ જ તમારું સાચું પ્રેમસ્વરૂપ તથા આનંદસ્વરૂપ છે.

પ્રેમની ભૂખ આત્મા પણ એક અતિ અભિલાષા છે.
વૃત્તિઓના નિરોધ માટે ભોગ વિષયો પ્રત્યે વૈરાગ્ય
કેળવવાનો છે, એ રીતે સ્વાત્મ ઉર્ધ્વીકરણાર્થે આત્મમાત્ર
પ્રત્યે પ્રેમ અને કરૂણા કેળવવાના છે. પ્રેમ અને
કરૂણાપૂર્વકનો વૈરાગ્ય સ્થિર અને દૃઢમૂલ બને છે.

આઈન્સ્ટાઈન કહે છે કે:

જે પોતાના જીવનના રક્ષણ માટે ચિંતા કરતો રહેશે,
એ જીવનને ખોઈ બેસશે અને જે પોતાના જીવનની
પ્રત્યેક ક્ષણ પ્રભુ માટે ન્યોચ્છાવર કરી દેશે, એનું રક્ષણ
આટોમિક રીતે એની પણ આપોઆપ જ થયું રહેશે.

જીવનપર્યંતની મારી સાધના પછી
'મારા માટે'નો અર્થ હું 'જીવમાત્ર માટે' એમ સમજ્યો છું.

0 સોનું કસાને - હીરો ઘસાને ઉજ્જ્વળ થતાં હોય છે.
એમ હીરો ઘસ્યા વિના સાફ થતો નથી
તેમ મનુષ્ય કસોટીમાં પાર ઉતર્યા વિના પૂર્ણ થતો નથી.
શબ્દો કરતાં કાર્યો વધુ જાહેરાત કરી શકે છે.

0 કર્મ આત્માને બાંધે છે એ એક બાજુ છે.
કર્મની બીજી બાજુ એ છે કે આત્મા કર્મને બાંધે છે.
પહેલી બાજુમાં કર્મ-બીજીમાં આત્મા અપરાધી બને છે.

0 વાચાળપણું હૃદયનું ખાલીપણું બતાવે છે.
અસ્ત્રાની ધાર કરતાં પણ જીભની ધાર વધુ તીક્ષ્ણ છે.
તે જેમજેમ વપરાય છે, તેમતેમ વધુ તીક્ષ્ણ બને છે.

0 દૃષ્ટિની અસ્થિરતા મનનું ચંચળપણું બતાવે છે.

0 સત્યનો સદા જય છે.

શ્રદ્ધાવાળા સત્કર્મનિષ્ઠને જીવનમાં પરાજય છે જ નહિ.
જાતથી પરાજિત થવા જેવી ભારે શરમ જનક કોઈ નથી.

o પોતાનું અજ્ઞાન ન જાણવું એ રાજનો રોગ છે,
પોતાના અજ્ઞાનને જાણી લેવું એ રાજનો મર્મ છે.

o વિષમતાની ક્ષણોમાં પણ નિરાશ ન થવું જોઈએ,
કેમકે કાળાં વાદળોમાંથી જ અમીની વર્ષા થાય છે.

o

Raga & Dvesh make a man selfish. He becomes full of likes-dislikes which is bad for his own individual self.

You are what you think.

Autharity comes out of intelligent discipline. When we are able to obey, we are in command. The mind of god is Love. It is identification. We should have love & faith in our love.

o Learn another language, there is no shorter cut to new thinking.

o Long life may not be good enough, but a good life is long enough.

ॐ नमः

## જૈન ધર્મ - આચાર

જૈનોનું અસ્તિત્વ સુનિશ્ચિત અર્થ આપતું હોવાને કારણે જ તેમાં વિચારભેદને અવકાશ નથી. પરંતુ જૈન ધર્મના વિવિધ સંપ્રદાયોનો આધાર વિચારભેદ નહિ, પણ આચારભેદ છે અને જ્યારથી પણ તેનો ઈતિહાસ પ્રાપ્ત થાય છે, ત્યારથી વિચારની એકરૂપતા જળવાઈ રહ્યાનું જાણી શકાય છે. જૈન આચારના મૂળમાં દ્રવ્ય નહિ પણ ભાવ હોવાથી બાહ્ય આચરણ કરતાં અંતરનો ભાવ એ આચારમાં મુખ્ય છે. બાહ્ય આચારનું મહત્ત્વ ત્યાં સુધી છે કે જ્યાં સુધી તે અંતરના ભાવને ઉત્તરોત્તર નિર્મળ કરવામાં સહાયક હોય. જો આમ બનતું ન હોય તો તો પછી બાહ્યાચારનો કશો જ અર્થ રહેતો નથી. સમગ્ર જૈન આચારનો ભાર આમ આંતરભાવ ઉપર છે પણ તે કયો ભાવ? એ પ્રશ્ન થાય તો તેનો ઉત્તર એ છે કે આત્મૌપમ્યભાવ અથવા સમભાવ. અહિંસા એ સમભાવ કે આત્મૌપમ્યભાવના પરિણામરૂપે જીવનમાં આવવી જોઈએ અને એ અહિંસા જ સર્વ ધર્મોના મૂળમાં મનાઈ છે, કારણકે સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય કે અપરિગ્રહ - એ સૌ અહિંસામૂલક છે અથવા તો અહિંસાનો જ વિસ્તાર મનાય છે. શ્રાવક કે પછી સાધુના

આચારોના નિયમો અહિંસાને જ આધારે જ ઘડાયા છે.

અહિંસાના બે પ્રકાર છે:

હિંસા ન કરવી એ નિવૃત્તિરૂપ અને સકલ જીવો પ્રત્યે મૈત્રી રાખી તેમના કલ્યાણનો પ્રયત્ન કરવો તે વિધાયકરૂપ.

જીવનમાં કરુણા, અનુકંપા, દયા કે દાન એ બધા અહિંસાના વિધાયક તત્ત્વને આભારી છે તથા ત્યાગ કે તપસ્યા એ નિવૃત્તિરૂપને આભારી છે.

તીર્થંકર ભગવાન પણ જે તપ-ત્યાગ કરે છે, તે નિવૃત્તિરૂપ અહિંસા છે અને તીર્થની સ્થાપના તથા ધર્મોપદેશ આદિ આપે છે, તે વિધાયકરૂપ અહિંસા છે.

જીવનમાં ધ્યાન અને સ્વાધ્યાય પણ રાગ-દ્વેષાદિ દોષો, કે જેને લઈને હિંસા જન્મે છે, તેના નિવારણ માટે જ છે.

પૂજા-ભક્તિ આદિ પણ રાગ-દ્વેષને નિવારીને અરિહંત અને પરિણામે વીતરાગી બનવા માટે જ છે.

આ રીતે જીવનમાં પરમ અરિહંત ભાવરૂપ ફળની સિદ્ધિ સાથે જ જૈન ધર્મમાં સકલ આચારનું નિર્માણ થયેલું છે.

જૈનોમાં પ્રચલિત સામાયિક કે સમભાવ એ પણ 'સર્વ જીવોને દુઃખ અપ્રિય છે અને સુખ પ્રિય છે, માટે સૌને સમાન માની કોઈપણ જીવની હિંસા ન કરવી' તે માટે છે.

આ ભાવનાની સ્પષ્ટ ગીતાગ્રંથના સામ્યયોગમાં છે.

આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્ ।

સૂક્તિ: પોતાને પ્રતિકૂળ હોય તે બીજા પ્રત્યે ન આચરવું.

મહાભારતના ધર્મતત્ત્વનો સાર પણ
શ્રમણોની અહિંસક ભાવનાને આધારે જ છે.

આમ અહિંસા એ વિધાયક અને નિષેધક બન્ને છે. અહિંસામાં અપવાદ છે પણ તેનું અનુસરણ જેમ બને તેમ અને જ્યાં સુધી બને ત્યાં સુધી ન કરવાની સતત જાગૃતિપૂર્વકનો પ્રયત્ન કરવા માટે પણ તેટલો જ ભાર મૂકવામાં આવ્યો છે. જૈન ધર્મના આ પ્રકારના અહિંસક વલણની મોટી અસર હિંદુ ધર્મ ઉપર થઈ છે, એ તથ્ય છે.

## આરાધનાનું મૂળ - તીર્થંકરત્વ

બધી આરાધનાઓનું મૂળ શ્રી તીર્થંકર પરમાત્માઓ છે. બીજા શબ્દોમાં તીર્થંકર નામકર્મની પાવન પુણ્યપ્રકૃતિનો વિપાકોદય છે અને એ પુણ્યપ્રકૃતિનું મૂળ પણ સકલ જીવરાશિની હિતચિંતાનો પ્રબળ અધ્યવસાય જ છે. એનું મૂળ પણ જીવમાત્રનું જીવત્વ છે, કેમકે એ જ સિદ્ધત્વની ભૂમિ સમાન છે. જીવત્વની અભેદભાવે વિચારણા - હિતચિંતન એ તીર્થંકરત્વનું ઉત્પાદક છે.

તીર્થંકરત્વ જેવી મહાન વસ્તુ પેદા કરવાનું જેનામાં સામર્થ્ય છે, તે જીવમાત્રના હિતચિંતનરૂપ શુભ ભાવનાનું ફળ તીર્થંકરત્વ રૂપે છે. વિશ્વની હિતચિંતામાંથી જન્મતા તીર્થંકરત્વના વિપાક કાળે સમગ્ર વિશ્વને હિતકારી એવા ધર્મતીર્થને, દ્વાદશાંગશ્રુતને, ચરણકરણ વિશુદ્ધ ચારિત્રધર્મને, તેના આધારરૂપ પ્રથમ ગણધર અને ચતુર્વિધ સંઘને તથા મોક્ષમાર્ગના અન્ય સર્વ સાધનો અને પ્રતીકોને તે સર્જે છે. એ કારણથી જ આપણે માટે તીર્થંકર પરમાત્મા, તીર્થંકર નામકર્મ, વિશ્વહિતચિંતાનો અધ્યવસાય અને તેનો વિષય બનનાર જીવમાત્રમાં રહેલું જીવત્વ, એ બધું બહુમાનની નજરે જોવાલાયક છે. એથી એક અપૂર્વ સમતા પ્રગટે છે. આપણા વર્તમાન જીવના પોતાની સંકુચિતતાને છોડી વિરાટ બને છે, જેનો પ્રભાવ સમગ્ર પ્રકૃતિ ઉપર પડે છે, વળી પ્રકૃતિ ફરી વિશ્વહિતને અનુકૂળ થાય એવી સૃષ્ટિ સર્જે છે.

Imp.

## જિનનામ - ભાવના - જીવત્વ

આપણે મુક્તિમાર્ગની જે કાંઈ સાધના કરીએ છીએ તથા વિશ્વમાં મુક્તિ માર્ગે લઈ જનારું જે કાંઈ સદનુષ્ઠાન જ્યાં જ્યાં સધાઈ રહ્યું છે, ત્યાં ત્યાં તેના બનાવનાર તીર્થંકર પરમાત્મા અને જિનનામકર્મની પુણ્યપ્રકૃતિ છે.

તેને બંધાવનાર વિશ્વહિતચિંતાની ભાવના છે અને
એ ભાવનાનો વિશુદ્ધ બનનાર પારિણામિક ભાવ રહેલું
બહુમાનનું મહત્ત્વ છે, તેથી જેમ દરેક દેશમાં બનેલાં માલ
ઉપર તે તે દેશની મહોર-છાપ મારવામાં આવે છે, જેમ કે
made in Germany, made in U.S.A.
made in England વગેરે, તેવી રીતે આપણા
પ્રત્યેક અનુષ્ઠાન ઉપર, તેના ફલસ્વરૂપ સંવર-નિર્જરા
-પુણ્યપ્રકૃતિ ઉપર, તેના પરિણામરૂપ આ ભવના શારીરિક-
માનસિક સ્વાસ્થ્ય ઉપર અને હવે પછીના જન્મના
સુરશિવનાં સુખ તથા તેનાથી વિરુદ્ધ આત્મસમૃદ્ધિ મળતાં
દુર્ગતિ તથા તેનાં દુઃખ ઉપર પણ made in Jain
Shasanની છાપ આપણા ચિત્ત ઉપર ઉઠવી જોઈએ.
શ્રી જિનેશ્વરનાં કર્તૃત્વની છાયા ચિત્તભૂમિ પર પડવી જોઈએ.
શ્રી હરિભદ્રસૂરીશ્વરજીની ભાષામાં પ્રત્યેક સદનુષ્ઠાનના
આદ્યપ્રણેતા શ્રી જિનેશ્વર દેવ આપણા ચિત્તરૂપી રત્નના
અલંકાર બનવા જોઈએ. અનુષ્ઠાન કરતી વેળા જ નહિ
પરન્તુ તેના ફલપ્રાપ્તિ તે અનુષ્ઠાનના પ્રણેતા જિનેશ્વર
ભગવંત, તીર્થંકર નામકર્મ, તેની ભાવના અને મહત્ત્વ
આદિ બધી વસ્તુઓનું સ્મરણ તાજું રહેવું જોઈએ.

ફળ = પરમ આર્હંત્ય ભાવ.
તેની સિદ્ધિ અર્થે સકલ આચારનું નિરૂપણ કરવાનું છે.
ફળવિસ્તાર = મૈત્ર્યાદિ ૪ ભાવનાઓ.
પ્રભુ મંદિરરૂપી માટીની દિવાલમાં નહિ, પણ
શરીરરૂપી હાડ-ચામની દિવાલમાં વસે છે,
એ સમજવા માટે મંદિર અને મૂર્તિ છે.
ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन! तिष्ठति।
भ्रामयन् सर्वभूतानि यंत्रस्थानीव मायया।
અર્થઃ હે અર્જુન! યંત્રમાં રહેલાની જેમ સર્વ જીવોને
માયા વડે ભમાવતો ઈશ્વર સર્વ જીવોના હૃદયમાં રહે છે.
આમાં આત્મા અને ઈશ્વરનું ઐક્ય અને
સાથે ઉપાદાન કર્તૃત્વ પણ સૂચવાયું છે.
આમાં પ્રધાનતા નિમિત્ત કારણની છે,
કારણ કે ભૂતોથી ઈશ્વર પૃથક્ લેવાયો છે.
આત્મા ઈશ્વરનો અંશ હોવાથી
તેમાં ઉપાદાનતા આવી જ જાય છે,
જ્યારે ભિન્ન અંશમાં નિમિત્તતા આવે છે.
દેહમાં આત્માના ઉપાદાન-નિમિત્ત બંને ભાવો જોવામાં આવે છે.
તે બંને ભાવો ક્ષીર-નીરવત્ મળેલાં છે.

## લલના - લલિત - રતિક્રીડા

પરસ્પર સમાન વિચારો ઉદ્દભવે,
એ આત્માઓનું આંશિક ઐક્ય સૂચવે છે.
જેમ જેમ અભેદ વધારે, તેમ તેમ વિચારો મળવાના જ
અને વિચારો મળે, તેમ ઐક્ય પણ વધવાનું જ.

પ્રેમસંબંધે લલનાને કાંત પ્રત્યેનો ભાવ કૃત ક્રીડા વખતનો જ તીવ્ર હોય છે એવું નથી પરન્તુ તે સર્વદા એકસરખો અથવા પ્રવર્ધમાન હોય છે, તેમ મૈત્રીભાવ સર્વ જીવો પ્રત્યે સાર્વકાલિક એકસરખો અથવા પ્રવર્ધમાન માનવો ઘટે. ક્રીડા તો રતિ ભાવનું કૃત સ્થૂલ કે અતન સ્વરૂપ છે.

મૈત્રીભાવનું સ્થૂલ કે અતનરૂપ પરોપકાર છે.

પુરુષ કરતાં સ્ત્રીનો ભાવ વધુ પ્રેમાત્મક હોઈ શકે છે. પ્રસ્તુતમાં લલના તે કર્તૃપદ છે. લલિત અથવા તો કાંત રતિભાવનો વિષય અને સાર એ કર્તૃપદનું વિશેષણ છે.

સ્વયોગ્યા તે લલના છે. પરયોગ્ય તે લલિત છે. ભાવ તે રતિ છે. સાર તે શ્રેષ્ઠ છે. પરયોગ્ય પ્રત્યે સ્વયોગ્યાની શ્રેષ્ઠ રતિ તે લલનાનો લલિત પ્રત્યે સાર ભાવ છે.

સતીની પતિ પ્રત્યેની રતિ ચાર વિભાગમાં વહેંચાય છે:
હિતચિંતા, દુઃખવિનાશ, સુખસંતોષ અને દોષઉપેક્ષા.

જેમ પતિની હિતચિંતા, પતિના દુઃખનો નાશ,
પતિના સુખને વિષે સંતોષ અને પતિના દોષની ઉપેક્ષા-
એ સતીનો સ્વભાવ છે, તેમ સ્વપરિણતિરૂપા સતી પણ
પરપરિણતિરૂપ પતિની હિતચિંતા, પતિના દુઃખનો નાશ,
પતિના સુખનો તોષ અને પરપરિણતિપતિના દોષની ઉપેક્ષા
સદા ઇચ્છ્યા કરે છે. પરિણામે પ્રસંગ પડે ત્યારે તેના વડે
મન-વચન કે કાયાથી પતિના ઉપકારનું જ કાર્ય થાય છે.

વિશ્વ-કર્તૃત્વ-માપાંશ

સાધક નિમિત્તરૂપે સુસ્થિત અને
ઉપાદાનરૂપે પોતાનો આત્મા લઈ શકાય.
તાત્ત્વિક દૃષ્ટિ ઉપાદાન અને નિમિત્તના ભેદને ઓળંગીને
'પરમ કારણ' એટલું જ કહે છે.

'પરમ' શબ્દથી ગમે તે કારણ લઈ શકાય.
કોઈ વિવક્ષામાં નિમિત્ત પ્રધાન હોય, ત્યાં પરમનો અર્થ
નિમિત્ત લેવાય અને જ્યાં ઉપાદાનપ્રધાન-વિવક્ષા હોય,
ત્યાં પરમનો અર્થ ઉપાદાન કરાય. શુદ્ધનયથી પરમ એટલે
ઉપાદાન નિમિત્તતા જેવું કશું જ નથી. તે ચિદ્રૂપ સદા એકરસ છે,
તેમાં કાર્ય-કારણાદિ ભાવો કે ભેદો પેદા થઈ શકતા નથી.
ઉપાદાન અને નિમિત્ત તો નયોની વિવક્ષા છે.

એહ પદ નયાતીત-તર્કાતીત તે રૂપ છે.

ઈશ્વર એક છે, જગતમાં એક જ ઈશ્વર છે,
બીજું કશું નથી. બધું ઈશ્વરમાં છે, ઈશ્વર બધામાં છે.

આવી અનેક અપેક્ષાઓ છે. ઈશ્વર આત્મરૂપે ઉપાદાન અને પરરૂપે નિમિત્ત - એમ પણ વિવક્ષા થઈ શકે. અત્યંત પરિશુદ્ધ દૃષ્ટિમાં તો સુસ્થિત અને આ આત્મામાં કશો જ ભેદ નથી. અહીં ઉપાદાન-નિમિત્તભાવ બંને એક થઈ જાય છે. સોઽહંભાવ રૂપ ઉપાદાન જ આત્મવિશુદ્ધિમાં પરમ નિમિત્ત બને છે અને ફળ પણ ઉપાદાન જ છે.

ચેતન દ્રવ્ય જ એવું વિલક્ષણ છે કે
જે આત્માઓ એકરૂપ તથા અનેકરૂપ પણ થઈ શકે છે.

એકરૂપતામાં જે ઉપાદાન છે, તે જ નિમિત્ત છે અને
જે નિમિત્ત છે, તે જ ઉપાદાન છે.

એકરૂપતામાં અનેકરૂપતા અને અનેકરૂપતામાં એકરૂપતા છે.

ઉપાદાનનું અસ્તિત્વ નિમિત્ત વિના ન રહે અને
નિમિત્તનું અસ્તિત્વ ઉપાદાન વિના ન રહે.

અભેદનયથી બંને એક જ છે, ભેદનયથી ભિન્ન છે.

વસ્તુતઃ ઘટમાં મૃત્પિંડ અને ચાકડાના દંડની જેમ
ચેતન કાર્યોમાં જે કારણોને એકાંતે જુદા પાડી શકાય નહીં.

અહિં સુસ્થિત તે આત્માદિ સર્વદ્રવ્ય, ભિન્ન ન હોવાથી.
ભિન્નાંશ તે નિમિત્ત છે, અભિન્નાંશ તે ઉપાદાન છે.
પરમ કારણમાં બંને કારણો સમાઈ જાય છે.
પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ આરાધનામાં સર્વ કાર્યો પ્રત્યે
સુસ્થિતની પરમ નિમિત્ત કારણતા સ્વીકારવી જોઈએ.
દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ સુસ્થિતરૂપ સ્વાત્માની
સર્વ કાર્યોમાં પ્રધાન ઉપાદાન કારણતા રહેલી છે.

## ઈશ્વરની સિદ્ધિ

(૧) કર્માદિનો અધિષ્ઠાતા - ચૈતન્ય સંપાદક (૨) યથેપ્સિત દાતા
(૩) વિશ્વ કર્તા (૪) વિશ્વસ્ય કર્તા (૫) સત્શાસ્ત્રોનો કર્તા.
નય વિશેષથી બધા વિચારો ઘટી જાય છે.
વિરોધિ નયથી બધા વિચારો તૂટી જાય છે.
પ્રત્યેક કાર્યની કારણતા પ્રવાહથી અનાદિ છે.
જ્યાં પુરુષનું કર્તૃત્વ માનવામાં આવે છે,
ત્યાં ખરી રીતે કર્તા તો પ્રાચીન ધર્મ હોય છે.
પુણ્ય તે પ્રાચીન ધર્મ છે.
પુણ્યોદય ફળ આપે છે.
કર્તાનો વ્યાપાર ફક્ત ફળપર્યંત હોય છે.
ધર્મના કર્તા સુસ્થિત છે.

કાર્યના સ્થૂલ પ્રારંભમાં તો તેઓ હોય જ છે પણ તે કાર્યના પ્રારંભના કારણ તરીકે પણ સુનિશ્ચિત તે પૂર્વે હોય છે. આમ સુનિશ્ચિતમાં પ્રવાહથી અનાદિકર્તૃત્વ સિદ્ધ થાય છે.

કાર્યમાં સુન્દરેતરની કલ્પના વ્યવહારગત છે,

કિન્તુ નિશ્ચયથી તો સર્વ કાર્યો સમાન છે.

વીતરાગના કથનમાં સુંદરેતર કાર્યોનો વિભાગ હોઈ શકે પણ

ભાવમાં તો સમભાવ જ હોય છે.

જે અપેક્ષાએ વ્યવહારથી અસુંદર છે, તે નિશ્ચયથી અસુંદર નથી, તો તેના કર્તા વીતરાગને માનવામાં બાધ પણ નથી.

જો સુંદર કાર્યના કર્તા વીતરાગને માનીએ અને

અસુંદરના નહીં, તો તે સમભાવ ક્યાં રહ્યો?

માટે સુંદર અથવા અસુંદર કાર્યનો વિભાગ અવીતરાગ-ભાવગત છે, જેના કર્તા વીતરાગ સદા સુનિશ્ચિત છે.

યોગશતકમાં કહ્યું છે કે: તાત્ત્વિક સામાયિકમાં વિહિત અને વિહિતેતર સર્વ અનુષ્ઠાન પ્રત્યે સમભાવ હોય છે.

પ્રત્યેક કાર્ય પ્રત્યે આવું જ્ઞાન કારણ છે. કોઈપણ કારણ જ્ઞાનથી નિરપેક્ષ રહીને તો કારણ બનતું જ નથી. આ સ્થિતિમાં એક કાર્યનાં પણ અનંત-અનંત કારણો છે.

એ અનંતાનંત કારણોમાં સુનિશ્ચિત છે.

હવે જો સુસ્થિતને પરમ કે પ્રધાન કારણ ન કહીએ,
તો અહીં સર્વ શુભતત્ત્વોની લઘુતા છે અને સુસ્થિતને
પરમ કારણ કહીએ, તો એમાં સર્વ શુભતત્ત્વોને ગૌરવ છે.
દરેક કાર્ય શુભ અને અશુભના મિશ્રણથી બને છે.
એકાંત શુભ કાર્ય એકલું કારણ ન બની શકે.
આ એક સૂક્ષ્મ વસ્તુસ્થિતિ છે. અયોગીપર્યંતની સર્વ
અવસ્થાઓ એકાંતે શુભ અથવા એકાંતે અશુભરૂપ નથી.
અયોગી અવસ્થા પણ સાંસારિક અવસ્થા હોવાથી તાત્ત્વિક
દૃષ્ટિએ અશુભ કહેવાય, ગુણસ્થાનની વિશુદ્ધિની અપેક્ષાએ
શુભ પણ કહેવાય. એ જ રીતે મિથ્યાત્વ ગુણસ્થાનક
પણ ૮ રુચક પ્રદેશોની નિર્મળતાની અપેક્ષાએ શુભ છે,
પરન્તુ ગુણસ્થાનક ક્રમની અપેક્ષાએ તે અશુભતમ છે.
એ રીતે કાર્ય પ્રત્યે જે શુભ-અશુભ બંને કારણો છે,
અહીં પ્રધાન કારણ કોને ગણવું?
જો શુભ કારણોને પ્રધાન ગણવામાં આવે,
તો અશુભ કારણ સહકારી રહેવાના જ.
પ્રધાનમાં પ્રધાન તો સાક્ષાત્ કે પરંપરાએ તે કારણ સુસ્થિત
જ આવવાના કે જેનું સ્વરૂપ સોપાધિક-નિરૂપાધિક છે.
સુસ્થિતને કારણ ન માને કાં તો અકારણવાદ આવે,

કાં તો આત્માની કારકતા આવે અથવા તો પ્રકૃતિની આવે. અકારકતાવાદથી વ્યવહાર લોપાય, આત્માની કારકતાથી અભિમાન પોષાય, પ્રકૃતિની કારકતાથી પુરુષ અકારકતાવાદ રૂપ સાંખ્ય પ્રક્રિયા આવે, જેમાં પુરુષાર્થને સ્થાન જ નથી.

આ ત્રણેમાંથી એકે ઈષ્ટ ન ગણાય.

સુસ્થિતનું જ્ઞાન કર્તૃત્વ માનવામાં આવે,

તો આમાંનો એકે દોષ ન આવે.

ઈતરો ઈશ્વરને અકર્તા માનતા નથી એ દોષ છે, કર્તા માને છે એ દોષ નથી. આપણે સુસ્થિતને બંને માનીએ છીએ-વ્યવહારથી શુભાશુભ દાતા અને નિશ્ચયથી અદાતા, વ્યવહારથી કારક અને નિશ્ચયથી અકારક. જે દાતા હોય, તે કર્તા હોય અને ભોક્તા પણ હોય, અકર્તા અને અભોક્તા પણ હોય. બધો આધાર વિવક્ષા ઉપર છે. ઉપાદાન એકાંત અને નિમિત્ત એકાંત-બન્ને વૃથા છે. સુસ્થિતને એકાંતે જગદુપાદાન પણ ન મનાય અને જ્ઞાન નિમિત્ત પણ ન મનાય. તેમ જ એકાંતે જગદનુપાદાન કે જ્ઞાન અનિમિત્ત પણ ન મનાય. એકાંતમાં આપત્તિઓ છે, અનેકાંત નિરપાય છે. 'आइगराणं।' પદમાં સુસ્થિત અધિ મહારાજનું પરમ કર્તૃત્વ એકદમ સ્પષ્ટ જ મનાયું છે.

કાર્યમાત્રમાં સામાન્યતઃ ૩ વિભાગમાં કારણ વહેંચાય છે:
ઉપાદાન કારણ, પ્રધાન નિમિત્ત કારણ, સહકારી કારણ.
તેમાં ઉપાદાન અને પ્રધાન નિમિત્ત મહત્વના છે.

દ્રવ્યાર્થિકનયથી પરમાત્મા ઉપાદાન કારણ અને
પર્યાયાર્થિકનયથી નિમિત્તકારણ એ સારાંશ છે.
એક નયથી જે ઉપાદાન કારણ છે,
તે જ બીજા નયથી નિમિત્ત કારણ છે.

કર્તૃત્વવાદ માનનારા ય ઈશ્વરને ઉપાદાન અને નિમિત્ત તરીકે અલગ ઉભય રીતે માનવાના ઉલ્લેખો મળે છે.

ઉદાત્તીકરણ - ઉન્નતીકરણ - Sublimation.
રૂપાંતર - વિકૃતિકરણ - Conversion.

સૌંદર્યને હૃદયાસક્તિથી કે ભાવાસક્તિથી જોનારને તે મોહક લાગશે અને કામાસક્તિથી જોનારને માદક - દાહક લાગશે.
ભાવાસક્તિ જે રીતે પાત્ર: કરુણાદૃષ્ટિ તથા આદરભાવદૃષ્ટિથી.

સૌંદર્યને કરુણાદૃષ્ટિએ જોવાની જરૂર નથી.

આદરભાવ દૃષ્ટિથી જોતાં તે માદક નહિ પણ મોહક બનશે. આત્માનું પ્રતિબિંબ હોવાથી સૌંદર્ય માનનીય, વંદનીય, પૂજનીય અને આદરણીય છે. સૌંદર્ય મનુષ્યમાં વિકલ્પ નિર્માણ કરે છે, તેથી એ વિકારોનું ઉદાત્તીકરણ કરો.

ઉદાસીનદશામાં Justification હોય છે, જ્યારે
વિભૂતિદશામાં Conversion-Divinisation થાય.
વિભૂતિદશા થાય તો જ વિરોધ ન કરે.
જગત સુંદર છે એટલું જ નહિ પણ પ્રભુમય છે.
પ્રભુમય સૌંદર્ય વિકારનો ડંખ કદી નહિ મારે.

## જ્ઞાન-કર્મ-ભક્તિ-ઉપાસના

શબ્દ જો સાંભળવો જ હોય તો
શાસ્ત્રોનો, મુનિનો, ગુરુનો અને અંતે આત્માનો સાંભળો.
વિદ્યા સહિત ઉપાસના સત્ કર્મ.
અવિદ્યા સહિત સકામ કર્મ.
સકામ કર્મથી ફળ મળશે પણ શાંતિ નહિ મળે.
અહીં ફળ મળશે કે નહિ અને મળશે તો રહેશે કે નહિ,
એથી અશાંતિ અને ચિન્તા તો રહેશે જ.
ફળ મળશે તો અહંકાર થશે.
કર્મ સત્ જ્ઞાન વિના કેવળ ભક્તિ પણ દીન, દુઃખી અને રડતી જ છે. કેવળ જ્ઞાનમાં શુષ્કતા છે, કેવળ કર્મમાં તોફાની આશા છે. જ્ઞાનમાં તો એ ફળની આશા જ નથી, તેથી અતિશુષ્ક છે. કર્મને પણ ભક્તિનો ટેકો જોઈએ. ભક્તિ વિનાના કર્મોથી ગુરુગ્રંથિ અને લઘુગ્રંથિ સર્જાય.

કાર્યકર્તાઓ ગુરુગ્રન્થિથી અને જેની સેવા કરતા જણાય છે
તે લઘુગ્રન્થિથી પીડાય છે. કેવળ ઉપાસના અંધતામાં પ્રવેશે.
કર્મહીન ઉપાસના લાચારી અને નિરાશા નીપજાવે છે.

કર્મયુક્ત ઉપાસના અને
ઉપાસનાયુક્ત કર્મ - એમ બંને સાથે જોઈએ.
પ્રભુના કામ કરનારને જ પ્રભુની ભક્તિનો અધિકાર છે.

<u>બહિ:પ્રવૃત્તિ - આંતરનિવૃત્તિ</u>

એકલી જાગૃતિ કે એકલી ઊંઘ હાનિકારક છે.
જેમ તે બંનેનો સુમેળ હોવો જોઈએ,
તેમ પ્રવૃત્તિ અને નિવૃત્તિનો પણ સમન્વય જોઈએ.
પ્રવૃત્તિ કે નિવૃત્તિ પ્રેમથી અને આનંદથી થવા જોઈએ, તો જ
તેમાં મીઠાશ આવે. ભોગો ભોગવવાને સમાધાન નથી,
તેમ ભક્તિ ન હોય તો ભોગો છોડીને પણ સમાધાન નથી.
જબરજસ્તીથી આવેલી અનાસક્તિ વિકૃતિ લાવે છે.
ભિખારી બંગલો છોડી દે છે તો શું એનો એ ત્યાગ-નિવૃત્તિ
એને સમાધાન આપશે? ઋષિમુનિઓને કેવળ ભોગ-
નિવૃત્તિથી નહિ પણ જ્ઞાન અને ભક્તિથી શાંતિ મળી છે.
ખરી વાત તો એ છે કે બહિ:પ્રવૃત્તિનું ઉદ્દામપણું અને
કેવળ નિવૃત્તિનું આળસુપણું - બન્ને નુકસાનકારક છે.

વિદ્યા-જ્ઞાન-ઉપાસનાદિ અમૃત મળે છે અને
અવિદ્યાકર્માદિ મૃત્યુને ઓળંગી જવાય છે.

આજે ભક્તિમાં ૨ પ્રકાર છે: (૧) વહેપારી (૨) ભિખારી.
આ ભક્તિમાં સુંદર તમાકુ અને જલાર કેસરનું ભેળણ છે.

પ્રેમમાં ખરીદી અને વેચાણ નથી.

પ્રભુ પાસે બે શક્તિ છે: (૧) પ્રેમ (૨) કરુણા.
પ્રેમ એટલે ગંગા અને કરુણા એટલે પાર્વતી.
પ્રેમશક્તિ કરતાં પણ કારુણ્યશક્તિ વધુ સુંદર લાગે છે.
પ્રભુનો પ્રેમ જોઈતો હોય, તો પ્રભુ જેવા જ થવું પડે.
પ્રેમ ત્યાગ માગે છે. પ્રેમ સમાન વચ્ચે જ સંભવ શકે.
કરુણામાં પ્રભુની શ્રેષ્ઠતા છે, જ્યારે પ્રેમમાં સમાનતા છે.
ભગવાનની હદમાં પ્રભુની સુખદાયક શક્તિ ભક્તના અહંને
ખાઈ જાય છે અને મુક્તિ મળે છે. અહંરહિત જે કાંઈ
રહ્યું તે શુદ્ધ ચૈતન્ય. સુખ અને દુઃખ એ સંવેદન છે
અને ક્ષણજીવી પણ છે. દુઃખ એ માણસનો ગુરુ છે
અને તેને દીર્ઘદર્શી બનાવે છે. ગુરુજનો એટલે દુઃખનાં
કડવાં અનુભવો. દુઃખ વારંવાર તે માર્ગે ન જવાની ચેતવણી
આપે છે માટે ગુરુના સ્થાને છે. દુઃખરૂપી સદ્ગુરુ સતત
સાથે રહે છે, તેની અવગણના કરવી સર્વથા અયોગ્ય છે.

# Equanimity

My hard struggles and deep pains in mental field have enlightened me in more subtle depth of Truth. Suffering is inevitable to release and develop the inward perceptions. Yoga helps here. It is the Power of concentration, detachment, love and experience.

Pleasure & pain do not reside in the objects of the external world. They reside in ourselves. In our dealing with worldly objects, when we get joy or sorrow, we think we get it from them. This is Avidya or ignorance. So instead of trying to order our external circumstances to our liking, we should train our minds to react to them with equanimity.

આત્મસમર્પણની કસોટી કૃતજ્ઞતા-નમસ્કારતા છે.
કર્મ છે ત્યાં શુદ્ધ શ્રદ્ધા અથવા Cosmic obligation છે.
Imp કૃતજ્ઞતા એ શ્રદ્ધાનો સ્વીકાર છે.
નમસ્કારતા એ શ્રદ્ધાનો પ્રતિકાર અથવા તો
તે Cosmic Sacrifice છે.
એ જેના પાયા ઉપર જ આત્મસમર્પણ રચેલો છે એની
તેના ઉપર જ પરમાત્મભાવની ઈમારત ચણાય છે.

o <u>શાંતિ</u> = સ્વનું વિસ્મરણ અથવા સ્વાર્થનું વિસર્જન.
o <u>તુષ્ટિ</u> = સર્વનું સ્મરણ અથવા પરમાર્થનું સર્જન.
o <u>પુષ્ટિ</u> = આત્મા-પરમાત્માના એકત્વનો સાક્ષાત્કાર.
o Desire is devil, while
Desirelessness is Divine.

man (મન)ને At-man કે Paramat-man બનાવવી રહી, તો મનનો લય-શમન-નાશ, તેનો સાક્ષાત્કાર આવશ્યક છે. નમનથી તે સાક્ષાત્કાર સધાય છે, તેથી નમનભાવ એ સર્વ મંગળોમાં પ્રથમ મંગળ ગણાય છે.

<u>અનુરોધી પ્રેમ કરતાં પ્રતિરોધી પ્રેમમાં અધિક શક્તિ છે એ બતાવવા માટે Love your neighbourની અપેક્ષાએ Love your enemy એ વાક્ય છે.</u>

o A sane mind, a soft heart and
a sound body is equal to
सम्यग् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः।
Giving is as good as receiving.

आकर्षेन्मुक्तिकान्तां सुरपतिकमलां दुर्विदस्यापि वश्यं,
कुर्वन्ति उच्चाटयंश्चाशुभमथ स्तम्भन द्वेषणं विद्विषां च।
तन्वानः स्तम्भमुच्चैर्भवभवविपदां किंच मोहस्य मोहं,
पुंसस्त्रीर्वैशलक्ष्मीमुपनयति नमस्कारमन्त्राधिराजः॥
-सं-२० श्लोक १४ पृ-५४४ (પરિશિષ્ટ-૧૪)

पुष्पप्रदीपाक्षतधूपपूगी-फलैर्जिनेन्द्रप्रतिमां प्रपूज्य।
ये लक्षशः श्री परमेष्ठीमन्त्रं; जपन्ति ते तीर्थकृतो भवन्ति॥
-विंशति स्था० क० पृ-५ (પરિશિષ્ટ-૧૫)

o

Blessed are the poor in Spirit,
for theirs is the kingdom of Heaven.
Blessed are the merciful,
for they shall obtain mercy.
Blessed are the pure in heart,
for they shall see God.

o ચિત્ત ઐસા કીજીએ, ઢાલ સરિખા હોય,
સુખ મેં પીછે પડ રહે, દુઃખ મેં આગે હોય... (૧)

o પિંડાક્ષરમાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનનો ભેદ હોય છે.
દા.ત. સૌભાગ્ય માટે પિંડાક્ષરમાં
ૐકાર એ જ્ઞાતા, હ્રીંકાર એ જ્ઞાન, અર્હંકાર એ જ્ઞેય છે.

મનુષ્યનો મોટામાં મોટો દોષ પોતાને નિર્દોષ માનવો તે છે.
મનુષ્યનો મોટામાં મોટો ગુણ બીજાને નિર્દોષ માનવા તે છે.

ભાવનામાં સમજણ, વિવેક અને બહુમાનનું તત્ત્વ હોય છે,
તેથી ભાવનાને આવરતા દોષો
તેના વિરોધી સદ્ગુણોના પ્રભાવથી ક્ષીણ થયા છે.

<u>अनर्थका मंत्राः</u> ।

મંત્રયોગમાં મંત્રના અર્થમાં જવું જરૂરી નથી.
મંત્રશબ્દો દેવતાનો દેહ છે. પશ્યંતી = દેવ સાથે અદ્વૈત.
શબ્દો જ ચિત્તમાં પશ્યંતી વાણીનો પ્રકાશ પાથરે છે
એટલે કે દેવતાને જ પશ્યંતી-જુએ. ત્યારબાદ દેવ જ
સ્વયં અર્થો પ્રગટ કરે, જેનાથી અનુપ્રેક્ષાનો ઝરો ફૂટે.
જ્ઞાન સાકારાત્મક છે, જ્યારે ભાવ અનાકારાત્મક છે.
પરમાત્મા જ્ઞાનગ્રાહ્ય નહિ, કિન્તુ ભાવગ્રાહ્ય છે.
જ્ઞાન એ દ્વૈતસ્વરૂપ, જ્યારે ભાવ એ અદ્વૈતસ્વરૂપ છે.

## શાંતિ = રાગ-દ્વેષની નિવૃત્તિ

સુખમાં રાગ અને દુઃખમાં દ્વેષ ન કરવો, તટસ્થ રહેવું એનું નામ શાંતિ છે. રાગ નહીં, દ્વેષરહિત આ અવસ્થા એટલે જ વીતરાગતા અને વીતરાગતા એટલે શાંતિ. આધિભૌતિક, આધિદૈવિક કે આધ્યાત્મિક-ત્રણે પ્રકારનાં દુઃખનો અંત પ્રભુકૃતિની ભાવનાથી જ સવેળા આવે છે, તેથી શાંતિમંત્રમાં ૐ પૂર્ણમદઃ ના શ્લોક સાથે ત્રણ વાર ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ એમ ઉચ્ચારણ છે.

## સુખ-દુઃખ મીમાંસા

દુઃખ = દિવસો પછી ભુલાઈ જાય તે.
સુખ = જે કદી તૃપ્તિ જ ન થવા દે તે.
દુઃખ = કેળવણી આપે છે, લાભ આપે છે.
સુખ = કેળવણી છતાં તેના સદુપયોગમાં વિઘ્ન નાંખે તે.
લાભ હોય તો પણ સુખ તે ભુલાવા દે છે.

આ ઉપરથી સુખ કરતાં દુઃખ વધારે સારું છે, કેમકે તે કડવું છે, છતાં સુવર્ણની જેમ પણ ટીપાઈને ચમક પામનારું છે. સુખ સારું છતાં તે પાપમાં જોડનારું, લોભને વધારનારું છે.

૦ ભહાતર અને ડહાપણ એક નથી. ભહાતર ભૂતકાળ તરફ અને ડહાપણ ભવિષ્ય તરફ નજર નાંખે છે.

શાંતિ પમાડે તે સંત. સાચી શાંતિ વાસનાઓનો સામનો કરવામાં છે, નહિ કે એને વશ થવામાં. આત્માની ભૂખ આત્માથી નીચી વસ્તુ મળતાં કદી પણ નહિ સંતોષાય.

૦ પ્રાર્થનામાં બે વસ્તુનું જોડાણ હોય છે:
એક ભગવાનની ઇચ્છા અને બીજી માનવાની ઇચ્છા.

૦ સત્કર્મને ચાહો વિજયને નહિ, વિજય તો મળશે જ.
ટેવને ટેવથી જ જીતી શકાય માટે નાહિંમત ન થાઓ.
ત્યાગો નહિ તો તે ત્યાગશે.

૦ પ્રકૃતિ એટલે પરદેશ, પરમાત્મા એટલે સ્વદેશ.
સ્વદેશના આગ્રહી થવામાં સૌનું કલ્યાણ છે.

હાથ-પગ-માથું અને હૃદય

V. Imp. ભાનશૂન્ય કર્મ = રાગ-દ્વેષયુક્ત કર્મ.
ભાનયુક્ત કર્મ = નિષ્કામ કર્મ.

ભાન અને કર્મનું મૂળ પરસ્પર ભિન્ન છતાં એકબીજાને ઉપકારક છે. મૃત્યુ દેહને લઈને છે, દેહ કર્મને લઈને, કર્મનું બંધન રાગ-દ્વેષને લઈને અને રાગ-દ્વેષ અભાનને લઈને છે. આ રીતે સમજો તો મરણ એટલે અભાન.
ભાનપૂર્વક કરેલાં કર્મથી અભાન મરે છે.
કર્મ એટલે દેહ અને ભાન એટલે આત્મા.

શરીરમાં સૌથી અગત્યનું માથું કે હાથ-પગ નહિ પણ હૈયું છે.
હૃદય એ ભાવનાનું, લાગણીનું, ભક્તિનું નિવાસસ્થાન છે.
જેનું માથું ખસી જાય તે ગાંડો થઈને પણ જીવે, હાથ-પગ
કપાઈ જાય તે અપંગ થઈને પણ જીવે પરંતુ જેનું હૃદય
અટકી જાય તે તો છતાં માથા અને હાથ-પગે પણ મરી જાય.
આથી જ્ઞાન અને કર્મ બંનેની જનનદાયિની-ધાત્રી એવી
ભક્તિનું સ્થાન જીવનમાં ઉચ્ચતમ છે.

બે હાથ અને ત્રીજું માથું હૃદયપૂર્વક પરમાત્માને અર્પણ કરવું
તેનું નામ ભગવન્નમસ્કાર છે.

વિવેક, વૈરાગ્ય અને શમ-દમાદિ જ્ઞાનસંપત્તિ છે.

ઓમ એ અક્ષરબ્રહ્મ વર્ણ છે. તેનો વાચ્ય અર્થબ્રહ્મ છે.
તેનું બીજું નામ 'આત્મા' છે.

શરીરના સંબંધથી એ જ આત્માનું નામ જીવાત્મા છે
અને જગતના સંબંધથી તે પરમાત્મા-ઈશ્વરાત્મા છે.

સ્થૂલશરીરની જેમ સ્થૂલજગત ઈશ્વરાત્માની જાગૃતાવસ્થા,
સૂક્ષ્મશરીરની માફક સ્થૂલજગત સ્વપ્નાવસ્થા છે અને
કારણશરીરની માફક અવ્યાકૃતજગત સુષુપ્તિ અવસ્થા છે.

'મૃત્યુ' એટલે મતિની મલીનતા, પ્રમાદપરાધમાંથી ફલિત થતા
રાગ-દ્વેષાદિ ક્લેશો અને ઈર્ષ્યા-અસૂયાદિ ઉપક્લેશો છે.

સં. ૨૦૨૦ના ચૈત્ર સુ. ૧૧, તા. ૨૨-૪-૬૪, બુધવાર

જીવરાશિ ઉપર સ્નેહ પરિણામ એ મૈત્રી છે.
એ મૈત્રીની સિદ્ધિ પંચ પરમેષ્ઠિ નમસ્કારને સ્વાધીન છે.
પરસ્પરોપગ્રહના સિદ્ધાન્ત અનુસાર પરમેષ્ઠિનો નમસ્કાર
જીવોની મૈત્રીને વિકસાવવા કર્મરૂપી ઋણથી મુક્ત બનાવે છે.
નમસ્કારભાવ વિના એ ઋણમાંથી મુક્ત થવું અસંભવિત છે.
નમનભાવથી મમભાવ જાય અને સમભાવ આવે છે.
સમભાવ એ મુક્તિનું કારણ છે.
સમભાવ = નિષ્કામ પ્રેમભાવ કે સર્વનો સમાન હિતભાવ.

૦ (૧) ગુપ્તવિદ્યા = હૃદયસિદ્ધાંત.
(૨) પ્રગટવિદ્યા = મન અને મગજનું કાર્ય.
એક હૃદયનું કાર્ય છે, બીજું મન અને મગજનું કાર્ય છે.
તેને 'આંખ સિદ્ધાંત' પણ કહે છે.
ત્રીજું સૌ પહેલું પગલું એટલે અસત્યમાંથી સત્યને અને
ક્ષણજીવમાંથી ચિરંજીવને પારખતાં શીખી લેવું તથા બીજું
પગલું આત્મજ્ઞાનથી મનની વિદ્યાને અને હૃદયના સિદ્ધાંતથી
આંખના સિદ્ધાંતને જુદા પાડવાની કળા સાધ્ય કરી લેવી તે.
આંખોનો સિદ્ધાંત એ લોકસમાજ માટે છે અને
હૃદયનો સિદ્ધાંત એ થોડાક પસંદગી પામેલાઓ માટે છે.

આંખનો ધર્મ ક્ષણભંગુર છે.

હૃદયનો ધર્મ ચિરંજીવ અને સનાતન છે.

તારું શરીર ભલે અસ્થિર રહે પણ મન તો શાંત અને અંતરાત્મા શિખર પરના સરોવર સમો સ્વચ્છ રહે. માનવનું મન તો ઇચ્છા જેવું છે. રજકણના અલ્પાંશને પણ એ આકર્ષે છે. એટલે એને ઇચ્છાની જેમ જ ધ્યાન રાખીને રોજ સાફ કરવું જોઈએ. અવિદ્યાની ધૂળને સાફ કરવા માટે આત્મજ્ઞાનની ઔષધ ઘણેરું આવશ્યક છે. જો તને એમ કહેવામાં આવે કે: અર્હત થવા માટે તારે સર્વને પ્રેમ કરવાનું છોડી દેવું જોઈએ, તો કહી દે કે તેઓ જુઠું બોલે છે. જો તને એમ કહેવામાં આવે કે: મુક્તિ મેળવવા માટે તારે સર્વ મનુષ્ય, પ્રાણી પ્રત્યેની દયાનો ત્યાગ કરવો જોઈએ, તો કહી દે કે એમની જીભ જુઠી છે. વિશ્વની વ્યવસ્થા, જગતના જીવોના હિતાર્થે સતત પ્રયત્નશીલ છે. રાજા અને રાજ્યવ્યવસ્થા, પ્રજાના હિતાર્થે પ્રયત્નશીલ હોય, તેમ ત્રણ ભુવનના રાજા જિનેશ્વર પરમાત્મા અને તેઓનું શાસન સર્વ જીવોના હિતાર્થે હોય એ પરિસ્થિતિ આ કાળે બુદ્ધિ સમજાય તેવી જ છે.

મરીના છોડ ઉપર ગુલાબ નહિ ઉગે અને

મધુર મઝગારના છોડ ઉપર કદી ય કાંટા નહિ ઉગે,
કરુણા કે આકરો ન્યાય આ દુનિયાનું નિયમન કરે છે.
નિર્વાણને પામતાં પહેલાં આત્મજ્ઞાન પામવું જ જોઇએ.
આત્મજ્ઞાન એ પ્રેમકર્મોનું સંતાન છે. આત્મજ્ઞાન પામવા
સાચી કે ખોટી દિશામાં કરેલો નાનામાં નાનો યત્ન પણ
આ કારણોની દુનિયામાં ભૂંસાતો નથી, માટે જરૂર કરવો.

સ્વાર્થ ભક્ત હેતુ વિનાનું જીવન જીવે છે.
જીવનમાં પોતાને માટે નિશ્ચિત કરેલું કાર્ય જે કરતો નથી,
તેનું સમગ્ર જીવન જ સાવ નિરર્થક એળે જાય છે.
એટલે જ તમે સુખ અને દુઃખમાં મનને બેગાળું રાખજો.

તમે સૂરજ ન બની શકો તો વિનમ્ર તારક બનજો.
અંધકારમાં પથિકને બોધ સંધ્યાતારક માર્ગ બતાવે, તેવા
માર્ગદર્શક બનજો. રઝળતા યાત્રીને પ્રકાશ-આરામ આપજો.
તમારાથી ઓછું જાણતા હોય તેને શોધી કાઢજો, એ બિચારા
જ્ઞાનના ભાથા વિના મરણતોલ એકાંતમાં ભૂખે મરતા હશે.
જે પોતાના ગર્વ અને સ્વાભિમાન ભક્તિને ચરણે ધરે
તથા ધૈર્ય અને વિનમ્રતાના નિયમને સમર્પણ કરે છે,
તેને સંપૂર્ણતાની સિદ્ધિઓ ભલે દૂર દૂર લટકતી હોય પણ
પહેલું પગલું ભરાઈ ગયું છે, પ્રવાહમાં પગ મુકાઈ ગયો છે.

રાગ મેળવીને તમે વિનમ્ર થાઓ અને રાગ ઉપરનું પ્રભુત્વ મેળવો. પછી તો એથી ય વધુ વિનમ્ર બનો. પોતાનામાં નદીઓના પ્રવાહોને સમાવતા સાગર જેવા થાઓ. એ બધા પ્રવાહોથી સાગરની અદ્ભુત શાંતિ જરા ય ચળતી નથી. સાગરને તો આથી કશું લાગતું - વળગતું જ નથી. તમારું વ્યક્તિત્વ તમારા દિવ્યાત્માનું સ્થાન ન લઈ લે, એ સંભાળજો. અંતિમ મુક્તિમાર્ગ તમારા દિવ્યાત્મામાં જ છે. એ માર્ગનો આરંભ - અંત તમારા વ્યક્તિત્વની બહાર છે.

બધાં કારણોથી દૂર રહેવાનું શીખજો અને ભરતી - ઓટની જેમ પ્રવાહને પોતાની મેળે વહેવા દેજો. મનથી શરીરને જુદું પાડજો, દેહથી છાયાને અળગી કરજો. તેથી તમારે સર્વમાં જીવવું જોઈએ, શ્વાસ લેવો જોઈએ કારણકે તમે જે જુઓ છો, તેઓ તમારામાં શ્વાસ લે છે. તમે સર્વમાં અને સર્વ વસ્તુઓ તમારામાં સમાયેલા છે. મહાસાગરને બિંદુમાં અને બિંદુને મહાસાગરમાં મળી જવા દેજો. જે બધું જીવે છે, તેની સાથે સંવાદમાં રહેજો. દરેક જીવને એ રીતે પ્રેમ કરજો કે જાણે એ સૌ તમારા બંધુઓ છે, એક જ ગુરુના શિષ્યો છે, એક જ મધુર માતાના સંતાનો છે.

ગુરુઓ ઘણા છે, પરમાત્મા એક જ છે.

ॐ नमः

પરમાત્મામાં વિસ્તરેલો કોઈક એ જ તમારામાં પ્રકાશે છે.
તમારા બંધુઓમાં વિસ્તરેલો કોઈક તેઓ એનામાં જુએ છે.
તમે શાંતિદ્વારમાં પ્રવેશ કરો તે પહેલાં તમારે બંનેને
એકમાં જ ભેળવી દઈને તમારા સ્વનો ત્યાગ કરી સર્વમાં
ભળી જવું જોઈએ. બંને વચ્ચેનો ભાગ ભૂંસી નાંખવો જોઈએ.
વીતરાગતા દાખવવી એટલે કે ઘૃણા નહિ પણ વાત્સલ્ય
અને સુખ-દુઃખ પ્રત્યે નિરપેક્ષ ઉદાસીનતા દર્શાવવી.
ભય એ ઈચ્છાશક્તિને કિન્તુ વિરાગ ભયને હણી નાંખે છે.
ભયના શ્વાસ નીચે તો ક્ષમાની ચાવીને પણ કાટ ચઢે છે.

ભયમાત્રની ઉત્પત્તિ સ્વાર્થમાંથી જ છે.

તેથી સ્વાર્થને વીતરાગના શસ્ત્રથી હણી તમે નિર્ભય થાઓ.
જ્યાં સુધી બધા સ્વાર્થી વિચારો અદૃશ્ય થયા નથી, ત્યાં
સુધી અવચેતનમાં આત્મામાંથી પ્રકાશતું તેજ પણ એ
અંધારાને દૂર ન કરી શકે. તારું શરીર એ તારું ગુલામ છે.

अपर्णः पूर्णतामेति पूर्यमाणस्तु हीयते ।

અર્થાત્: અપૂર્ણ હોય તે પૂર્ણતાને પામે છે તથા
પૂરાતો હોય તે ક્ષીણ થાય છે.

આ જ કારણસર દેખાતી પ્રકૃતિના ખાલીપણાનો અને
દેખાતા ખાલીપણાની પ્રકૃતિનો અભ્યાસ કરવો જોઈએ.

તમે તમારા અંતરાત્માની શક્તિઓને શું જાણો છો ખરા?
જો ન જાણતા હો, તો તમારો વિનાશ છે.
દરેક વસ્તુ પોતાની પૂર્વ સાંકળનું જ પરિણામ છે.
માધ્યમિકો યોગાચારથી જો કે ઉલટું કહે છે.
દરેક વસ્તુ એટલે કે બધું જ પરિકલ્પિત છે.
અંગત-બિનંગત બધું વિચારોની દુનિયામાં માયા કે ભૂલ છે.
મહાસાગર વિષાદનો છે - માનવોના આંસુઓથી બનેલો છે,
તેથી પ્રકાશ સૌને આપજો પણ કોઈની પાસેથી લેશો નહિ.
કરુણા એ ગુણ નહિ પણ નિયમોનો ય નિયમ, સનાતન
સંવાદિતા, અનંત વિશ્વનું અમૃત, અધિકારનો શાશ્વત પ્રકાશ
છે. તેનો સ્વભાવ જ નિરપેક્ષ - બિનઅંગત સંવાદિતા છે.
તેથી નિત્ય પ્રાર્થના કરો કે:

ન ત્વહં કામયે રાજ્યં ન સ્વર્ગં નાપુનર્ભવ ।
કામયે દુઃખતપ્તાનાં પ્રાણિનામાર્તિનાશનમ્ ॥ અર્થાત્:

હું રાજ્યની ઇચ્છા કરતો નથી, સ્વર્ગ કે મોક્ષને ઇચ્છતો
નથી, (પરંતુ) દુઃખી જીવોના દુઃખનો નાશ કરવાનું ઇચ્છું છું.
આ ઉપદેશમાં પણ વ્યક્તિ પોતાનું પ્રેય કે શ્રેય ન જોતાં
કરુણામય - આત્મૌપમ્યદૃષ્ટિથી જ જુએ છે.
'મારું તેવું સૌનું' એ આત્મૌપમ્યદૃષ્ટિ છે.

## આત્મૌપમ્ય ભાવ એ જ પરમ સત્ય

સત્યની શોધ કરનારાઓ સૌને પવન અનુકૂળ થશે,
પાણી મીઠું મળશે, વનસ્પતિ મધુર થશે, રાત્રિ કલ્યાણપ્રદ,
પ્રભાત સુખપ્રદ અને સંધ્યા આનંદપ્રદ થશે, આકાશ
આશીર્વાદ દેશે, વૃક્ષો મધુર ફળ દેશે, સૂર્ય કલ્યાણ કરશે,
ચંદ્ર અજવાળું દેશે અને પશુપક્ષીઓ વાત્સલ્ય ધરાવશે.

એ સત્ય બધાં ન્યાય, નીતિ અને ધર્મોનું મૂળ
એવો 'આત્મૌપમ્ય ભાવ' છે, એ જ એક પરમ સત્ય છે,
સનાતન તથા વિશ્વવંદ્ય સત્ય છે, સનાતન ઉપદેશ છે.

સત્યં વદ, ધર્મં ચર। સત્ય બોલ અને ધર્મને કર.
સત્યના સ્વાધ્યાયમાં કદી પણ પ્રમાદ ન કર.

સામાયિક, સમતા, સમત્વ, આત્મૌપમ્ય એ બધાં એકાર્થક છે.
'પ્રાણીમાત્ર મારો બંધુ છે' એવી ભાવના કેળવી સર્વ
જીવો પ્રત્યે આત્મવત્ લાગણીથી વર્તવું એ સમ્યગ્દૃષ્ટિ
જીવનો ધર્મ છે. સર્વ આત્માઓને ખરા અર્થમાં પોતાના
આત્મવત્ સમજવા એ મહાવીર પ્રભુએ કહેલો ધર્મ છે.
ચિત્તશુદ્ધિ દ્વારા સમસ્તલોકના કલ્યાણ સારૂ શ્રમ કરનાર
શ્રમણ અને ચિત્તશુદ્ધિની સાધનામાં આવતા વિઘ્નો, દુઃસહ
આપત્તિઓ કે પરીષહો ધૈર્યપૂર્વક સહન કરનાર વીર છે.

## 'સામ'નું માહાત્મ્ય

(૧) सर्व जीवेषु मैत्री साम उच्यते ।

સમજૂતિ: સર્વ જીવો પ્રત્યે મૈત્રીને 'સામ' કહેવાય છે.

(२) आत्मोपमया परेषां दुःखस्याकरणं सामेह गृह्यते ।

સમજૂતિ: આત્મસમાન દૃષ્ટિ વડે બીજા જીવોને દુઃખ થાય
તેવું ન કરવું, તે 'સામ' અહીં ગ્રહણ કરાય છે.

(3) समांति सम्यग् दर्शन ज्ञानचारित्रेष्वस्य परस्परं
योजने सम्यगिहोच्यते, निर्वाण-साधकत्वेन
तद्योगस्यैव परमार्थतः सम्यग् रूपत्वात् ।

સમજૂતિ: સમ્યગ્ = સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રને
પરસ્પર જોડવું તે અહીં સમ્યગ્ કહેવાય છે.
તે મોક્ષને સાધી આપનાર હોવાથી
તે યોગ જ પરમાર્થથી સમ્યગ્સ્વરૂપ છે.

(૪) रागद्वेषमाध्यस्थ्यमात्मनः
सर्वत्रतुल्यरूपेण वर्तनं सममुच्यते ।
तस्य समस्यात्मनि इकं प्रवेशनं तत् सामायिकम् ।

સમજૂતિ: રાગ-દ્વેષમાં મધ્યસ્થતા અર્થાત્
આત્માનું સર્વત્ર તુલ્યરૂપ વડે વર્તવું, તે 'સમ' કહેવાય છે.
તે સમનો આત્મામાં પ્રવેશ તે સામાયિક કહેવાય છે.

अथाद्याष्टक स्तोत्रम् । હવે અસ્ખલિત પઢીશું અષ્ટક:

अद्य मे सफलं जन्म नेत्रे च सफले मम ।
त्वामद्राक्षं यतो देव! हेतुमक्षयसंपदः ॥१॥
આજે મારો જન્મ સફળ થયો, મારા નેત્ર સફળ થયા કેમકે
અક્ષયસંપત્તિનું કારણ એવા હે દેવ! તમને મેં જોયા.

अद्य संसार-गम्भीरपारावारः सुदुस्तरः ।
सुतरोऽयं क्षणेनैव जिनेन्द्र! तव दर्शनात् ॥२॥
હે જિનેન્દ્ર! તમારા દર્શનથી આજે ગંભીર, પારાવાર દુઃખેથી
તરાય એવો સંસાર ક્ષણવારમાં જ સારી રીતે તરાય એવો થયો.

अद्य मे क्षालितं गात्रं नेत्रे च विमले कृते ।
स्नातोऽहं धर्मतीर्थेषु जिनेन्द्र! तव दर्शनात् ॥३॥
હે જિનેન્દ્ર! તમારા દર્શનથી આજે મારું શરીર પવિત્ર થયું.
અને આંખ નિર્મળ કરાઈ. હું ધર્મતીર્થમાં સ્નાન કરાયેલો થયો.

अद्य मे सफलं जन्म प्रशस्तं सर्वमंगलम् ।
संसारार्णवतीर्णोऽहं जिनेन्द्र! तव दर्शनात् ॥४॥
હે જિનેન્દ્ર! તમારા દર્શનથી આજે મારો જન્મ સફળ થયો.
સર્વશુભ મંગળ મને પ્રાપ્ત થયા. હું સંસારસાગર તરી ગયો.

अद्य कर्माष्टकज्वालं विधूतं सकषायकम् ।
दुर्गतेर्विनिवृत्तोऽहम् जिनेन्द्र! तव दर्शनात् ॥५॥

હે જિનેન્દ્ર! તમારા દર્શનથી આજે ૮ કર્મરૂપી જ્વાળાવાળો અને કષાયવાળો હું નિર્મલ થયો અને દુર્ગતિથી અટક્યો છું.

अद्य सौम्या ग्रहाः सर्वे शुभाश्चैकादशस्थिताः ।
नष्टानि विघ्नजालानि जिनेन्द्र! तव दर्शनात् ॥६॥

હે જિનેન્દ્ર! તમારા દર્શનથી આજે ૧૧ સ્થાનમાં રહેલા બધા ગ્રહો સૌમ્ય અને શુભ થયા તથા વિઘ્નસમૂહો દૂર થઈ ગયા.

अद्य नष्टो महाबन्धः कर्मणां दुःखदायकः ।
सुखसंगं समापन्नो जिनेन्द्र! तव दर्शनात् ॥७॥

હે જિનેન્દ્ર! તમારા દર્શનથી આજે ઘણું દુઃખ આપનાર કર્મોનો બંધ નાશ પામ્યો અને સુખનો સંગ હું સારી રીતે પામ્યો છું.

अद्य कर्माष्टकं नष्टं दुःखोत्पादनकारणम् ।
सुखांभोधिनिमग्नोऽहं जिनेन्द्र! तव दर्शनात् ॥८॥

હે જિનેન્દ્ર! તમારા દર્શનથી આજે દુઃખને ઉત્પન્ન કરનારા આઠ કર્મ નાશ પામ્યા અને હું સુખસમુદ્રમાં ડૂબી ગયો છું.

अद्य मिथ्यान्धकारस्य हन्ता ज्ञानदिवाकरः ।
उदितो मच्छरीरेऽस्मिन् जिनेन्द्र! तव दर्शनात् ॥९॥

હે જિનેન્દ્ર! તમારા દર્શનથી આજે મિથ્યાત્વરૂપી અંધકારને હણનાર જ્ઞાનરૂપી સૂર્ય મારા મસ્તકે ઉદય પામ્યો છે.

अद्याहं सुकृतीभूतो निर्धूताशेषकल्मषः ।

ॐ नमः

भुवनत्रयपूज्योऽहं जिनेन्द्र! तव दर्शनात् ॥१०॥
હે જિનેન્દ્ર! તમારા દર્શનથી આજે હું સર્વ પાપને દૂર કરી પુણ્યશાળી થયેલો સદા ત્રણે ભુવનમાં પૂજ્ય થયો છું.

अष्टाष्टकं पठेद्यस्तु गुणानन्दितमानसः ।
तस्य सर्वार्थसंसिद्धिः जिनेन्द्र! तव दर्शनात् ॥११॥
ગુણથી આનંદિત મનવાળો જે 'અષ્ટાષ્ટક'ને ભણે-બોલે છે, તેને હે જિનેન્દ્ર! તમારા દર્શનથી સર્વ પદાર્થની સિદ્ધિ થાય છે.

अनन्तानन्त - संसारसन्तातिच्छेद - कारणम् ।
जिनराज! पदाम्भोज - स्मरणं शरणं मम ॥१॥
અનંતાનંત સંસારની સંતતિનો ઉચ્છેદ કરવાના કારણરૂપ શ્રી જિનેશ્વરભગવંતના ચરણકમળનું સ્મરણ મને શરણરૂપ હો.

न हि माता न हि त्राता न हि भ्राता जगत्त्रये ।
वीतरागात्परो देवो न भूतो न भविष्यति ॥२॥
માત-પિતા-વગેરે રક્ષણ કરનાર કોઈ નથી, નથી, નથી. ત્રણે જગતમાં વીતરાગ કરતાં શ્રેષ્ઠ દેવ થયા નથી, થશે નહિ.

सव्वेहिं वि जीवेहिं लद्धे पंचिंदियत्तणे पवरे ।
अप्पहियं कायव्वं परहियकरणेण तं होइ ॥५५॥
जं परहियं विहिज्जइ जिणिंदवयणाणुसारओ सम्मं ।
परिणमइ अप्पणो तं हियभावेण न संदेहो ॥५६॥
(પરિશિષ્ટ-૧૬)

जो परमंगुलकरणेण अप्पणो मंगलं पकप्पंति ।
जिणवयणबाहिरा ते न मुणंति हि तत्तओ स-हिदं ॥५१॥
- सुपासनाह चरिअं (परिशिष्ट-१७)

परेषां स्वव्यतिरिक्तानां उपकार आयति-हितानुकूलो-
व्यापारस्तस्य स्वोपकारानुबन्धप्रधानत्वात् ।
कज्जो परोवयारो ।- उपदेशरहस्य गा० १९२ (परिशिष्ट-१८)

उत्तराध्ययन सूत्रनी मोटी टीकामां कह्युं छे के:
परोपकारपूर्विका एव च स्वोपकार प्रवृत्तिः,
उदाराशय तां स्थापयतीति परोपकार
एव आदितः प्रवर्तितुं उचितम् । (परिशिष्ट-१९)

० सर्वपापनिवृत्तिर्यत् सर्वथैषा सतां मता ।
गुरुदेवैगाकृतोऽत्यन्तं नेयंन्याय्योपपद्यते ॥१॥
प्रारम्भमंगलं ह्यस्या गुरुशुश्रूषणं परम् ।
एतौ धर्म प्रवृत्तानां नृणां पूजास्पदं महत् ॥२॥
स कृतज्ञः पुमान् लोके स धर्मगुरु पूजकः ।
स शुद्धधर्मभाक् चैव य एतौ प्रतिपद्यते ॥३॥
समया सव्वभूएसु सत्तुमित्तेसु वा जगे ।
पाणाइवायविरई जावज्जीवाए दुक्करं ॥
- उ०अ०१९/२५ (परिशिष्ट-२०)

ॐ नमः

આત્મા, ઈશ્વર વગેરે તત્ત્વો અનુભવગમ્ય છે.
અનુભવગમ્ય, સ્વસંવેદનગમ્ય તત્ત્વોનો સાક્ષાત્કાર કોઈપણ
ઇંદ્રિયો દ્વારા સંભવિત નથી. નેતિ। નેતિ। દ્વારા અથવા
તણ્ણ। તણ્ણ। દ્વારા જણાવી શકાય. સવ્વે સરા ણિયટ્ટંતિ।
તક્કા જત્થ ન વિજ્જઇ। મતિ તત્થ ન ગાહિતા।

અર્થાત્: જ્યાંથી તમામ શબ્દો પાછા ફરે છે,
જ્યાં કોઈ તર્ક પહોંચી શકતો નથી અને
જ્યાં બુદ્ધિ પણ પ્રવેશ કરી શકતી નથી,
એવું પરં જ્યોતિર્મય આત્મતત્ત્વ છે, આત્મપદ છે.

सेयंबरो य आसंबरो य बुद्धो वा तह अन्नो वा ।
समभावभाविअप्पा लहइ मुक्खं न संदेहो ॥१॥
नवि किंचि अणुण्णायं पडिसिद्धं वा वि जिणवरिंदेहिं ।
एसा तेसिं आणा कज्जे सच्चेण होअव्वं ॥२॥
दोसा जेण निरुब्भंति जेण खिज्जंति पुव्वकम्माइं ।
सो सो मोक्खोवाओ रोगावत्थासु समणं व ॥३॥

(પરિશિષ્ટ-૨૧)

'દૃશ્યમાત્ર ઝાંઝવાના નીર જેવું અસત્ છે.'
એમ જાણવાથી દૃશ્ય પદાર્થ ઉપર મોહ ન થાય.
અહીં 'મોહ' એટલે આત્મા-આત્મીયતાની બુદ્ધિ.

Bare attention trains one for the selfless work in the service of suffering humanity by bestowing the keen eye of wisdom & the sure hand of skillfulness which is necessary for that service as a warm heart.

-Heart of Buddhist meditation

Bare attention = નિર્વિકલ્પ ધ્યાન. એ પ્રમાણભૂત છે.

જૈનો 'દર્શન' કહે છે, તેવી દશાને દીર્ઘકાળ ટકાવવા પ્રયત્ન કરાય તે અથવા તો પૂર્વગ્રહ, પૂર્વસંસ્કાર અને પૂર્વવાસના આદિથી રંજિત કર્યા વિનાની ધ્યાનધારાનું નામ જ Bare attention નામનું ધ્યાન છે. આ ધ્યાનથી વસ્તુની અનિત્યતા, દુઃખરૂપતા અને અનાત્મતાનો બોધ થાય છે. વસ્તુ જે રૂપે હોય, તે રૂપે જ તેનું સ્પષ્ટ ભાન થાય છે, તેથી તૃષ્ણાદિ થતા નથી અને થયા હોય તો નિવૃત્ત થાય છે.

જૈનો જેને ક્રિયામાં 'ઉપયોગ' કહે છે,

તેને બૌદ્ધો Be mindful કહે છે.

Bare attentionરૂપી ધ્યાનનું ફળ ૪ '<u>સંપજ્ઞા</u>' છે:

સાર્થક, સાપ્પાય, ગોચર, અસંમોહ.

## ત્રણ રીતે અહિંસા

(૧) જગતના સર્વ આત્માઓ સાથે
પોતાનો વાસ્તવિક અભેદભાવ અનુભવવાની વૃત્તિ.
(૨) મને જેવા સુખ-દુઃખ થાય છે, એવા જ તે તમામ જીવોને
થાય છે, એમ સમજી કોઈપણ પ્રાણીને ન દુભવવાની વૃત્તિ.
(૩) આત્મામાં રહેલ રાગ-દ્વેષ, કામ-ક્રોધ, લોભ-મદ-મોહ-
મત્સરાદિ દુર્ભાવોને નિગ્રહમાં લાવવાની વૃત્તિ તે અહિંસા.

## સાચો અર્થ

પર દ્રવ્યમય જગત એ અર્થ છે.
એ અર્થોને સર્વજ્ઞો કેવળજ્ઞાન-દર્શન વડે જાણે છે અને
જુએ છે તથા સમવસરણમાં તેની જ દેશના આપે છે.
ગણધર ભગવંતો પ્રભુમુખે ત્રિપદી સાંભળીને
જેની શબ્દ દ્વારા રચના કરે છે, એ 'સૂત્રો' કહેવાય છે.
છ દ્રવ્યોમાંથી એક આત્માને જો બાદ કરીએ,
તો પછી જગત જગતરૂપે રહેશે જ નહિ.
પછી તો શું હોઈ શકે તેની કલ્પના પણ થઈ શકે નહિ.
જાણનાર જ નહિ, પછી જાણવાનું જ શું રહે?
આથી એ નિર્વિવાદ થાય છે કે
જ્ઞેય દ્રવ્યોનો જ્ઞાતા એ જ વાસ્તવિક રીતે જોતાં અર્થ છે.

નાણાં જેમને આપણે 'અર્થ' તરીકે સમજીએ છીએ,
તે અર્થ નથી પણ ભાષા પરિવર્તન છે,
તેને અર્થ માનવાની ભ્રમણા સત્વરે છોડી દેવી જોઈએ.
વાસ્તવિક રીતે આત્મા એ જ અર્થ છે અને આત્મભાવ-
સમત્વભાવમાં આવવાની કોશિષ કે પ્રયત્ન એ અર્થ છે.
૬ આવશ્યક એ આત્માને આત્મભાવમાં લાવનાર એક
અણમોલ સાધન છે, માટે શુદ્ધ ક્રિયા જ અર્થરૂપ છે.
o આત્માના ઉર્ધ્વીકરણના કાર્યમાં નિસર્ગની મહાસત્તાનો
સદા સહકાર મળે છે, જેને 'Law of Providence'
પ્રાણીમાત્રના પરમ મહોદયમાં મદદગાર થવા માટે સર્જાયેલો છે.
o ધર્મ અને કરુણા એ માત્ર નીતિનો જ નહિ,
પણ ધ્યાનમાર્ગનો પણ પાયો છે.
યતિધર્મમાં ક્ષમા મોખરે છે,
કારણકે ક્ષમા જ જગતની અને તેના નાથ યતિની માતા છે.
જગતમાં સૌથી વધુ દુર્લભ અને કષ્ટસાધ્ય તત્ત્વ તો ક્ષમા છે.
કૃપા એ જ એનું પરમ સાધન છે.
પોતાની ભૂલની ક્ષમા નહિ પણ સજા માંગો.
અન્યની ભૂલની સજા નહિ પણ ક્ષમા આપો.
તેજસ્વી પુરુષોમાં આ શક્તિ મૈત્રીભાવ દ્વારા પ્રગટે છે.

## ૫ વિષય અને પંચપરમેષ્ઠિ

(૧) શબ્દને જાણનારનો શબ્દ - અરિહંત

(૨) રૂપને જાણનારનું રૂપ - સિદ્ધ

(૩) ગંધને જાણનારનો ગંધ - આચાર્ય

(૪) રસને જાણનારનો રસ - ઉપાધ્યાય

(૫) સ્પર્શને જાણનારનો સ્પર્શ - સાધુ

## ૪ કષાય અને ૪ ભાવના

(૬) ક્રોધને જાણનારનો ક્રોધ - ક્રોધનિગ્રહ - મૈત્રી - દર્શન

(૭) માનને જાણનારનું માન - માનનિગ્રહ - માર્દવ - જ્ઞાન

(૮) માયાને જાણનારની માયા - માયાનિગ્રહ - આર્જવ - ચારિત્ર

(૯) લોભને જાણનારનો લોભ - લોભનિગ્રહ - સંતોષ - તપ

## સ્તિબુક સંક્રમ એટલે શું ?

પ્રદેશોદયથી કર્મ ભોગવવા લેવાં તે 'સ્તિબુક સંક્રમ' છે. તેમાં રસોદય થાય નહિ અને અન્ય કર્મ પ્રકૃતિના રસોદય સાથે ભોગવાઈ જાય. પોતાનો રસ ઉદયમાં આવે નહિ. બાળ ટળવાં કર્મોમાં સંક્રમિત થઈને ઉદયમાં આવે. સંક્રમથી રસ સ્થગિત થઈ જાય. કર્મોનું જે કર્મ પ્રદેશ કોરા ઉદયમાં આવીને રસ દેખાડ્યા વિના જ આત્મા પરથી ખરી જાય. રસોદયનો અભાવ એને 'પ્રદેશોદય' કે 'ક્ષયોપશમ' કહેવાય.

## શુભ અધ્યવસાયથી થતા લાભો

(૧) પરાવર્તમાન પ્રકૃતિમાં શુભનો બંધ, અશુભનો નિરોધ, ધ્રુવબંધી પ્રકૃતિમાં અશુભસ્થિતિરસ અલ્પ-શુભના અધિક.

(૨) સંક્રમમાં બંધાતી શુભ પ્રકૃતિઓમાં પૂર્વબદ્ધ અશુભ પ્રકૃતિઓના દલિકો સંક્રમે અર્થાત્ અશુભ શુભ બને.

(૩) સત્તાગત દલિકોમાં અપવર્તના સદા વધારે થાય છે.

(૪) ઉદીરણામાં શુભનો રસ વધારી અને અશુભનો રસ ઘટાડી ભોગવાવે.

(૫) શુભનો રસ નિધત્ત-નિકાચિત થાય.

(૬) સત્તામાં સંક્રમણાદિથી સ્થિતિરસ ઓછા થાય અને કર્મદલિકોની નિર્જરા થાય.

(૭) કષાયશમનમાં તીવ્રતા આવે આત્મગુણોની નિર્મળતા વધે.

(૮) આત્મામાં સંસ્કારો શુભ પડે, અશુભ સંસ્કારો ઘસાય.

(૯) બરાબર અને કપરા સંયોગોમાં પણ શુભ પરિણામ ટકી રહે તો સુસંસ્કારો સુદૃઢ થાય, અનુબંધ પડે.

(૧૦) અશુભ આસ્રવ અને બંધ અટકે.

(૧૧) અશુભનો શુભમાં સંક્રમ થવાથી નુકસાન અટકશે અને તેના સ્થાને લાભ થશે.

(૧૨) શુભમાં પણ કષાયનો સટચર ટળવાથી તન્નિમિત્તક

અશુભ ધ્રુવબંધીનો બંધ હોય તો પણ તેમાં રસ અલ્પ પડે તથા અશુભનો અનુબંધ અટકે, કુસંસ્કાર ન પડે.

(૯૩) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, મોહનીયનો ક્ષયોપશમ. ઉપશમ માત્ર મોહનીયનો અને ક્ષય બધાં કર્મોનો હોય.

(૯૪) કેવળ જ્ઞાનાવરણ આદિનો ક્ષયોપશમ થતો નથી કારણ કે ૧૨ ગુણઠાણાના ચરમ સમય સુધી તેનો ઉદય જ હોય છે. ક્ષયોપશમ અનુદયાવસ્થામાં જ હોય.

(૯૫) ક્રોધાદિ કષાયો નિષેક પ્રમાણે એકસાથે ઉદય પામે પણ એકના ઉદય વખતે તથાસ્વભાવે સ્તિબુકસંક્રમથી મુખ્ય ઉદિતરૂપે ભોગવાય. ઉપદેશાદિથી કષાયનો રસ મંદ અને અનંતગુણહીન થઈને અનુભવમાં આવે છે.

(૯૬) આયુષ્ય કર્મ સિવાય બાકી કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ શુભ નથી, પરન્તુ ઉત્કૃષ્ટ રસ શુભ છે. વળી ઉત્કૃષ્ટ સંક્લેશે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય પણ રસ જઘન્ય બંધાય.

(૯૭) કર્મના ઉદયાદિમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવની જે અસર હોય છે, તે નીચે મુજબ છે:

દ્રવ્ય - નિરોગીને કુપથ્ય ભોજનરૂપી દ્રવ્યથી અશાતાનો ઉદય, રોગીને પથ્ય ભોજનથી શાતાનો ઉદય.

ક્ષેત્ર - મરકી આદિવાળા ક્ષેત્રોમાં અશાતાનો ઉદય અને હવાખાવાના સ્થળે થતો શાતાનો ઉદય.

કાળ - ચોમાસાની શરદીમાં અશાતાનો ઉદય,
ઠંડી નહીં ગરમીમાં શાતા - અશાતાનો અભાવ
વસંતની મધ્યમ ઋતુમાં શાતાનો ઉદય.

ભાવ - કામ - ક્રોધાદિના ભાવથી અશાતાનો ઉદય અને
શુભ ભાવોથી શાતાનો ઉદય.

ભવ - નરકાદિ ભવોમાં બહુલતાએ અશાતાનો ઉદય તથા
દેવાદિ ભવોમાં બહુલતાએ શાતાનો ઉદય.

એ જ રીતે:

(૧) જ્ઞાનાવરણ કર્મના ઉદયે તેના ક્ષયોપશમમાં સુરાપાન,
ફાકી આદિ દ્રવ્યોનું સેવન કરવું તે.

(૨) દર્શનાવરણના ઉદયમાં દષ્ટિનું ભિન્ન, એમ જ શય્યા,
ચશ્માના કારણે ચક્ષુદર્શનાવરણનો ક્ષયોપશમ.

(૩) મોહનીય કર્મના ઉદયમાં બાલતરુ ચિત્રાદિથી ઉદય,
પ્રતિમાદર્શનાદિ ક્ષયોપશમ વગેરે.

(૪) અંતરાય કર્મના ઉદયમાં અશુભ લક્ષણવાળા વસ્ત્રાદિના
ઉપભોગથી લાભાંતરાય કર્મનો ઉદય,
વિશિષ્ટ રત્નાદિની પ્રાપ્તિથી દાનાંતરાય કર્મનો ઉદય,
બહુ મૂલ્યવાન વસ્તુથી ભોગાંતરાય કર્મનો ઉદય તથા
લાઠીના પ્રહારાદિથી વીર્યાંતરાય કર્મનો ઉદય થવો તે.

Imp.

## નવકારમાં વિશિષ્ટ રીતે ૩ લક્ષ

નવકારમાં કૃતજ્ઞતા, નિઃસ્પૃહતા અને નિશ્ચિંતતા
ત્રણે લક્ષ ઓતપ્રોત રહેલાં છે.

કૃતજ્ઞતાનો સંબંધ માનવતા સાથે રહેલો છે.
નિઃસ્પૃહતાનો સંબંધ તેજસ્વિતાની સાથે રહેલો છે અને
નિશ્ચિંતતાનો સંબંધ આનંદમયતાની સાથે રહેલો છે.

નમસ્કારભાવ એ એક કૃતજ્ઞતાભાવને વિકસાવે છે,
તેમ નિઃસ્પૃહતાભાવને પણ વધારે છે.

કૃતજ્ઞતામાં પોતા પ્રત્યે જેમના ઉપકાર છે, તેનો સ્વીકાર છે.
નિઃસ્પૃહતામાં બીજાના ઉપકાર તળે ન આવવાની મનોવૃત્તિ છે.
નિશ્ચિંતતામાં પરમ આસ્તિકતા છે.

જે કૃતજ્ઞ તથા નિઃસ્પૃહ છે,
તેની ચિંતા તે પોતે નહિ પણ સારું વિશ્વ કરે છે.

### નમસ્કાર કોને?

નમસ્કાર ધર્મને. ધર્મને ઉપદેશનાર મહાપુરૂષોને અને
ધર્મને કરેનાર તીર્થંકર પરમાત્માઓને.

ધર્મનો ઉપકાર નિરૂપમ છે.

સમગ્ર વિશ્વ ધર્મના ઉપકાર તળે દબાયેલું છે.
ધર્મથી જ ઋદ્ધિ, સિદ્ધિ, ઐશ્વર્ય વગેરે મળે છે.

ધર્મથી જ માનવજન્મ, દીર્ઘાયુષ, નિરોગી કાયા મળે છે.
ધર્મથી જ ૫ ઇંદ્રિયોની પૂર્ણતા, મન, બુદ્ધિ અને અંતઃકરણ છે.
સઘળી સદ્‌વસ્તુને પૂરી પાડનાર ધર્મ પ્રત્યે
જેને કૃતજ્ઞતા, નમ્રતા, આદર કે બહુમાનની પરિણતિ નથી,
તે માનવ - માનવ નહિ પણ દાનવ છે,
તે નર - નર નહિ પણ વાનર છે,
તે આત્મા - આત્મા નહિ પણ જડ પાષાણ છે.
ધર્મ પ્રત્યે કૃતજ્ઞતા બતાવનાર, ધર્મને કહેનાર, કરનાર,
આલંબન પૂરું પાડનાર સર્વ પ્રત્યે નમ્ર-નમનશીલ રહે છે.
તીર્થંકરો નમસ્કારભાવની ટોચે પહોંચેલા હોવાથી આપણા
પ્રાણ, ત્રાણ, શરણ, આદર્શ પરમ આલંબનભૂત બને છે,
મોટામાં મોટો કોઈ મંત્ર હોય તો તે નમસ્કાર મંત્રના
પ્રથમ પદરૂપ 'નમો અરિહંતાણં' એ ૭ અક્ષરનો મહામંત્ર છે.
જે અરિહંતોને નમે છે, તે સર્વ ધર્મને નમે છે.
અરિહંત ભગવંતો ધર્મમય છે.
આદિ, મધ્ય અને અંત - ત્રણે અવસ્થામાં ધર્મસ્વરૂપ છે.
ધર્મકાય, કર્મકાય અને તત્ત્વકાયરૂપ ત્રણે અવસ્થાઓને
ધારણ કરીને પરમપદને પામનારા - પમાડનારા છે, માટે
તેમને કરોડોની સંખ્યામાં કરેલો નમસ્કાર પણ અત્યલ્પ છે.

અરિહંતોને કોટિ કોટિ નમસ્કાર હો.

ભવોભવ તેમનો નમસ્કાર પ્રાપ્ત થાઓ. સંસારના અનંત દુઃખો વચ્ચે પણ અરિહંતોનો નમસ્કાર પરમ આધાર છે, ડુબતાને નાવ છે, પડતાને આલંબન છે, આંધળાને આંખ છે, દોડતાને દીવો છે. કહ્યું છે કે: દીવો, તાણં, સરણં ગઈ પઈટ્ઠા।

## નમસ્કાર પદાર્થ

નમસ્કાર પદાર્થ એ સ્નેહનો પરિણામ છે. દરેક જીવની અંદર રહેલું જીવત્વ એ દરેક જીવને મન એકસરખું કિંમતી છે, તેથી એકસરખા આદરને પાત્ર છે. આદરને પાત્ર વસ્તુ ઉપર સ્નેહ હોવો એ તો સહજ છે. જીવમાત્રના જીવત્વ ઉપર એકસરખો સ્નેહભાવ ધારણ કરવો એ સમ્યગ્જ્ઞાનનું ફળ અને એ જ સમ્યગ્દર્શન છે. એ સ્નેહભાવ ન હોવો એ અયથાર્થજ્ઞાન - અયથાર્થદર્શન છે. જીવમાં રહેલ શિવત્વ અંશ એ ભક્તિને પાત્ર છે, જીવત્વ અંશ એ પ્રીતિને પાત્ર છે. જેમનું શિવત્વ આવિર્ભાવ પામ્યું છે, તેમના પ્રત્યેનો સ્નેહ ભક્તિરૂપે અને જેમનું શિવત્વ તિરોહિત રહેલું છે, તેમના પ્રત્યેનો સ્નેહ કરુણારૂપે પરિણમે છે, તથા શિવત્વથી વિરુદ્ધ વર્તનાર જીવો પ્રત્યેનો સ્નેહ આપણા સૌની મહીં સ્થિત માધ્યસ્થભાવને પોષે છે.

એ રીતે મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ્ય
એ ચાર ભાવનાઓ કેળવણી એક પ્રકારનો ભાવ જગતના
જીવાત્માની કદરરૂપ હોવાથી અને એ કદર અનેકભાવ
વિશ્વાત્મા અરાધ્ય હોવાથી અનેક પરિણામને જ નમસ્કાર
પદાર્થના એક વિભાગ તરીકે સમજવાની જરૂર થઈ પડે છે.

ॐ પ્રણવ

હ્રીં માયા

શ્રીં લક્ષ્મી

ક્લીં કાલી

નમઃ ભક્તિ.

ભક્તિપૂર્વકનું કાલી, લક્ષ્મી, મહામાયા અને મહાપ્રણવનું
સ્મરણ એ સર્વ સંપત્તિનું કારણ છે.

જીવ ઉપર નિઃસ્વાર્થ પ્રેમ કરનાર એક ભગવાન જ છે.

પ્રકૃતિ જે નિઃસ્વાર્થ છે, તે ભગવત્ સદેશ છે.

વૃદ્ધાવસ્થામાં ઈશ્વરસેવા થઈ શકતી નથી, કેમકે દેહસેવા
કરવી પડે છે. માનવશરીર ભોગ માટે નહિ પણ પ્રભુભજન
કરી પ્રભુને સાક્ષાત્ મેળવવા માટે મળ્યું છે. માનવશરીર
નાશવંત છતાં દુર્લભ છે, કેમકે તે ઇચ્છિત વસ્તુ આપનાર છે.
અનિત્ય શરીરથી નિત્ય આત્મા પ્રાપ્ત કરી શકાય છે.

મહાત્માનું ૦।। આયુષ્ય આહાર અને નિદ્રામાં, બાકીનું ૦।।
બાલ્ય-કૌમાર-વૃદ્ધાવસ્થામાં તથા અર્થ-કામમાં જાય છે.
નવકાર = નામબ્રહ્મ. તે સર્વને દેખાય-અનુભવાય છે.
એ નામબ્રહ્મ સાથે જ્યારે નાદબ્રહ્મનો સંયોગ થાય, ત્યારે
પ્રભુને પ્રગટ થવું જ પડે છે. એનું જ નામ 'મંત્રચૈતન્ય' છે.

મહાત્મા થવા માટે પ્રથમ કૃતજ્ઞ બનવું જોઈએ.
જેના જેના ઉપકારથી આપણું જીવન ચાલી રહ્યું છે,
તે બધા પ્રત્યે કૃતજ્ઞ રહેવું, એ માનવતા છે.
નવકારથી માનવતા, તેજસ્વિતા, નિશ્ચિંતતા પ્રાપ્ત થાય છે
કારણ કે તેમાં કૃતજ્ઞતા, નિઃસ્પૃહતા, આનંદમયતા રહેલી છે.
તે ત્રણે વસ્તુ નમસ્કાર વડે એકસાથે પ્રગટ થાય છે.
નવકારથી કામનાશૂન્ય બનાય તથા બુદ્ધિ તેજસ્વી બને છે.
એવી બુદ્ધિ તેજસ્વી છે કે જે વિચારે છે:
'મારે કશું જોઈતું નથી, બીજાની કૃપાથી તો કશું જ નહિ.'
નમસ્કારભાવ માટે પ્રથમ તો એ ભાન થવું જોઈએ કે:
'હું ક્ષુદ્ર છું,
મારા વિના જગત ચાલશે, જગત વિના મારે નહિ ચાલે.
આ જગતમાં મારી કોઈને જરૂર નથી, મારે સૌની છે.'
નમસ્કારભાવ માટે બીજું ભાન એ થવું જોઈએ કે:

'હું ક્ષુદ્ર છું પણ દિવ્ય પ્રભુનો છું',
'હું પ્રભુ નથી પણ પ્રભુનો અંશ છું' અને ત્રીજું ભાન કે:
'હું અને ભગવાન તો એક જ છીએ, દેહભાવે હું દાસ છું,
હું અંશભાવે પ્રભુભક્ત છું અને પૂર્ણભાવે બ્રહ્મ છું.'
આ ત્રણે પ્રકારનું ભાન અરિહંતના નમસ્કારમાં રહેલું છે.
'હું ક્ષુદ્ર છું, પ્રભુનો અંશ છું અને સ્વયં પ્રભુ છું,'
એ ત્રણ પ્રકારની સમજણ નમસ્કારને પૂર્ણ બનાવે છે.
હું ક્ષુદ્ર છું માટે કૃતજ્ઞ છું. હું અંશ છું માટે નિઃસ્પૃહ છું.
હું પૂર્ણ છું માટે નિશ્ચિંત છું. નમસ્કારભાવમાં કૃતજ્ઞતા,
નમ્રતા, નિર્ભયતા, નિશ્ચિંતતા ઈત્યાદિ તે અત્યંત ઉપાદેય છે.

જેમ રોગી પાસે બેસવાથી રોગી થવાય, પણ
નિરોગી પાસે બેસવાથી નિરોગી થવાય જ એવો નિયમ નથી,
આ જ નિયમ સત્સંગતિ માટે પણ સમજવો.

કૃતઘ્ન મનુષ્ય કુતરાથી પણ હલકો છે.
કૃતજ્ઞતા એ ધર્મ નહિ પણ કર્તવ્ય છે.

વહેવારી પણ લીધેલાં નાણાં વ્યાજ સાથે પાછા આપે છે,
ન આપે તો દેવાળિયો ગણાય. ઉપકાર ઉપર અપકાર કરે તે
આશ્રય આપનારનો જ ઘાત કરનાર ગણાય. સર્પને દૂધ પાવું કે
વાઘ-વરુનું પાલન-રક્ષણ કરવું તે અધિક અનર્થ માટે થાય છે.

ઉપકાર ઉપર અપકાર કરે તે વાઘ-વરુથી પણ હલકા ગણાય.
કૃતજ્ઞતાથી મન કોમળ, કદરદાન અને નીતિમાન રહે છે.
તેથી ઉચ્ચગુણો પામવાની ભૂમિકા પણ તૈયાર થાય છે.
પરોપકારના ઘર રૂપમાં કુદરત કૃતજ્ઞ છે. ખેતી પાક આપે છે,
કૂવો પાણી આપે છે, પાણી વિદ્યુત આપે છે, વગેરે વગેરે.
વિશ્વની વ્યવસ્થા જ પરોપકારાર્થે છે. સૂર્ય, ચંદ્ર, મેઘ
પૃથ્વી, પર્વત, નદી, વૃક્ષ વગેરે પરાર્થ જીવે છે. પૃથ્વી, પાણી
અગ્નિ, વાયુ, વનસ્પતિ ઇત્યાદિ ભૂત-ભૌતિક પદાર્થો
પરાર્થે અસ્તિત્વ ધરાવે છે. ખેતરનો ચાડીયો, ધાન્યની રાબ,
શત્રુઓને તરણું અને માંજવાની ધૂળ પણ ઉપકાર કરે છે.
જીવનોપયોગી ઉપકાર એ દ્રવ્યઉપકાર છે.
ભાવોપકાર ધર્મદાન છે. આત્માને કષાય ન વધે, મોહ ન થાય,
બુદ્ધિ સ્વાત્મનિયંત્રણ એ પણ ભાવોપકાર છે.

## સ્નેહ અને પંચપરમેષ્ઠિ

અરિહંતોની અહિંસા એટલે જીવમાત્ર પરત્વેનો સ્નેહ.
સિદ્ધોનું સત્ય એટલે પરમ અમૃષાવાદ પરત્વેનો સ્નેહ.
આચાર્યોનું અચૌર્ય એટલે પરમ અદત્તાદાન પરનો સ્નેહ.
ઉપાધ્યાયોનું બ્રહ્મચર્ય એટલે પરમબ્રહ્મ પરત્વેનો સ્નેહ.
સાધુઓનું આકિંચન્ય એટલે પરમ અપરિગ્રહપણાંનો સ્નેહ.
એટલે જ મન-વચન-કાયાથી પંચપરમેષ્ઠિને ભજવા.

ૐ નમઃ

## અવ્યક્ત પરમતત્ત્વની પાંચ શક્તિઓ

### પરપિંડ

નિજા: નિરાકૃતિત્વ, નિત્યત્વ, નિરંતરત્વ, નિષ્પંદત્વ, નિરૂઢત્વ.

પરા: અસ્તિત્વ, અપ્રમેયત્વ, અભિન્નત્વ, અનન્તત્વ, અવ્યક્તત્વ.

અપરા: સ્ફુરત્તા, સ્ફારતા, સ્ફુરતા, સ્ફોટતા અને સ્ફુર્તિ.

સૂક્ષ્મા: નૈરંતર્ય, નૈરસ્ય, નૈશ્ચલ્ય, નિશ્ચયત્વ, નિર્વિકલ્પત્વ.

કુંડલી: પૂર્ણત્વ, પ્રતિબિંબત્વ, પ્રકૃતિરૂપત્વ, પ્રત્યઙ્મુખત્વ, ચૈતન્ય.

### આદ્યપિંડ

શૂન્ય: લીનતા, પ્રકૃતિ, મૂર્છા, ઉન્મની અને લયતા.

અપર: અકલત્વ, અસંશયત્વ, અનુમતત્વ, અન્યપારતા અમરત્વ.

પર: નિષ્કલ, અલોલ, અસંખ્યેય, અક્રિય અને અભિન્ન.

નિરંજન: સહજ, સામરસ્ય, સત્યત્વ, સાવધાનતા, સર્વગત્વ.

પરમાત્મપદ: અભયત્વ, અભેદત્વ, અમોઘ, અનાશ્ય, અશોષ્ય.

### પાંચ આનંદ

પ્રબોધ: નિષ્પંદ, હર્ષ, ઉન્માદ, સ્પંદ અને નિત્યસુખ.

પરમાનંદ: ઉદય, ઉલ્લાસ, અવભાસ, વિકાશન અને પ્રભા.

ચિદુદય: સદ્ભાવ, વિચાર, કર્તૃત્વ, જ્ઞાતૃત્વ તથા સ્વાતંત્ર્ય.

પ્રકાશ: નિર્વિકાર, નિષ્કલત્વ, સદ્બોધ, સમતા તથા વિશ્રાંતિ.

સોઽહં: અહંતા, અખંડિતૈશ્વર્ય, સ્વાનુભૂતિ, સામર્થ્ય, સર્વજ્ઞતા.

## પાંચ મહાતત્વ

મહાનિલ: સંચાર, ચલન, સ્પંદ, શોષણ તથા ધૂમ્રતા.

મહાકાશ : અવકાશ, છિદ્ર, અસ્પૃશ્યત્વ, રવ તથા નિલવર્ણ.

મહાતેજ : દાહકત્વ, પાચકત્વ, સૂક્ષ્મત્વ, રૂપભાસિત્વ, રક્તવર્ણ.

મહાવારિ: પ્રવાહ, આપ્યાયન, રસ, દ્રવ અને શ્વેતવર્ણ.

મહાપૃથ્વી : સ્થૂલતા, નાનાકૃતિતા, કાઠિન્ય, ગંધ તથા પીતતા.

## પાંચ તત્વાંશ

આકાશ: રાગ-દ્વેષ, ભય, લજ્જા અને મોહ.

જલ : લાળ, મૂત્ર, રુધિર, સ્વેદ અને શુક્ર.

પૃથ્વી : અસ્થિ, ત્વચા, માંસ, લોમ અને નાડી.

અગ્નિ : ક્ષુધા, તૃષા, આલસ્ય, નિદ્રા અને કાન્તિ.

વાયુ : ધાવન, ચલન, રોધન, પ્રસારણ તથા આકુંચન.

## અંત:કરણના ધર્મ (૫)

અહંકાર: માન, મમતા, સુખ, દુ:ખ, મોહ.

બુદ્ધિ : વિવેક, વૈરાગ્ય, પરા, પ્રશાંતિ, ક્ષમા.

મન : સંકલ્પ, વિકલ્પ, જડતા, મૂર્છના, મનન.

ચૈતન્ય : વિમર્ષ, હર્ષ, ધૈર્ય, ચિન્તન, નિ:સ્પૃહતા.

ચિત્ત : મતિ, ધૃતિ, સંસ્મૃતિ, ઉત્કૃતિ, સ્વાકાર.

## અષ્ટમૂર્તિ

શિવ, ભૈરવ, શ્રીકંઠ, સદાશિવ, ઈશ્વર, રુદ્ર, વિષ્ણુ, બ્રહ્મા.

## કુળ પંચક (b)

કાળ : વિવાદ, કલહ, શોક, બંધ, વંચન.

તમ : મોહ, પ્રમાદ, નિદ્રા, હિંસા, ક્રૂરતા.

સત્વ : દયા, ધર્મ, ક્રિયા, ભક્તિ, શ્રદ્ધા.

રજ : દાન, ભોગ, શૃંગાર, સ્વાર્થ, ગ્રહણ.

જીવ : જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુર્ય, તુરીયાતીત.

## અનાખ્ય શક્તિના ગુણ (c)

પ્રકૃતિ : આશા, તૃષ્ણા, કાંક્ષા, સ્પૃહા, મૃષા.

માયા : મદ, માત્સર્ય, કપટ, કર્તવ્ય, અસત્ય.

ધર્મ : સ્મૃતિ, ઉદ્યમ, ઉદ્વેગ, કાર્ય, નિશ્ચય.

ઇચ્છા : ઉન્મેષ, વાસના, વાંચ્છા, ચિન્તા, ચેષ્ટા.

વાક્ : પરા, પશ્યંતી, મધ્યમા, વૈખરી, ઈષ્ટાક્ષર માતૃકા.

## પ્રત્યક્ષકારી ગુણ (d)

કામ : રતિ, પ્રીતિ, લીલા, આતુરતા, અભિલાષા.

ધર્મ : શુભ, અશુભ, કીર્તિ, અકીર્તિ, ઇચ્છાગત.

ચંદ્ર : ધ્રુવન્તિકા, નામવતી, પ્રવાહા, સૌમ્યા, પ્રસન્ના.

અગ્નિ : ઉલ્લોલ, કલ્લોલ, ઉચ્છલત્ય, ઉન્માદ, વિલેપન.

અર્ક : તાપિની, ગ્રસિની, ક્રૂરા, કુંચની, શોષણા, બોધિની, ઘસ્મરા, કર્ષિણા, અથતુષ્ટિવર્ધિની, ઊર્મિરેખા કિરણવતી, પ્રભાવતી.

ॐ नमः

<u>પાંચ આકાશ અને પંચ પરમેષ્ઠિ</u>

શ્વેતવર્ણ જ્યોતિરૂપ આકાશ = અરિહંત.
તેમાં રક્તવર્ણ જ્યોતિરૂપ પ્રકાશ = સિદ્ધ.
તેમાં ધૂમ્રવર્ણ આકાશ = સાધુ.
તેમાં નીલવર્ણ જ્યોતિરૂપ તત્ત્વાકાશ = ઉપાધ્યાય.
તેની અંદર વિદ્યુતવર્ણ જ્યોતિરૂપ સૂર્યાકાશ = આચાર્ય.

<u>પંચ પરમેષ્ઠિ અને પંચ ગુણ</u>

| | |
|---|---|
| અરિહંત - શ્વેતવર્ણ - ઉપકારગુણધારી છે.<br>સિદ્ધ - રક્તવર્ણ - સ્થિરતાગુણધારી છે. | દેવ |
| સાધુ - શ્યામવર્ણ - સેવાગુણધારી છે. | |
| ઉપાધ્યાય - નીલવર્ણ - જ્ઞાન કે શ્રુતગુણધારી છે.<br>આચાર્ય - પીતવર્ણ - ક્રિયા કે ચારિત્રગુણધારી છે. | ધર્મ |

० अनुबुभूषति यो निजविश्रमं
स गुरुपादसरोरुहमाश्रयेत् ।
तदनुसंस्मरणात् परमं पदं
समरसीकरणं च न दूरतः ॥१॥ सि.सि.सं-५/५९

<u>અર્થ</u>: જે પોતાના વિશ્રામને અનુભવે છે, તે ગુરુ ભગવંતના ચરણકમળનો આશ્રય કરે છે અને તે આશ્રય કરવાથી પરમપદને સમરસ કરવું દૂર નથી.

## ૧૬ આધારના નામ તથા કાર્ય

(૧) પાદાંગુષ્ઠ - જેને નેત્રની દૃષ્ટિને સ્થિર કરે છે.
(૨) મૂલાધાર - પાચનશક્તિના અગ્નિને દીપ્ત કરે છે.
(૩) ગુદાધાર - સર્જનશક્તિ માટે તે સહાયક છે.
(૪) બિન્દુચક્ર - વજ્રોલી નામની મુદ્રાનો સહાયક છે.
(૫) નાડ્યાધાર - મલ, મૂત્ર, કૃમિ આદિ વિનાશક છે.
(૬) નેત્રાધાર - જેને આંખોની જ્યોતિનું પ્રત્યક્ષ છે.
(૭) હૃદયાધાર - રોગ પ્રતિકારકશક્તિ વધારે છે.
(૮) કંઠાધાર - શારીરિક, માનસિક ઉર્જા આપે છે.
(૯) ક્ષુદ્રઘંટિકાધાર - આકાશતત્ત્વને નિર્મળ કરે છે.
(૧૦) તાલ્વન્તાધાર - ખેચરી મુદ્રા માટે અતીવ સહાયક છે.
(૧૧) રસાધાર - શરીરના દરેક રોગોને શમાવે છે.
(૧૨) ઉર્ધ્વદન્તમૂલ - આંતરમનને સ્થિર કરનાર છે.
(૧૩) નાસિકાગ્ર - જ્યોતિને પ્રત્યક્ષ કરવામાં સહાયક છે.
(૧૪) નાસામૂલ - સૂર્યાકાશમાં મનને લીન કરનાર છે.
(૧૫) ભ્રૂમધ્યાધાર - જાગૃતિ આપનાર છે.
(૧૬) (નાદોત્પાદક) નાભિમંડલાધાર - પ્રાણવાયુનો રોધક છે.

ઉપરોક્ત ૧૬ આધાર તો બાહ્યલક્ષ્ય છે, કિન્તુ
ષટ્ચક્ર એ આંતરલક્ષ્ય છે.

## નાદ-બિન્દુ

નાદ એટલે વાણી અને બિન્દુ એટલે શુક્ર.

નાદ અને બિન્દુ બંનેનો સંયમ આવશ્યક છે.

બંનેને સંયમમાં રાખનારો પુરુષ સાક્ષાત્ શિવસ્વરૂપ બને.

માનવની કાયા બિન્દુ દ્વારા નિર્મિત છે, તેથી અશુદ્ધ છે.

મનને ગુરુમુખ કરવાથી તથા તનને અગ્નિમુખ કરવાથી

તન અને મન - બન્નેની અપવિત્રતા મિટાવી શકાય છે.

નશાબાજનું ધ્યાન જૂગારના કાનની જેમ જ અસત્ છે.

પરનિન્દા અને નશાવાળી વસ્તુનું સેવન-

એ બંનેને નરકના દ્વાર માનેલા છે.

ગૃહસ્થ કામ-ક્રોધનો દાસ છે, તેથી તેનું રાજ નિરર્થક છે.

પુસ્તક એ લક્ષ્ય નહિ પણ સાધન છે.

યોગમાર્ગ માત્ર બુદ્ધિવિલાસ નહિ પણ સાધનાનો વિષય છે.

યોગમાર્ગમાં અભ્યાસ જ પ્રધાન વસ્તુ છે, કથન નહિ.

o अवाच्यमुच्यते कथं पदं तत्
अचिन्त्यमप्यस्ति कथं विचिन्त्यते।
अतो यदस्त्येव तदस्ति तस्मै
नमोऽस्तु कस्मै चन नाथ! तेजसे॥

- गो-सि-सं-पृ-५२ (परिशिष्ट-२२)

हकारः कथितः सूर्यः ठकारश्चंद्र उच्यते ।
सूर्याचन्द्रमसोर्योगात् हठयोगो निगद्यते ॥१॥

અર્થાત: 'હ'કાર સૂર્ય કહેલો છે. 'ઠ'કાર ચંદ્ર કહેવાય છે.
સૂર્ય અને ચંદ્રના યોગથી હઠયોગ કહેવાય છે.

સૂર્ય = પ્રાણવાયુ - ઈડાનાડી, ચંદ્ર = અપાનવાયુ - પિંગલાનાડી,
યોગ = વાયુનિરોધ - સુષુમ્ણાનાડીમાં પ્રવેશ.

માનવ શરીરમાં ત્રણ વસ્તુ મુખ્ય છે: બિન્દુ, પ્રાણ, મન.
કોઈ સ્થળે ચોથી વસ્તુ પણ કહી છે, તે છે વાક્ યા વચન.
પ્રાણવાયુને વહન કરવાવાળી જે ૭૨૦૦૦ નાડીઓ છે,
તેમાં સુષુમ્ણા નાડી જ એકમાત્ર સાર્થક છે, કેમકે ફક્ત
તે જ શાંભવીશક્તિસ્વરૂપ છે, બાકી બધી નિરર્થક છે.
હઠયોગ પ્રાણવાયુના અને રાજયોગ મનના નિરોધરૂપ છે.
હકારથી પ્રાણવાયુ બહાર જાય, ઠકારથી અંદર આવે છે.
હઠયોગથી જડતા નષ્ટ થાય છે અને
આત્મા અને પરમાત્મા વચ્ચે અભેદ સિદ્ધ થાય છે.

નાડીશુદ્ધિના છ સાધન - ષટ્કર્મ

નેતિ, ધોતિ, બસ્તિ, ત્રાટક, નૌલિ અને કપાલભાતિ.
નાડીની શુદ્ધિ થવાથી પ્રાણ અને મન અચંચલ બને છે
તથા બિન્દુ ઊર્ધ્વમુખ થઈને સ્થિર થાય છે.

## નાદબ્રહ્મ

ૐ નો અનાહત નાદ નિખિલ બ્રહ્માંડમાં નિરંતર ધ્વનિત થઈ રહ્યો છે. યોગસાધનામાં આગળ વધતાં-વધતાં સૌ પ્રથમ સમુદ્રગર્જન, મેઘગર્જન, ભેરીનાદ, ઝલ્લરીનાદ, શંખનાદ, મર્દલનાદ, ઘંટાનાદ, તાલનાદ, કિંકિણીનાદ, વંશનાદ અને છેલ્લે વાણીઑંકારનો નાદ યોગસાધકને સુણાય. ચિત્તસ્થિર થતા નાદબ્રહ્મ બંધ થઈ આત્મા સ્વરૂપલીન થઈ જાય છે.

૦ માનવમાત્ર અને પ્રાણીમાત્ર પ્રત્યે સ્નેહાર્દ્રતા દાખવવાની સુકુમાર કરૂણાવૃત્તિ એ જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા કરવાનો એક અને અદ્વિતીય માર્ગ છે.

મૈત્રી પવિત્રપાત્રાય । એ ભગવત્તા છે.

મૈત્ર્યાદિ ૪ વૃત્તિઓ જ બ્રહ્માના ૪ મુખ છે. એ ૪ મુખમાં ૪ વેદ સમાયેલાં છે. એક ૐકાર એ સૂક્ષ્મ વેદ છે.

સુખી પ્રત્યે મૈત્રીભાવ, ગુણી પ્રત્યે પ્રમોદભાવ,
દુઃખી પ્રત્યે કરૂણાભાવ અને
દુષ્ટો પ્રત્યે ઉપેક્ષાભાવ જો રખાશે,
તો આખી દુનિયામાં આપણો વિજય છે.

મૈત્રીવિહીન શબ્દના દુરૂપયોગથી સેતુઓ જમીનદોસ્ત અને જળાશયો જેવા જળાશયો પણ ઝેરયુક્ત બની શકે છે.

V.V. Imp.

<u>१५/५/६५, सं. २०२१, वै. सुद १५, शनि</u>

संसारमां जन्म, मरण, जरा, व्याधि, अनिष्टसंयोग अने इष्टवियोगरूपी छ दुःखो तो हंमेशा रहेवानां ज.
विवेकी आ छ दुःखोनुं स्वरूप जो समज लईए तो ते दुःखो टळवां बने छे, सहवामां सहेलां थाय छे.
तृष्णा मरे नहि, त्यां सुधी दुःखनो अंत नथी.
तृष्णा मरी गई, ए पछी तो दुःख रहेतुं ज नथी.
आ स्थितिनुं नाम निर्वाण छे, जे मुक्तजीवोनुं धाम छे.
<u>शक्ति आ सृष्टिने रचे छे, शिव तेनुं पालन करे छे, काल तेनो संहार करे छे तथा नाद तेने मुक्ति आपे छे.</u>
नाद ज एकमात्र मुक्तात्मा छे, शुद्धात्मा छे.
ब्रह्मा, विष्णु अने महेश पण जाणे छे.
सांख्योना दिदृक्षा = शैवोनी सिसृक्षा = जैनोनो सहजमल.
शिव = अपर, परम, शून्य, निरंजन, परमात्म.
शक्ति = निज, परा, अपरा, सूक्ष्मा, कुंडली.
सदाशिव = अहंप्रधान - सामान्य धर्म.
ईश्वर = ईदंप्रधान - बोध स्वभाव.
शुद्ध विद्या = उभयप्रधान - एकरस.
ब्रह्माण्डवर्ति यत् किंचित् तत् पिण्डेऽप्यस्ति सर्वथा ।
<u>अर्थ</u>: ब्रह्मांडमां जे कांई छे, ते पिंडमां पण सर्व प्रकारे छे.

કુંડલ શક્તિનું સંચાલન એ લક્ષ્ય નથી, કિન્તુ
શિવ-શક્તિના સામરસ્યરૂપ સહજ સમાધિ એ લક્ષ્ય છે.
પ્રાણીગણમાં સર્વાધિક સત્વગુણ મનુષ્ય છે.
મનુષ્યનું શરીર યોગ અને તેની સિદ્ધિનું ઉત્તમ સાધન છે,
પરન્તુ શરીર પ્રાપ્ત થવામાત્રથી યોગસિદ્ધિ થતી નથી,
શરીરને સમજવું પણ જોઈએ.
શરીરમાં ૭ ચક્ર, ૧૬ આધાર, ૨ લક્ષ્ય તથા ૫ આકાશ છે.
૨ સ્તંભ, ૯ દ્વાર અને ૫ માલિક છે.
યોગ = ચિત્તવૃત્તિનિરોધ = સમાધિ. તો મોક્ષ એ શું છે?
યત્ર સહજ સમાધિ ક્રમેણ મનસા મનઃ
સમાલોક્યતે સ એવ મોક્ષઃ ।
અર્થાત્: જ્યાં સહજ સમાધિના ક્રમ દ્વારા
મન વડે મનને સમ્યગ્ રીતે જોવાય છે, તે જ મોક્ષ છે.
સહજ સમાધિને સમજવા પાતંજલયોગની પ્રક્રિયા જાણવી.
યોગદર્શન ઉપર નીચેની ૫ ટીકાઓ પ્રસિદ્ધ છે:
વ્યાસભાષ્ય, વિજ્ઞાનભિક્ષુનું વાર્તિક, વાચસ્પતિ મિશ્રની ટીકા,
ભોજદેવની વૃત્તિ અને રામાનંદ યતિની મણિપ્રભા ટીકા.
રજસ્ = અસ્થિર અને બહિર્મુખ - ક્ષિપ્ત ચિત્ત.
તમસ્ = વિવેકશૂન્ય કાર્યાકાર્ય વિચારથી હીન - મૂઢ ચિત્ત.

ચંદ્ર વિના ચંદ્રિકા, વૃક્ષ વિના છાયા, અગ્નિ વિના ધૂપ
તેમ શિવ વિના શક્તિ ન રહેય. તે બંને અભિન્ન છે.

બૌદ્ધસાધનાનું લક્ષ્ય નૈરાત્મ્યભાવ છે.

શાક્તસાધનાનું લક્ષ્ય શિવોપાસના છે.

સર્વાત્મતા સિદ્ધિ = સમસ્ત જાગતિક પ્રપંચોથી અભિન્નતા.
પ્રપંચ = પાંચ વિષયો, તેને જાણનાર ત્રિગુણ-વિશિષ્ટ જીવ.

અજ્ઞાન પણ જ્ઞાનથી અભિન્ન છે.

અવિદ્યા પણ જ્ઞાન કે બ્રહ્મની શક્તિ છે.

અજ્ઞાન એ જ્ઞાન અને અધર્મ એ ધર્મ પણ છે.
એનું તાત્પર્ય બ્રહ્મ અને બ્રહ્મની શક્તિનો અભેદ છે
અને અભેદ સમજણ એ જ 'મુક્તિ' છે.

વિક્ષિપ્ત = સત્ત્વગુણની પ્રધાનતાથી દુઃખના સાધનોને છોડીને
સુખનાં સાધનોની પ્રવૃત્તિ કરવી તે.

એકાગ્ર = બાહ્યવિષયોને છોડી એકાકાર વૃત્તિ રાખવી તે.

નિરુદ્ધ = એકાકાર વૃત્તિની લીનતા કરવી તે.

ક્ષિપ્ત કે મૂઢ = વ્યુત્થાન. વિક્ષિપ્ત = સમાધિનો પ્રારંભ.
એકાગ્ર = એકાગ્રતા. નિરોધ = નિરોધ લક્ષણ પરિણામ.

ક્લેશ = ૫ અવિદ્યાદિ. કર્મ = ૨ શુભાશુભાદિ.
વિપાક = ૩ જન્મ-આયુ-ભોગ. આશય = અનેક-સંસ્કાર.

શ્રદ્ધા = પાર્વતી, વિશ્વાસ = શિવ. શબ્દ = ગુરુ, શ્રોતા = શિષ્ય.
કુલ = શક્તિ (પર્યાય), અકુલ = શિવ (દ્રવ્ય).
બંનેના સંબંધનું સ્થાપન કે સામરસ્ય થવું તે છે કૌલમાર્ગ.
શિવમાંથી 'ઇ' જાય તો 'શવ'. ઇકાર શક્તિવાચક છે.
આચાર = ભીતરમાં શાક્ત, બાહિરે શૈવ, લોકમાં વૈષ્ણવ.

## કૌલજ્ઞાન

સંસારના પદાર્થો 3 વિભાગમાં વિભક્ત છે: જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાન.
જ્ઞાતા = જ્ઞાનનો કર્તા, જ્ઞેય = જ્ઞાનનો વિષય,
જ્ઞાન = જાણવાની ક્રિયા.
જગતના પદાર્થો મારા જ્ઞાનના વિષય = હું જ્ઞાનનો કર્તા.
જગતના બધા પદાર્થોને જાણું છું - એ જ્ઞાન ક્રિયા છે.
એ રીતે એક જ જ્ઞાન સમવાય સંબંધથી જ્ઞાતામાં, વિષયના સંબંધથી જ્ઞેયમાં, તાદાત્મ્ય સંબંધથી જ્ઞાનક્રિયામાં રહે છે.
આ જગત જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનરૂપમાં ત્રિપુટીકૃત છે.
જ્ઞાનરૂપ ધર્મની એકરૂપતા હોવાથી ત્રિપુટીકૃત જગતના સૌ પદાર્થો 'સજાતીય' છે. એક જાતિ અર્થાત્ સજાતીય કુલ તથા તત્સંબંધી જ્ઞાન તે કૌલજ્ઞાન છે.
આમ સમસ્ત જાગતિક પદાર્થોનું ત્રિપુટીભાવે જે જ્ઞાન છે, તે જ કુલજ્ઞાન સ્વરૂપ કૌલજ્ઞાન છે.

જ્ઞાન બ્રહ્મમય છે, બ્રહ્મથી ભિન્ન નહિ. પરિપૂર્ણ અદ્વૈત જ્ઞાન એ જ ચૈતન્યજ્ઞાન. એ જ્ઞાનનો સાધક એટલે ચૈતન્યસાધક.

## જીવના પાંચ બંધન

આત્મામાં અનાત્મબુદ્ધિ, અનાત્મામાં આત્મબુદ્ધિ, જીવોમાં પરસ્પર ભેદનું જ્ઞાન, ઈશ્વર અને આત્મામાં ભેદબુદ્ધિ તથા ચૈતન્યસ્વરૂપ પરબ્રહ્મ આત્માને ભિન્ન સમજવો. આ પાંચે બંધન જ્ઞાનરૂપ છે કેમકે બ્રહ્મશક્તિનો વિલાસ છે.

## ધ્યાન ચિન્તનનો મહિમા

ધ્યેય, લક્ષ્ય, અભિધેય – એ ત્રણે કથંચિત એકાર્થક છે. ધ્યેય એટલે ધ્યાનનો વિષય. ધ્યેય કાંઈક દૂર હોય છે, નજર બહાર હોય પણ લક્ષ્ય આંખોની સામે નજીક હોય.

અભિધેય આ બેયથી નિરાળું છે,
એ સમગ્ર જીવનના ચિન્તનનો વિષય છે.

જીવનભર જીવનના પ્રત્યેક ક્રિયામાં ચિંતવવા જેવી વસ્તુ તે અભિધેય છે. રૂપકધ્યાન અને દૃષ્ટિનો જ નહિ પણ કૃતિ અને ઉક્તિનો પણ જે વિષય હોય તે અભિધેય છે. મન, વચન, કર્મ બધું જ જેમાં પરોવાયેલું રહે તે અભિધેય. જે દિશામાં જીવનના સમસ્ત ચિન્તનને લઈ જવું છે, ઇંદ્રિયોને વાળવા છે, શક્તિઓને તાકવા છે, તે અભિધેય છે.

સુકોમળ હૃદયવાળો માનવ ચેપી રોગની જેમ પારકાના દુઃખને તુરંત ગ્રહણ કરી લે અને પછી વહોરી લીધેલાં એ દુઃખ અને શોકને દૂર કરવા ખાતર એને મદદ કરે છે.
હૃદય અને બુદ્ધિમાં વિરોધ ઉભો થયે હૃદયને અનુસરો.
બુદ્ધિ તર્કના મર્યાદિત કુંડાળામાંથી બહાર નીકળી શકતી નથી.
જ્યાં બુદ્ધિ ક્યારેય ન પહોંચી શકે એવા ઉચ્ચતર ભૂમિકા ઉપર આપણને હૃદય બેસાડી દે છે, જ્યાં સ્વર્ગ મુઠ્ઠીમાં છે તથા સુખ તમારા પગ તળે છે. મુઠ્ઠી વાળવા જેટલી મક્કમતા, વાંકા વળવા જેટલી નમ્રતા હોય તો કશું ય અશક્ય નથી.
સંસારે સાચું આચરનાર સુલભ છે, પણ કહેનાર દુર્લભ છે.

વાઘને કોઈ કહેવા જતું નથી કે તારું મોં ગંધાય છે.

દેનાર વડો છે, લેનાર લઘુ છે.

કોઈના રક્તનું રસીને પછી રક્તને ભળવા સાવ વ્યર્થ છે.
તે એરણની ચોરી કરીને પછી સોયનું દાન દેવા જેવું છે.

જૈન સંસ્કૃતિ અવૈર અને અહિંસાપ્રધાન છે.

સતની બાંધી મુઠ્ઠી છે. સતીયા ઉપર ધરતી નિર્ભર છે.
દ્રવ્ય, સત્તા, બળ અને સુવર્ણ એ ધર્મના પડછાયા છે.

સામાયિકની કિંમત ઘોડા જેટલી છે
ત્રણ ભુવનની સંપત્તિ તેની લગામની કિંમત જેટલી પણ નથી.

આ જીવનમાં દુઃખ અને ગુલામીનું એક કારણ મોટી મહત્વાકાંક્ષા હોય છે. મનુષ્ય જળ પાછળ નહિ પણ મૃગજળ પાછળ દોડતો હોય છે. મનુષ્યને પ્રાપ્તિનું સુખ નહિ પણ જે કાંઈ પ્રાપ્ત થતું નહિ, તેનું દુઃખ તો અવશ્ય જ છે. કાલ્પનિક વસ્તુની પ્રાપ્તિ માટે જીવ મોટાભાગે હેરાન થાય, અપમાન - દુઃખ સહન કરે, એવું જોવામાં આવતું હોય છે.

## કમળ અને સ્વસ્તિક

કમળ એ સાધનાસૂચક અને સ્વસ્તિક એ ધર્મયોગ પ્રેરક છે. ધર્મરૂપી કીચડમાં ઉત્પન્ન થઈ ભોગરૂપી જળથી વૃદ્ધિ પામી બંનેથી અલિપ્ત રહેવું તે કમળની વિશેષતા છે.

કમળનો વિકાસ પ્રકાશથી સૂર્યાભિમુખતાથી થાય છે,
તેમ અલિપ્તતા ઈશ્વરાભિમુખવૃત્તિથી આવે છે.

આમ કમળ અનાસક્ત જીવન, મંગળ દર્શન, પ્રેમ પૂજન અને ઈશ્વરાર્ચન શીખવે છે તથા સ્વસ્તિક એ 'બધાનું શુભ થાઓ, બધાનું ભલું થાઓ' એ ભાવનું પ્રતીક છે.

સ્વસ્તિકના ૪ પાંખડામાં ચારે દિશામાં
સત્ધર્મની સુવાસ ફેલાવવાની ભાવના ભરેલી છે.

દિવ્ય વિચારો અને દિવ્ય કર્મોનો પ્રકાશ વિશ્વના ખૂણે-ખૂણે પ્રસારવાની ભાવના સ્વસ્તિકના પ્રતીકમાં રહેલી છે.

## ચૌદ પૂર્વમાં નવકાર

પરમેષ્ઠિ નમસ્કાર સર્વ શ્રુતાભ્યંતર છે
એટલે નવકાર વિનાનું કોઈ સૂત્ર નથી.
'નવકારપૂર્વક જ સૂત્ર આરાધ્ય બને છે'
એનું તાત્પર્ય એ પણ નીકળે છે કે:
શ્રુત માત્ર નમસ્કારભાવની સિદ્ધિ માટે છે
અથવા નમસ્કાર ભાવપૂર્વક હોય તો જ ફળ આપનારું થાય.
શ્રુતનું ફળ ચારિત્ર છે.
તેના અધિકારી થવા ચારિત્રવાનને નમસ્કાર અપરિહાર્ય છે.
જે ગુણ પામવો છે, તે ગુણને જેઓ પામેલા છે, તેઓ પ્રત્યે
બહુમાનવાળા થયા વિના તે તે ગુણો મેળવી શકાતા નથી.
ધર્મમાત્રનું ધ્યેય ગુણપ્રાપ્તિ છે.
ગુણને નમવાથી જ તે ધ્યેય સિદ્ધ થાય છે.
બૌદ્ધદર્શન મુજબ નામ અમૂર્ત છે અને રૂપ મૂર્ત છે.
મૂલાવિદ્યા = કર્મદ્રવ્ય - વેદાંતદર્શન.
મૂલાવિદ્યા, માયા, શક્તિ, લીલા, પ્રધાન, બુદ્ધિ, મન, રૂપ
એ બધાં પર્યાયવાચક શબ્દો છે.
એક છે દર્શનમાં અલગ-અલગ દર્શનભેદે
તેમાં પરિભાષાભેદ પણ રહેવાનો જ.

## નવકાર પદ

જપી લે શ્રી નવકાર...રે મનવા.
રાત-દિવસ તારો ફોગટ જાયે, કર નવકારનું ધ્યાન.
તારક છે જગમાં એ સુકાની, ગાઓ એનાં ગુણગાન.
હૃદયકમળમાં એને પધરાવો, ધ્યાઓ તેમાં ગુલતાન.
ભવસાગરથી પાર કરાવે, જપી લે થઈ મસ્તાન.

## અવિનાશી આતમરામ

અવિનાશીની સેજડીએ રંગ, લાગ્યો રે મોરી સજની જ,
કેલિ કરંતા ગઈ નવ જાણી, આજની રયણી જ. -૧
માનસરોવર હંસ તણા પરે, મુક્તિ તણાં ફળ ચુગતાં જ,
રાગ - દ્વેષ કી કુંજગલીમેં, આતમરામ શું રમતાં જ. -૨
સાસુ તે દુર્મતિ કામણગારી, સસરો લોભ ધુતારો જ,
પિતા મોહ છે મહાપાપીઓ, માયા માતા ઠગારી જ. -૩
ક્રોધ પાડોશણ કેડ ન મેલે, કંદર્પ દીયર ધીઠો જ,
વિષયવાસના લઈ દેરાણી, તિહાં અવિનાશી દીઠો જ. -૪
એટલાંને અળગાં મેલીને, કંત તણો કર ઝાલ્યો જ,
અવિનાશી વા'લા શું રમતાં, મોહ મત્સર મદ ગાળ્યો જ. -૫
ભાવના ચંદનથી અતિ શીતળ, નાથ નિરંજન વહાલો જ,
રૂપચંદ રસ પ્રેમે પીતાં, તિહાંથી પ્રીત બંધાણા જ. -૬

## શ્રી મહાવીર જિન સ્તવન

વીર જિનેસર ચરણે લાગું, વીરપણું તે માગું રે
મિથ્યા મોહતિમિર ભય ભાંગ્યું, જીતનગારૂં વાગ્યું રે. (૧)
છઉમત્થ વીર્ય લેશ્યા, સંગે, અભિસંધિજ મતિ અંગે રે,
સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. ...(૨)
અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે,
પુદ્ગલગણ તેણે લેશું વિશેષે, યથાશક્તિમતિ લેખે રે. (૩)
ઉત્કૃષ્ટ પ્રદેશે વીર્ય નિવેશે, યોગ ક્રિયા નવિ પેસે રે,
યોગતણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે. ...(૪)
કામ વીર્ય વિશે જેમ ભોગી, તિમ આતમ થયો ભોગી રે,
શૂરપણે આતમ ઉપયોગી, થાયે તેહ અયોગી રે. ...(૫)
વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે,
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે. (૬)
આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે,
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે. (૭)

o

આશય આનંદઘન તણો, અતિ ગંભીર ઉદાર;
બાલક બાહુ પસારિ જિમ, કહે ઉદધિ વિસ્તાર.
- જ્ઞાનવિમલ સૂરિ

ॐ नमः

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૩)**

હે મૂઢ! જેમ મનને સ્ત્રીઓમાં આસક્ત કરે છે, તેમ મૈત્રી આદિમાં ધારણ કરી આત્માનું હિત કર. મૈત્ર્યાદિ ભાવનાઓથી મનોહર અને સુગંધી કરી છે દિશાઓને જેણે, એવા પુરૂષોની પાસે સિદ્ધિરૂપી સ્ત્રીઓ નિશ્ચે સ્વયં આવે છે. ઉદાસીનતા વડે ઉલ્લાસ પામતી મૈત્રીથી પવિત્ર અને સંભ્રમરહિત થયેલા પુરૂષને કોપની જેમ જાતે છોડે છે અર્થાત્ આવા પુરૂષને ક્રોધ ન આવે અને કર્મનો પણ ક્ષય થાય.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૩૨)**

આથી જ અન્ય દર્શનીના શાસ્ત્રમાં રહેલા સત્ય પદાર્થોમાં દોષ બતાવવામાં તે પદાર્થોના મૂળ સમાન ૧૪ પૂર્વ રૂપી સાગરની નિશ્ચે આશાતના થાય છે. તેથી સર્વ તીર્થો કે ધર્મોમાં સર્વ ગુણાત્મક એવું જૈન તીર્થ ભાવથી રહેલું જાણવું, માત્ર લિંગને ધર્મનું કારણ ન જાણવું.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૩૨)**

તેથી જીવો વિવિધ રૂચિવાળા હોવાને કારણે (તેઓ દ્વારા આરાધાતા બીજા ધર્મોરૂપી) બિંદુઓ પણ માધ્યસ્થ્ય બુદ્ધિવાળા જીવોના ચિત્તને શુદ્ધ અથવા નિર્મળ કરનારા કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરનારા થાય છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૩૨)**

આથી જ કુતીર્થિકો વડે જે ધ્યેયના ભેદો કહેવાયા, તે જૈનમતરૂપી સમુદ્રમાં ઝરણાનાં બિંદુપણાને પામે છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૩૯)**

અતિ ઉત્કૃષ્ટ એવા પુણ્ય અને પાપ દ્વારા ૩ વર્ષ, ૩ માસ, ૩ પખવાડિયાં અથવા તો ૩ દિવસ વડે અહીં જ (આ જ ભવમાં) ફળને પામે છે.

ॐ नमः

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૪૧)**

ગૃહસ્થના પાપબંધના પાંચ સાધનો છેઃ ચૂલો, ઘંટી, સાવરણી, ખાંડણી અને પાણીનો ઘડો, કે જેને વહન કરતો ગૃહસ્થ કર્મથી બંધાય છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૪૬)**

અહીં (કર્મરોગમાં) ગુરૂ એ શરણભૂત છે, તપ એ ચિકિત્સારૂપ ક્રિયા છે, સ્વાધ્યાય એ મોહરૂપી વિષનો વિનાશ કરનાર શ્રેષ્ઠ મંત્ર છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૫૪)**

મહામુનિને દરેક આત્મા સમાન છે, એ રીતે ભાવિત કરેલા શુદ્ધ પર્યાયો અને તુચ્છ હોવાને કારણે અશુદ્ધ પર્યાયો મહામુનિને અભિમાન માટે થતા નથી.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૭૭)**

અપવિત્ર કે પવિત્ર, સુખી કે દુઃખી વ્યક્તિ જો નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરે, તો તે સર્વ પાપોથી મુક્ત થાય છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૯૭)**

'આપો' એ વચન સાંભળીને દેહમાં રહેલા પાંચ દેવતા : શ્રી - હ્રી - ધી - ધૃતિ અને કીર્તિ - એ સર્વ મુખમાંથી નીકળીને જતા રહે છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૧૦)**

ઇચ્છાએ કે અનિચ્છાએ જે શુભાશુભ કરૂં છું, તે સર્વ તને સમર્પિત કરૂં છું, કારણકે તારાથી પ્રેરાયેલો હું કાર્ય કરૂં છું.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૨૨)**

દરેક પ્રાણી આશાની ખાઇમાં ડૂબેલો છે. એની (આશાની) આગળ વિશ્વ પણ અણુ જેવું લાગે છે, તો કોને-શું-કેટલું મળે?
ખરેખર વિષયોની અભિલાષા નિરર્થક જ છે.

ॐ नमः

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૨૪)**
એક ત્યાગ ગુણ જ પ્રશંસા કરવા યોગ્ય છે. અન્ય સેંકડો ગુણો વડે શું? ત્યાગથી જ જગતમાં પશુ, વૃક્ષો અને પાષાણ પણ પૂજાય છે.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૬૩)**
દુર્ભાગી પણ મુક્તિસ્ત્રીને આકર્ષણ કરી શકે, ઈન્દ્રાણીઓને વશ કરે એવું કરતો, અશુભને ઉખેડતો, આંતરશત્રુઓ પ્રત્યે દ્વેષ રચતો, ભવોભવની વિપત્તિને સ્તંભન કરતો, મોહને મોહ પમાડતો એવો નમસ્કાર મહામંત્રાધિરાજ પુરૂષોને તીર્થંકરલક્ષ્મી પ્રાપ્ત કરાવે છે. - સં. ૨૦, શ્લોક ૭૪, પૃ.૫૭૪

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૬૩)**
પુષ્પ, પ્રદીપ, અક્ષત, ધૂપ, સોપારી વડે પ્રતિમાને પૂજીને જેઓ શ્રી પરમેષ્ઠિમંત્રનો ૧ લાખ વખત જાપ કરે છે, તે તીર્થંકર થાય છે. - વિંશતિ સ્થા.ક્ર. પૃ. ૫

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૭૮)**
શ્રેષ્ઠ એવું પંચેન્દ્રિયપણું મેળવીને સર્વ જીવોએ આત્મહિત કરવા યોગ્ય છે, જે પરોપકારથી થાય છે. (૫૫) જિનેશ્વર ભગવંતના વચનાનુસાર સારી રીતે બીજાનું હિત કરાય, તે પોતાના પણ હિતરૂપે પરિણમે છે, તેમાં કોઈ સંદેહ નથી. (૫૬)

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૭૯)**
બીજાને આંગળી ચીંધીને પોતાનું કલ્યાણ કરવા ઈચ્છે છે, એવા જિનશાસનથી બાહ્ય જીવો તાત્ત્વિક આત્મહિતને જાણતા નથી. (૫૭) - સુપાસનાહ ચરિયં

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૭૯)**
પોતાનાથી જૂદા એટલે કે બીજા વ્યક્તિનો જે ઉપકાર કરે છે, તે ઉપકાર પોતાના ઉપકારના અનુબંધવાળો હોવાથી ભવિષ્યના સ્વહિત માટે જ થાય છે, માટે જ કહ્યું છે કે : પરોપકાર કરવા યોગ્ય છે. - ઉપદેશ રહસ્ય.ગા.૧૯૨

ૐ નમઃ

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૭૯)**

પરોપકારપૂર્વકની સ્વોપકાર પ્રવૃત્તિ જ ઉદાર આશયને બતાવે છે, માટે જ પહેલા પરોપકારમાં પ્રવર્તવું યોગ્ય છે. - ઉત્તરાધ્યયન મોટી ટીકા

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૭૯)**

સજ્જનોને માન્ય સર્વ પ્રકારે સર્વ પાપોની નિવૃત્તિ (સર્વવિરતિ) ગુરૂને ઉદ્વેગ કરનારાને વાસ્તવિક રીતે કદાપિ પ્રાપ્ત થતી નથી. (૧)
સર્વવિરતિનું પહેલું મંગલ જ ગુરૂની સેવા છે. સર્વવિરતિ અને ગુરૂની સેવા એ બંને કાર્યો ધર્મપ્રવૃત્ત થયેલા મનુષ્ય માટે પૂજાનું મોટું સ્થાન છે. (૨)
તે પુરૂષ લોકમાં કૃતજ્ઞ છે, તે ધર્મગુરૂનો પૂજક છે, તે શુદ્ધ ધર્મને ભજનારો છે, જે આ બંનેને સ્વીકારે છે. (૩)
જગતમાં સર્વ જીવો પ્રત્યે કે શત્રુ અને મિત્ર પ્રત્યે જીવનપર્યંતની સમતાસ્વરૂપી પ્રાણાતિપાતની વિરતિ દુષ્કર છે.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૮૦)**

શ્વેતાંબર હોય કે દિગંબર, બુદ્ધ હોય કે અન્ય હોય પણ સમતાથી ભાવિત આત્મા હોય તો મોક્ષ મેળવે તેમાં શંકા નથી. (૧) જિનેશ્વરો વડે કંઈ પણ અનુજ્ઞા અપાઈ નથી કે કંઈ પણ નિષેધ કરાયો નથી. તેમની આજ્ઞા એ છે કે કાર્યમાં સત્યપણે રહેવું (માયા ન કરવી). (૨) રોગની અવસ્થામાં શમનની જેમ જેના વડે દોષો અટકાવાય છે, જેના વડે પૂર્વ કર્મો ખપે છે, તે સર્વ મોક્ષના ઉપાયો છે. (૩)


**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૨૦૦)**

ન બોલી શકાય એવું તે પદ કેવી રીતે બોલી શકાય? અચિન્ત્ય એવું પણ તે કેવી રીતે વિચારાય? આથી જ જે છે, તે તેને માટે જ છે. તેથી હે નાથ! કયા તેજ માટે નમસ્કાર હો?




ઉપર દર્શાવેલ ૫ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૩-૧૯૬૫ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# ૐકારનો અર્થ




હૃદયકમળમાં રહેલ પંચપરમેષ્ઠિ પદ વાચક
તથા મસ્તકમાં રહેલા
ચંદ્રકલામાંથી ઝરતા અમૃતના રસે કરી ભીંજાતા
મહામંત્ર પ્રણવ-ૐકારને કુંભક કરીને ચિંતવવો.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in